દૈનિક
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
# મુંબઈ સમાચાર
R.N.I. No. GUJ GUJ /2013/58486
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 151 ■ વિક્રમ સંવત ૨૦૮૨
નિજ જયેષ્ઠ સુદ-૧૩ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 27 June 2026, Saturday ■ REGD.No. MCS/058/2018-20
શનિવાર, ૨૭ જૂન ૨૦૨૬, (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૫ ૬ ૭
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

મોદી રવિ-સોમમાં ગંજીફો ચીપે એવી અટકળો

## શક્તિકાંતા દાસ નાણાં પ્રધાન બનશે?

▸ શ્રીકાંત શિંદેને કેન્દ્રીય પ્રધાન બનાવાની શક્યતા ▸ ‘નીટ’ વિવાદ ધર્મેન્દ્ર પ્રધાનનો હોદ્દો છીનવશે?

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદી રવિવાર કે સોમવારે કેન્દ્રના પ્રધાનમંડળમાં ફેરફાર કરે એવી શક્યતા છે. ભારતીય રિઝર્વ બૅન્ક (આરબીઆઇ)ના ભૂતપૂર્વ ગવર્નર અને વડા પ્રધાનના ભૂતપૂર્વ મુખ્ય સચિવ શક્તિકાંતા દાસને કેન્દ્રના કેબિનેટમાં સ્થાન અપાય એવી આશા છે, જ્યારે નિર્મલા સીતારમણને માનવ સંસાધન વિકાસ ખાતું અપાય એવી શક્યતા હોવાનું કહેવાય છે. તેથી નાણાં પ્રધાન તરીકે શક્તિકાંતા દાસનું નામ પણ ચર્ચાઇ રહ્યું છે.લોકસભાના સાંસદ શ્રીકાંત શિંદે અને બિહારના મુખ્ય પ્રધાન નીતીશ કુમારનો કેન્દ્રના કેબિનેટમાં સમાવેશ થવાની આશા રખાય છે. દરમિયાન, મેડિકલ કૉલેજોમાંની પ્રવેશ પરીક્ષા ‘નીટ’ના પ્રશ્નપત્ર ફૂટવાની ઘટનાને લઇને દેશભરમાં ઊભા થયેલા વિવાદથી શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનની પાસેથી ખાતું છીનવી લેવાય એવી સંભાવના પણ છે.

આ ઉપરાંત, પેટ્રોલિયમ પ્રધાન હરદીપ પુરીને સ્થાને કદાચ પંજાબના કોઇ શીખ નેતાની નિમણૂક થવાની શક્યતા હોવાનું પણ ચર્ચાઇ રહ્યું છે. આ હોદ્દા માટે રાઘવ ચઢ્ઢાનું નામ પણ આગળ પડતું હોવાનું કહેવાય છે.

મોદી રાષ્ટ્રપ્રમુખ દ્રૌપદી મુર્મૂને ગયા અઠવાડિયે મળ્યા હોવાથી કેન્દ્રના પ્રધાનમંડળમાંના સંભવિત ફેરફાર અંગે ચર્ચા થઇ રહી છે.

પંજાબ વિધાનસભાની આગામી ચૂંટણીને ધ્યાનમાં રાખીને પંજાબના વધુ નેતાઓને પ્રધાનમંડળમાં સ્થાન મળવાની આશા રખાય છે.

નિર્મલા સીતારમણ, નીતિન ગડકરી અને મનોહરલાલ ખટ્ટરના મંત્રાલયોમાં ફેરફારની શક્યતા હોવાનું કહેવાય છે.

પશ્ચિમ બંગાળમાં તૃણમૂલ કૉંગ્રેસના બળવાખોર ૨૦ સાંસદમાંથી કોઇને કેન્દ્રના પ્રધાન બનાવાય એવી સંભાવના પણ છે, કારણ કે આ બળવાખોર સાંસદોએ એનડીએને પોતાનો ટેકો જાહેર કરી દીધો છે.

કેન્દ્રના પ્રધાનમંડળમાં હાલમાં પંજાબના સાંસદોનું ઓછું પ્રતિનિધિત્વ છે.

શિરોમણિ અકાલી દળનાં નેતા હરસિમરત કૌર બાદલે ૨૦૨૦માં કૃષિ કાયદાના વિરોધમાં રાજીનામું આપ્યું હતું. રણવીત સિંહ બિટ્ટુને ફરી રાજ્યસભાના સાંસદ નથી બનાવાયા.

## ઑપરેશન સિંદૂરમાં શહીદ છ સૈનિકનાં નામ જાહેર કરાયાં

નવી દિલ્હીઃ ગયા વર્ષે મે મહિનામાં પાકિસ્તાન અને પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં આતંકવાદી માળખાનો નાશ કરવા માટે ચલાવવામાં આવેલા ‘ઓપરેશન સિંદૂર’ દરમિયાન રાષ્ટ્ર માટે પોતાના જીવનું બલિદાન આપનારા છ ભારતીય સૈનિકોના નામ સરકારે સત્તાવાર રીતે જાહેર કર્યા છે.

આ છ શહીદોના નામ નેશનલ વૉર મેમોરિયલની વેબસાઇટ પર રોલ ઓફ ઓનર ખંડમાં પ્રકાશિત કરવામાં આવ્યા છે અને નવી દિલ્હી સ્થિત નેશનલ વૉર મેમોરિયલમાં પણ તેમના નામ અંકિત કરવામાં આવ્યા છે. આ પ્રથમવાર છે જ્યારે સરકારે આ ઓપરેશન દરમિયાન ભારતીય સશસ્ત્ર દળોને થયેલા નુકસાનનો જાહેર અને સત્તાવાર રીતે સ્વીકાર કર્યો છે.

નેશનલ વૉર મેમોરિયલની વેબસાઈટ અનુસાર, વર્ષ ૨૦૨૫ના ખંડમાં સ્મારકની થ્રી-ડી વોલ પર શહીદોના નામ કોતરવામાં આવ્યા છે, જે રાષ્ટ્રની સેવામાં પોતાના જીવનનું બલિદાન આપનારા સૈન્ય કર્મીઓ હતા. રાષ્ટ્ર માટે સર્વોચ્ચ બલિદાન આપનારા આ છ બહાદુરોમાં મુખ્યાલય ૧૦ ઇન્ફન્ટ્રી બ્રિગેડના સુબેદાર મેજર પવન કુમાર, ફોર જમ્મુ અને કાશ્મીર લાઇટ ઇન્ફન્ટ્રીના રાઇફલમેન સુનિલ કુમાર (વીર ચક્ર), ફાઇવ ફિલ્ડ રેજિમેન્ટના લાન્સ નાયક દિનેશ કુમાર, ૮૫૧ લાઇટ રેજિમેન્ટના એવિએશન ટેકનિશિયન મૂડ મુરલીનાયક, ૨૩૭ ફિલ્ડ વર્કશોપ કંપનીના હવાલદાર સુનિલ કુમાર સિંહ, સાર્જન્ટ સુરેન્દ્ર કુમાર, વાયુ સેના મેડલ (૩૯ વિંગ)નો સમાવેશ થાય છે.

મે, ૨૦૨૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચેના ચાર દિવસના સંઘર્ષ દરમિયાન લશ્કરી નુકસાન અંગેના અહેવાલો અને અટકળો છતાં સરકારે હજુ સુધી ઓપરેશન સિંદૂરમાં માર્યા ગયેલા સૈનિકોની ઓળખ સત્તાવાર રીતે જાહેર કરી ન હતી. નેશનલ વોર મેમોરિયલના ‘રોલ ઓફ ઑનર’ પર નામોનું પ્રકાશન એ ઓપરેશન દરમિયાન જીવ ગુમાવનારા સશસ્ત્ર દળોના કર્મચારીઓના મૃત્યુની પ્રથમ સત્તાવાર પુષ્ટી છે.

૭ મે, ૨૦૨૫ના રોજ વહેલી સવારે ઓપરેશન સિંદૂર શરૂ કરવામાં આવ્યું હતું. આ ઓપરેશન બાવીસ એપ્રિલના રોજ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના અઠવાડિયા પછી કરવામાં આવ્યું હતું, જેમાં ૨૬ નાગરિકો માર્યા ગયા હતા, જેમાં મોટાભાગના પ્રવાસીઓ હતા. ઓપરેશન સિંદૂરમાં ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાન અને પીઓકેમાં નવ આતંકવાદી ઠેકાણાઓ પર સચોટ હુમલાઓ કર્યા. આ હુમલાઓ મુખ્યત્વે જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબા સાથે જોડાયેલા આતંકવાદી માળખાને નિશાન બનાવાયા હતા.

## રામ મંદિર ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયનું રાજીનામું

▸ ટ્રસ્ટી અનિલ મિશ્રાએ પણ હોદ્દો છોડ્યો ▸ પકડાયેલા આઠેય આરોપીને અદાલતી કસ્ટડી

અયોધ્યા (ઉત્તર પ્રદેશ): શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયે મંદિરના દાનની રકમ અને અન્ય મૂલ્યવાન ચીજોની ચોરીના સંબંધમાં પોતાની ‘નૈતિક જવાબદારી’નું કારણ આપીને હોદ્દા પરથી રાજીનામું આપ્યું હતું. ટ્રસ્ટી અનિલ મિશ્રાએ પણ હોદ્દો છોડ્યો હતો.

મંદિરમાંની ચોરીના સંદર્ભે પકડાયેલા આઠ જણના નામ પોલીસના પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર)માં છે.

શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય કૃષ્ણ મોહનની ફરિયાદને પગલે એફઆઇઆર નોંધાયો હતો.

એક અધિકારીએ પોતાનું નામ જાહેર નહિ કરવાની શરતે જણાવ્યું હતું કે પકડાયેલા આઠેય જણની ચોરીની તપાસમાં અયોધ્યા ખાતે જ પૂછપરછ કરાઇ રહી છે. અદાલતમાં આઠેય આરોપીને રજૂ કરતા કોર્ટે ૨૯ જૂન સુધી તેમને અદાલતી કસ્ટડી આપી હતી. તપાસકારોએ આ આઠ આરોપી પાસેથી ૭૯.૮૫ લાખ રૂપિયા જપ્ત કર્યા હતા.

અયોધ્યાના એસએસપી ગૌરવ ગ્રોવરે જણાવ્યું હતું કે આરોપીઓ અમારા તાબામાં છે. તેઓની પ્રાથમિક પૂછપરછ બાદ તેઓને અદાલતમાં રજૂ કરાયા હતા. બધા આરોપી હાલમાં અયોધ્યામાં જ છે.

રામમંદિરના દાનની રકમ અને મૂલ્યવાન ચીજોની ચોરીમાં પકડાયેલા આઠ જણમાં અવિનાશ શુકલ, અનુકલ્પ મિશ્રા, લવકુશ મિશ્રા, મનીષકુમાર યાદવ, કરુણેશ પાણ્ડેય, રામશંકર મિશ્રા, સુભાષ શ્રીવાસ્તવ અને રામશંકર યાદવ ઉર્ફે ટીનુનો સમાવેશ થાય છે. તેઓના નામ એફઆઇઆરમાં છે. અગાઉ, ઉત્તર પ્રદેશ સરકારને તપાસ માટે ખાસ ટીમ (સિટ) રચવા પ્રાથમિક અહેવાલમાં ભલામણ કરાઇ હતી.

આરોપીઓ સામે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૬૧ (ગુનાઇત ષડ્યંત્ર), ૩૧૭ (ચોરીનો માલ અપ્રામાણિક બની સ્વીકારવો), ૩૧૬ (વિશ્વાસનો ભંગ કરવો) અને ૩૦૬ (મિલકતની કલર્ક કે સેવક દ્વારા ચોરી કરવી)માંની જોગવાઇ તેમ જ અન્ય કેટલીક કલમ હેઠળ આરોપ મુકાયા છે.

રામમંદિરમાંની ચોરીની જાણ થતાં સાત જૂને વિવાદ બહાર આવ્યો હતો. ઉત્તર પ્રદેશ સરકારે શ્રી રામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટની વિનંતિને પગલે તપાસ માટે ખાસ ટીમ (સિટ) ૧૩ જૂને રચી હતી અને તેણે ૨૩ જૂને સરકારને પ્રાથમિક અહેવાલ સુપરત કર્યો હતો. ‘સિટ’ની ભલામણને આધારે પચીસ જૂને એફઆઇઆર નોંધાયો હતો.

પકડાયેલા આરોપી ટીનુએ ‘ઇર્ષ્યાળુ લોકો’એ પોતાની વિરુદ્ધ કાવતરું ઘડ્યું હોવાનો વળતો આક્ષેપ કર્યો હતો.

વિપક્ષના નેતાઓ એફઆઇઆરને ‘ઢોંગ’ ગણાવે છે. (એજન્સી)



આંદામાન-નિકોબાર ટાપુમાં સંયુક્ત કાર્યવાહીની તૈયારીના ભાગરૂપ હાથ ધરવામાં આવેલા ડ્રીલ દરમિયાન બીચ લૅન્ડિંગ કવાયત સમયે હેલિકૉપ્ટરમાંથી બહાર નીકળી રહેલા આંદામાન ઍન્ડ નિકોબાર કમાન્ડ (એએનસી)ના અધિકારીઓ. (એજન્સી)

## રશિયા પર યુક્રેનનો મોટો ડ્રોન હુમલોઃ રિફાઇનરીઓમાં લાગી આગ

કીવઃ રશિયન હવાઈ સંરક્ષણ દળોએ ૧૨ રશિયન પ્રદેશો તેમજ રશિયાના કબજા હેઠળના ક્રિમીયન દ્વીપકલ્પ, કાળો સમુદ્ર અને એઝોવ સમુદ્ર પર રાત્રિના સમયે થયેલા મોટા હુમલામાં ૬૬૦ યુક્રેનના ડ્રોનને અટકાવ્યા હતા, એમ રશિયાના સંરક્ષણ મંત્રાલયે શુક્રવારે જણાવ્યું હતું.

આ હુમલામાં રશિયાની રિફાઇનરીઓમાં આગ લાગી હતી.

ચાર વર્ષ કરતાં વધુ સમય પહેલાં રશિયાના યુક્રેન પર સંપૂર્ણ પાયે આક્રમણ પછી રશિયન પ્રદેશો અને ગેરકાયદે રીતે કબજે કરેલા ક્રિમીઆ પરના આ સૌથી મોટા ડ્રોન હુમલાઓમાંનો એક હોવાનું જણાય છે.

રશિયાના યુદ્ધમાં ઘૂસણખોરીનો સામનો કરવાના પ્રયાસમાં, યુક્રેનના લાંબા અંતરના ડ્રોન મહિનાઓથી ફ્રન્ટ લાઇન પાછળ અને રશિયાની અંદર તેલ ઉત્પાદન અને ઉર્જા સુવિધાઓ સહિતના લક્ષ્યોને નિશાન બનાવી રહ્યા છે.

પશ્ચિમી અધિકારીઓ અને વિશ્લેષકો કહે છે કે આ ઝુંબેશથી રશિયન ઇંધણ પુરવઠો અને લશ્કરી ડિલિવરી ખોરવાઈ ગઈ છે, જેના કારણે યુદ્ધના મેદાનમાં રશિયાના પ્રયાસો સ્થગિત થઈ ગયા છે, અને રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન પર દબાણ વધ્યું છે.

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ ઍક્સ પર રોજ કહ્યું હતું કે તેમણે ૪૦ દિવસના ઈન્ફ્લુએન્સ ઓપરેશનનો આદેશ આપ્યો છે, જે માનવામાં આવે છે કે હુમલાઓમાં વધારો થશે, જેનો હેતુ (રશિયા) ને યુદ્ધનો અંત લાવવા માટે મજબૂર કરવાનો છે.

તુલા ગવર્નર દિમિત્રી મિલ્યાયેવે એક ઓનલાઈન નિવેદનમાં જણાવ્યું હતું કે મોસ્કોની દક્ષિણે તુલા પ્રદેશમાં, હુમલાથી એક ખાનગી ઘરને નુકસાન થયું હતું અને એક મહિલા ઘાયલ થઈ હતી. હુમલાથી થયેલા નુકસાનના અહેવાલો બહાર આવવા લાગ્યા હતા.

તેમણે એમ પણ કહ્યું હતું કે નોવોમોસ્કોવસ્ક શહેરમાં એક પાવર લાઇનને નુકસાન થયું હતું અને એક ઔદ્યોગિક સુવિધાને નુકસાન થયું હતું.

રશિયન સ્વતંત્ર ઓનલાઈન આઉટલેટ એસ્ટ્રાએ અહેવાલ આપ્યો હતો કે નોવોમોસ્કોવસ્કમાં એક કેમિકલ પ્લાન્ટ અને એક હાઇડ્રોઇલેક્ટ્રિક પ્લાન્ટ પર હુમલો કરવામાં આવ્યો હતો અને આગ લાગી હતી.

એસોસિએટેડ પ્રેસ સ્વતંત્ર રીતે અહેવાલની ચકાસણી કરી શક્યું નથી, અને કોઈ સત્તાવાર પુષ્ટિ મળી નથી.

મોસ્કોના મેયર સેરગેઈ સોબ્યાનિને પણ અહેવાલ આપ્યો હતો કે રશિયન રાજધાની તરફ ઊડતી વખતે ૪૭ ડ્રોન તોડી પાડવામાં આવ્યા હતા. તેમણે કોઈ જાનહાનિ કે નુકસાનની જાણ કરી નથી.

## ઝારખંડમાં અકસ્માત, આઠ જણનાં મોત

રામગઢઃ ઝારખંડના રામગઢ જિલ્લામાં ગુરુવારે મધરાતે એક અકસ્માતમાં આઠ લોકોના મોત થયા છે. રામગઢ જિલ્લાના રાજરપ્પા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પાસે એક મુસાફર વાહન અને ટ્રક વચ્ચે થયેલી ટક્કરમાં આઠ લોકોના મોત થયા હતા.

રામગઢ જિલ્લાના રાજરપ્પા પોલીસ સ્ટેશન વિસ્તારના લારીમાં રામગઢ-બોકારો રોડ પર રાત્રે લગભગ ૧૨ વાગ્યે એક ટ્રક અને મુસાફર વાહન વચ્ચે ટક્કર થઈ હતી. વાહનમાં સવાર બેન્ડવાળા સભ્યો ગંભીર રીતે ઘાયલ થયા હતા. રામગઢ પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં મૃત્યુ પામેલા લોકોમાં રાજરપ્પા પોલીસ સ્ટેશન વિસ્તારના મરાંગમાર્ચાના રહેવાસીઓ પણ સામેલ છે.

મહત્વનું છે કે જે ટ્રકે મુસાફર વાહનને ટક્કર મારી હતી તે કોલસાથી ભરેલી હતી. આ ટક્કર એટલી જોરદાર હતી કે આઠ લોકોએ ઘટનાસ્થળે જ પોતાનો જીવ ગુમાવ્યો હતો. આ અકસ્માત બાદ ગુસ્સે ભરાયેલા ગ્રામજનોએ રસ્તો જામ કરી દીધો હતો, ત્યાર બાદ પોલીસને આ ઘટનાની જાણ કરવામાં આવી હતી.

ઘટનાની માહિતી મળતા જ રામગઢ પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. રસ્તો જામ કરીને બેઠેલા લોકોને પોલીસ પ્રશાસન સમજાવવાનો પ્રયાસ કર્યો. આ અકસ્માત રામગઢ-બોકારો નેશનલ હાઈવે ૨૩ પર થયો હતો. ગ્રામજનો દ્વારા રસ્તો જામ કરવાને કારણે હાઈવે પર ભારે ટ્રાફિક જામ થઈ ગયો હતો, જેના લીધે વાહનોની લાંબી લાઈનો લાગી ગઈ હતી.

## ‘સિટ’ના અહેવાલ પછી તરત કાર્યવાહી કરાઇઃ યોગી

દેવરિયાઃ મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે શુક્રવારે કહ્યું કે સિટ દ્વારા રિપોર્ટ રજૂ કર્યા પછી તરત જ અયોધ્યામાં રામ મંદિરમાં દાનની ઉચાપતના આરોપીઓ સામે પોલીસ કાર્યવાહી શરૂ થઈ ગઈ હતી.

યુપી પોલીસે ગુરુવારે રાત્રે એફઆઈઆરમાં નામ આપવામાં આવેલા તમામ આઠ વ્યક્તિની ધરપકડ કર્યા બાદ દેવરિયામાં એક સંબોધન દરમિયાન તેમણે કહ્યું કે, કોઈપણ દોષિત ઠરે છે તેને બક્ષવામાં આવશે નહીં.

આદિત્યનાથે આ વિવાદને કેટલાક રાજકીય પક્ષો દ્વારા હતાશામાં રામ ભક્તોને નિશાન બનાવવા અને અયોધ્યાને બદનામ કરવાનો પ્રયાસ ગણાવ્યો હતો.તેમણે કહ્યું કે જ્યારે તેમને બીજું કંઈ મળ્યું નહીં, ત્યારે તેઓ લોકોની શ્રદ્ધા સાથે રમવા લાગ્યા. તેઓ રામ ભક્તો પર આરોપો લગાવી રહ્યા છે અને અયોધ્યા ધામને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

અયોધ્યા આપણા બધાની અને સનાતન ધર્મની શ્રદ્ધાનું પ્રતીક છે. અયોધ્યા પર ખરાબ નજર ન નાખો. ભગવાન રામની ગરિમા જાળવી રાખતા શીખો. અમે કહ્યું હતું કે એક વિશેષ તપાસ ટીમ (સીટ) ની રચના કરવામાં આવી છે અને તેનો અહેવાલ મળતાં જ કાર્યવાહી શરૂ થશે, તેવું આદિત્યનાથે ૧૯ જૂને અયોધ્યામાં કરેલી ટિપ્પણીને યાદ કરતા કહ્યું હતું.

સિટ રિપોર્ટ આવ્યો અને તરત જ કાર્યવાહી શરૂ થઈ ગઈ. હું તમને ખાતરી આપું છું કે, જેમ મેં કહ્યું હતું તેમ, અમે સત્યને અસત્યથી અલગ કરીશું, એવું તેમણે કહ્યું હતું.

યોગીએ કહ્યું કે કોઈને પણ લોકોની શ્રદ્ધા સાથે રમવા દેવામાં આવશે નહીં અને દોષિત ઠરનારા કોઈ પણ સામે કડક કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી.તેમણે કહ્યું હતું કે જનતાની ભાવના સાથે રમત અસ્વીકાર્ય છે. જે કોઈ સનાતન ધર્મની શ્રદ્ધા સાથે છેડછાડ કરશે તેને પરિણામ ભોગવવું પડશે. કોઈને પણ છૂટ આપી શકાય નહીં.

## હોર્મુઝ ટોલ ટેક્સ દ્વારા વર્ષે ૪૦ અબજ ડોલરની કમાણી કરવા માગે છે ઈરાન

તહેરાનઃ અમેરિકા અને ઇરાન વચ્ચેનું યુદ્ધ અટક્યા પછી હોર્મુઝ સામુદ્રીધુનીમાં જહાજો પાસેથી ફી વસૂલવાના પ્લાનને લાગુ કરવા માટે ઇરાનની ઓમાન અને અન્ય પાડોશી દેશો સાથે વાતચીત ચાલી રહી છે. તહેરાન આ પ્લાન દ્વારા હોર્મુઝમાંથી દર વર્ષે અંદાજે ૪૦ અબજ ડોલર કમાવવાની યોજના બનાવી રહ્યું છે. ઇરાને હોર્મુઝ સ્ટ્રેટ વિશે વારંવાર સ્પષ્ટ કર્યું છે કે તે અહીંથી પસાર થતા જહાજો પાસેથી ટોલ ટેક્સ વસૂલશે.

હોર્મુઝને લઈને ઇરાન એક મોટા પ્લાન પર કામ કરી રહ્યું છે. તહેરાનને આશા છે કે આ મહત્ત્વપૂર્ણ દરિયાઈ માર્ગ પર સુરક્ષા અને પર્યાવરણને લગતી સેવાઓ બદલ જહાજો પાસેથી ફી વસૂલીને વાર્ષિક ૪૦ અબજ ડોલર સુધીની કમાણી કરી શકાય છે. આ માટે તેની અખાતી દેશો અને અન્ય સહયોગીઓ સાથે ચર્ચા ચાલી રહી છે.

’ઇસ્લામાબાદ મેમોરેન્ડમ’માં હોર્મુઝના ભવિષ્યના સંચાલનનો ઉલ્લેખ છે, પરંતુ તેમાં ટ્રાન્ઝિટ ફી (પસાર થવા માટેની ફી)ની કોઈ જોગવાઈ નથી. ઇરાનનો નવો પ્રસ્તાવ કાયમી કમાણી કરી આપતું એક મેનેજમેન્ટ મોડલ છે. આ અંતર્ગત હોર્મુઝથી પસાર થતા જહાજો સુરક્ષા અને પર્યાવરણની સુરક્ષા સંબંધિત સેવાઓ માટે ઈરાનને એક નક્કી કરેલી રકમ ચૂકવશે. ઇરાનના અધિકારીઓનું માનવું છે કે હોર્મુઝની ખાડી ખુલવાને કારણે આ દરિયાઈ માર્ગના સંચાલનને નવેસરથી નક્કી કરવાની તક મળી છે. ઇરાન ઈચ્છે છે કે આ યોજનામાં પાડોશી અખાતી દેશો, ખાસ કરીને ઓમાન સામેલ થાય અને કમાણીમાં હિસ્સો મેળવે. ઇરાન કથિત રીતે ચીન જેવા દેશો સામે પણ આ પ્લાન રજૂ કર્યો છે.ઇરાન પોતાનો પ્રસ્તાવ તૈયાર કરવા માટે આંતરરાષ્ટ્રીય ઉદાહરણોનો અભ્યાસ કરી રહ્યું છે. ઇરાની અધિકારીઓએ ખાસ કરીને ’ડાર્દાનેલ્સ સામુદ્રીધૂની’ના તૂર્કીના સંચાલનને એક મોડલ તરીકે જોયું છે. ૧૯૩૬ના મોન્ટ્રો કન્વેન્શન (કરાર) હેઠળ, તુર્કી આ દરિયાઈ માર્ગ પર જહાજો પાસેથી લાઈટહાઉસ, બચાવ કામગીરી અને સ્વચ્છતા સેવાઓ માટે ફી વસૂલે છે.

વૅનેઝૂએલામાં આવેલા ભૂકંપમાં ૨૩૫ જણનાં મોત અને ઓછામાં ઓછા ૪,૩૦૦ જણ ઘાયલ થયા હોવા વચ્ચે તેમની મદદ માટે રાહત પુરવઠો, દવા, તબીબી ઉપકરણો અને ફિલ્ડ હૉસ્પિટલ યુનિટ રવાના કરવામાં આવ્યા હતા. (એજન્સી)



એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ચંપત રાય દૂધે ધોયેલા હતા તો કશું કર્યું કેમ નહીં?

**અયોધ્યા** રામ મંદિરમાં ચોરીના કેસમાં અંતે મંદિર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાયે રાજીનામું આપી દેવું પડ્યું. રાય ઉપરાંત ડો. અનિલ મિશ્રાએ પણ રાજીનામું ધરી દીધું છે જ્યારે મંદિર નિર્માણના પ્રભારી ગોપાલ રાવને પણ ગડગડિયું આપી દેવાયું છે. રામમંદિરના દાનની ચોરીના કેસની તપાસ માટે ઉત્તર પ્રદેશ સરકારે ૧૩ જૂને રચેલી સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સિટ)એ ૨૩ જૂને અધિક મુખ્ય સચિવ (ગૃહ) સંજય પ્રસાદને પ્રારંભિક રિપોર્ટ સોંપ્યા તેના આધારે ગુરુવારે મોડી સાંજે પહેલી એફઆઈઆર નોંધવામાં આવ્યો તેમાં ચંપત રાય, ડો. અનિલ મિશ્રા અને અન્ય ટોતના પદાધિકારીઓના નામ નહોતાં. તેના બદલે રોકડની ગણતરી કરનારા આઠ સામાન્ય કર્મચારીને આરોપી બતાવીને જેલભેગા કરી દેવાયા હતા. આ કારણે ચંપત રાય સહિતનાં મોટાં માથાંને બચાવી લેવાનો તખ્તો ગોઠવાઈ ગયો હોવાની ગુસપુસ શરૂ થઈ ગયેલી ત્યાં જ શુક્રવારે બપોરે ચંપત રાયનું રાજીનામું પડી ગયું.

ચંપત રાયને અત્યાર લગી પ્રામાણિકતાનું પૂતળું ગણાવાતા હતા ને અચાનક તેમને રાજીનામાની ફરજ કેમ પડાઈ એ ખબર નથી પણ ચંપત રાયની હરકતો શંકાસ્પદ છે જ તેથી તેમને હટાવવામાં કશું ખોટું નથી. ચંપત રાયને દૂધે ધોયેલા સાબિત કરવા માટે એવા દાવા કરાય છે કે, ચંપત રાય ચાર દાયકાથી રામ જન્મભૂમિ ચળવળ સાથે જોડાયેલા છે અને ઘરબાર છોડીને રામમંદિર માટે જ તેમણે જીવન સમર્પિત કરી દીધું છે. ચંપત રાયનું પોતાનું બેંકમાં ખાતું પણ નથી તેથી ઘાલમેલ કે ગરબડ ગોટાળા કરીને એ શું કરવાના ?

આ વાતો તાર્કિક નથી ને વાસ્તવિક પણ નથી. ઘરબાર નહીં પણ સંસાર પણ છોડીને દાવા કરી રહેલા બાવાઓ કેવા ધંધા કરે છે એ આપણે જોયેલું જ છે. ને ચોરી કરીને ઘર ભરવું હોય તેને બેંક ખાતાંની જરૂર નથી પડતી. કોઈ વ્યક્તિ ચાર દાયકાથી ભગવાન રામના મંદિરની ચળવળ સાથે જોડાયેલી હોય એ કારણે જ ચોરી ના કરે એ દલીલ તો વાહિયાતપણાની ચરમસીમા જેવી છે.

આ બધી દલીલોના કારણે ચંપત રાયે કશું ખોટું નથી કર્યું એવું સાબિત નથી જ થતું ને છતાં આપણે માની લઈએ કે, ચંપત રાયે એક પૈસાની ઘાલમેલ નથી કરી તો પણ નૈતિક જવાબદારીનું શું ? ચંપત રાયને ભગવાન રામના મંદિરનો આર્થિક વહીવટ સોંપાયો પછી મંદિરમાં એક પૈસાની ચોરી ના થાય કે કોઈ ભ્રષ્ટાચાર ના થાય એ જોવાની જવાબદારી ચંપત રાયની હતી પણ ચંપત રાયે આ જવાબદારી ના નિભાવી. બલ્કે ચંપત રાયે ચોરોને છાવર્યા અને જેમણે ચોરી સામે અવાજ ઉઠાવ્યો તેમને તગેડી મૂક્યા એ જોતાં ચંપત રાય ચોખ્ખાચણાક તો નથી જ.

ચંપત રાયે ચોરોને છાવર્યા હોવાના આક્ષેપો વિપક્ષે કે બીજા કોઈએ નથી કર્યા પણ મંદિરના આર્થિક વહીવટ સાથે સંકળાયેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક મહિપાલસિંહે જ કર્યા છે. ફેબ્રુઆરી ૨૦૨૧થી જુલાઈ ૨૦૨૨ સુધી રામ મંદિરના અકાઉન્ટ ઓફિસર રહેલા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના સ્વયંસેવક મહિપાલસિંહે આક્ષેપ કર્યો છે કે, મંદિરમાં ૨૦૨૧થી ચોરી થઈ રહી છે પણ ચંપત રાયને ચોરી રોકવામાં રસ જ નહોતો. મહિપાલ સિંહે તો ચોંકાવનારો દાવો કર્યો છે કે, મંદિરમાં ચોરી રોજ થતી અને મેં પોતે ચોરી પકડીને ચંપત રાય અને સભ્ય ગોપાલજીને ફરિયાદ કરતાં જ બીજા જ દિવસે ચંપત રાયે મને તગેડી મૂકેલો.

મહિપાલ સિંહે એવો આક્ષેપ પણ કર્યો છે કે, રામમંદિરમાં દાનમાં આવતા સોના-ચાંદીનો કોઈ લેખિત રેકોર્ડ રખાતો નથી. મંદિરને મળતા સોના-ચાંદી સહિતના ધાતુના દાનના ફોટો લઈને બધું ચંપત રાયને મોકલી દેવાતું હતું. રામપ્રસાદયાદવ ઉર્ફે ટીન્નુ આવીને બધું લઈ જતો પછી બધું ક્યાં જતું તેની કોઈને ખબર નથી. ટીન્નુ દાનની રોકડ રકમ બેંકમાં જમા કરાવવા જતો. દરરોજ કેટલી રકમ જમા થાય છે તેનો રેકોર્ડ રાખવા વાઉચર પર ટીન્નુની સહી લેવાની સિસ્ટમ પણ ચંપત રાયે બંધ કરાવી દીધી હતી.

આ તો સીધા નામજોગ આક્ષેપો જ છે પણ ચંપત રાયની બીજી હરકતો પણ વખાણવા જેવી નથી જ. ચોરીનો આક્ષેપ થયો ત્યારે પહેલાં તો ચંપત રાયે કોઈ ગરબડ થઈ જ હોવાનો ઈનકાર કરી દીધેલો. ભાજપના ડો. રજનીશ સિંહે પીએમઓને બે વાર કાગળ લખ્યો ને મીડિયામાં વાત આવી ગઈ તેથી પગ તળે રેલો આવ્યો એ પછી પણ ચંપત રાય તો ચોરી નથી જ થઈ એવું વાજું જ વગાડતા હતા. બહુ હોહા થઈ પછી ઉત્તર પ્રદેશ સરકારે સ્પેશ્યલ ઈન્વેસ્ટિગેશન ટીમ (સિટ) રચી છતાં રાયના તેવર નરમ નહોતા પડ્યા. પીએમઓએ આર્થિક બાબતોના રેકોર્ડ મંગાવ્યા ત્યારે ચંપત રાયે એવું વાહિયાત બહાનું કાઢીને ના પાડી દીધી કે, તપાસ ચાલુ હોવાથી રેકોર્ડ આપી શકાય તેમ નથી.

ભારતની પ્રજાએ ચૂંટેલા વડાપ્રધાનની ઓફિસને તમે આવો વાહિયાત જવાબ આપો તેનાથી વધારે તુમાખી શું કહેવાય ? આ તુમાખી જ ચંપત રાયને નડી ગઈ ને રાજીનામું ધરી દેવું પડ્યું. જો કે રાયના રાજીનામાથી આ પ્રકરણ પતવું ના જોઈએ. ચંપત રાયની ભૂમિકાની ને ચંપત રાયે ટીન્નુ યાદવ કે બીજા ચોરોને કેમ છાવર્યા તેની તપાસ થવી જ જોઈએ. રાયે સીધો કોઈ ભ્રષ્ટાચાર ના કર્યો હોય તો પણ એ ચોરીની ફરિયાદ પછી પણ તેમણે યોગ્ય પગલાં કેમ ના લીધાં તેનો ખુલાસો પણ માંગવો જ જોઈએ. મહિપાલસિંહે ચોરીમાં બીજા પદાધિકારીઓ સામેલ હોવાનો આક્ષેપ પણ કર્યો છે એ જોતાં બીજા પદાધિકારીઓની ભૂમિકાની તપાસ પણ થવી જ જોઈએ.

આમ આદમી પાર્ટીના સાંસદ સંજયસિંહે ચંપત રાયે ભૂતકાળમાં જમીન કૌભાંડ કર્યાં હોવાનો સનસનાટીભર્યો આક્ષેપ પણ કર્યો છે. સિંહનો દાવો છે કે, જૂન ૨૦૨૧ માં અયોધ્યામાં બે કરોડ રૂપિયામાં ખરીદાયેલી જમીન થોડી મિનિટો પછી જ ટ્રસ્ટે રૂપિયા ૧૮.૫ કરોડમાં ખરીદીનેમોટું કૌભાંડ કર્યું હતું. શાહનવાઝપુર માઝા ગામમાં ટ્રસ્ટે ૧૪,૭૩૦ ચોરસ મીટર જમીન માટે પંચાવન કરોડથી વધારે રકમ ચૂકવી હતી જ્યારે વાસ્તવિક કિંમત નવ કરોડ જ છે. જમીન વેચનારો બંસલ પરિવાર છે ને ચંપત રાય પણ બંસલ હોવાથી રાયે સગાંને ફાયદો કરાવ્યાના આક્ષેપ થઈ રહ્યા છે. આ બધા આક્ષેપોની તપાસ પણ થવી જ જોઈએ કેમ કે આ આક્ષેપો પણ ગંભીર જ છે.

ભગવાન રામનું મંદિર કરોડો હિંદુઓની આસ્થાનું કેન્દ્ર છે. રામમંદિરમાં ચોરી દ્વારા આ આસ્થા પર પ્રહાર કરાયો છે ત્યારે ફરી આ આસ્થા સ્થાપિત કરવાની જવાબદારી રામમંદિર ટ્રસ્ટ અને યોગી આદિત્યનાથ સરકારની છે.

ઉત્તર પ્રદેશમાં માર્ચ, ૨૦૨૭માં વિધાનસભાની ચૂંટણી હોવાથી હિંદુઓ નારાજ ના થાય એટલે અત્યારે નાની માછલીઓને અંદર કરી દેવાય ને મોટાં માથાંને છટકી જવા દેવાય એવું ના થવું જોઈએ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, શનિવાર, તા. ૨૭–૬–૨૦૨૬,
શનિ પ્રદોષ, વટસાવિત્રી વ્રતારંભ

- ભારતીય દિનાંક ૬, માહે અષાઢ, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, નિજ જયેષ્ઠ સુદ –૧૩
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે નિજ જયેષ્ઠ, તિથિ સુદ–૧૩
- પારસી શહેનશાહી રોજ ૧૭ સરોશ, માહે ૧૧મો બેહમન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૧૭ સરોશ, માહે ૧૨મો સ્પેન્દાર્મદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૯મો આદર, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૧મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- મીસરી રોજ ૧૨મો, માહે ૧લો મોહર્રમ, સને ૧૪૪૮
- નક્ષત્ર અનુરાધા રાત્રે ક. ૨૨–૧૦ સુધી, પછી જયેષ્ઠા
- ચંદ્ર વૃશ્ચિકમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃશ્ચિક (ન, ય)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૦૫, અમદાવાદ ક. ૦૫ મિ. ૫૮, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૧૭, અમદાવાદ ક. ૧૯ મિ. ૨૭, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૧૦–૫૯, રાત્રે ક. ૨૨–૧૨
- ઓટઃ સાંજે ક. ૧૬–૫૯, મધ્યરાત્રિ પછી ક. ૦૪–૩૨ (તા. ૨૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, નિજ જયેષ્ઠ શુકલ – ત્રયોદશી. શનિ પ્રદોષ, વટસાવિત્રી વ્રતારંભ, શિવજી રાજ્યાભિષેક, વિંછુડો. સૂર્ય મહાનક્ષત્ર આર્દ્રામાં વાહન ગદર્ભ.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહૂર્ત વિશેષઃ લગ્ન, ખાત, વાસ્તુ, શનિ ગ્રહદેવતાનું પૂજન, મહાબલિ હનુમાનજીનું પૂજન, શનિ પ્રદોષ વ્રત ઉપવાસ, શિવ–પાર્વતી પૂજા, શિવમંદિરમાં દીપદાન. રાત્રિ જાગરણ, શિવભક્તિ, કીર્તન, નાગકેસરના ઔષધીય પ્રયોગો. અગાઉ વાસ્તુ પૂજા થયેલ ઘરમાં રહેવા જવું. પ્રયાણ શુભ, મુંડન કરાવવું નહિ. મહેંદી, મુહૂર્ત પ્રસંગ નિમિત્તે નવાં વસ્રો, આભૂષણ, નિત્ય થતાં દસ્તાવેજ, પશુ લે–વેંચના કામકાજ, બી વાવવું, પ્રાણી પાળવા, શ્રી વિષ્ણુ–લક્ષ્મી પૂજા.
- આચમનઃ ચંદ્ર–હર્ષલ પ્રતિયુતિ અચોક્કસ સ્વભાવના, ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ સંગીતપ્રિય, ચંદ્ર–શનિ ત્રિકોણ માતા–પિતાથી લાભ.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર–હર્ષલ પ્રતિયુતિ, ચંદ્ર–નેપ્ચૂન ત્રિકોણ, ચંદ્ર–શનિ ત્રિકોણ (તા. ૨૮). ચંદ્ર ક્રાંતિવૃત્તથી દૂર ૫ અંશ ૪ કળાના અંતરે રહે છે. ચંદ્ર જયેષ્ઠા યુતિ થાય છે.
- ગ્રહગોચરઃ સૂર્ય–મિથુન, મંગળ–વૃષભ, માર્ગી બુધ–મિથુન, માર્ગી ગુરુ–કર્ક, શુક્ર–કર્ક, માર્ગી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, માર્ગી હર્ષલ–વૃષભ, માર્ગી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર. ■

# રામમંદિર દાન-ચોરીઃ આઠ આરોપી કોણ?

(૧) રામશંકર યાદવ ઉર્ફે ટીન્નુઃ અયોધ્યાની પોલીસે શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહામંત્રી ચંપત રાયના નજીકના સાથી રામશંકર યાદવની શુક્રવારે સવારે ધરપકડ કરી હતી.
મંદિરમાંની દાનની રોકડ રકમ અને સોનું ચોરવાનો તેમના પર આરોપ છે. ૧૯૯૦ના દાયકાના મધ્યમાં તેમના પિતા નયા ઘાટ પાસે ચાની નાની દુકાન ચલાવતા હતા અને રામશંકર રિક્ષા તેમ જ ટેમ્પો ડ્રાઇવર હતો.
યાદવનું મંદિરમાંની દાનની ગણતરી, સલામતી અને તેની હેરફેર પર સારું નિયંત્રણ હતું.

(૨) મનીષ યાદવઃ
ટીન્નુ (રામશંકર યાદવ)નો ભત્રીજો મનીષ યાદવ છે. તે રામશંકર યાદવના નાના ભાઇ બલરામ યાદવનો દીકરો છે. તે દાનની રોકડ રકમની ગણતરી કરતો હતો.

(૩) સુભાષ શ્રીવાસ્તવઃ
તે બૅન્કનો ભૂતપૂર્વ કર્મચારી છે. તે મંદિરમાં થતી રોકડ દાનની સંપૂર્ણ ગણતરીનો ઇન-ચાર્જ હતો. તેણે બૅન્કમાં કામ કર્યું હોવાથી તેને આ કામ સોંપાયું હતું.

(૪) અનુકલ્પ મિશ્રાઃ
તે અયોધ્યાના મિલ્કીપુર વિસ્તારના બાસવાં ગામનો રહેવાસી છે. તે ટ્રસ્ટના સભ્ય અનિલ મિશ્રા અને સહઆરોપી લવકુશ મિશ્રાનો સગો છે. ચોરાયેલી રકમ તેના ઘરેથી મળી હતી.

(૫) લવકુશ મિશ્રાઃ
તે અને અનુકલ્પ મિશ્રા સાથે મળીને દાનની રકમ ચોરતો હતો. તેના ઘરેથી પણ ચોરીની રકમ મળી હતી.

(૬) અવિનાશ શુકલઃ
ચોરીના રૂપિયા પાંચ લાખ તેના બૅન્ક ખાતામાં જમા થયા હોવાનો આક્ષેપ છે. તે પણ મંદિરમાંના દાનની રકમ અને અન્ય મૂલ્યવાન ચીજોની ગણતરી કરતો હતો.

(૭) કરુણેશ પાણ્ડેયઃ
તે અનુકલ્પ અને લવકુશ મિશ્રા સાથે મળીને દાનની રકમ ચોરતો હતો. તે દાનની રકમના રેકોર્ડમાં ફેરફાર કરતો હતો.

(૮) રામશંકર મિશ્રાઃ
દાનની રકમ ગણતી ટીમનો સભ્ય હતો. સીસીટીવીના ફૂટેજથી તેની ચોરી પકડાઇ ગઇ હતી.

# વેનેઝુએલામાં વધતો મરણાંક, પોતાનાઓને શોધવા માટે પોતે કાટમાળ ખસેડી રહ્યા છે લોકો

લા ગુએરા (વેનેઝુએલા)ઃ ઉત્તરી વેનેઝુએલાના શહેરોમાં ગુરુવારે એક પછી એક આવેલા બે ભૂકંપ પછી લોકો પોતાના સગાસંબંધીઓને શોધવા માટે કાટમાળ ખોદી રહ્યા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ભૂકંપમાં ૫૨૯થી વધુ લોકો માર્યા ગયા હતા અને ૩,૦૦૦થી વધુ ઘાયલ થયા હતા.

વેનેઝુએલાના સ્વાસ્થ્ય મંત્રી કાર્લોસ અલ્વારાડોએ સરકારી મીડિયાને જણાવ્યું હતું કે ગુરુવારે મોડી રાત્રે સત્તાવાર મૃત્યુઆંક વધીને ૫૮૯ થયો છે અને ઓછામાં ઓછા ૩,૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. હજારો ગુમ થયા હોવાના અહેવાલો છે. રાહત બચાવ કાર્ય ચાલતું હોવાના કારણે મૃતકોની સંખ્યામાં વધારો થવાની આશંકા છે.

નોંધનીય છે કે બુધવારે સાંજે આવેલા ૭.૨ અને ૭.૫ની તીવ્રતાના ભૂકંપ એક સદી કરતાં વધુ સમયમાં વેનેઝુએલામાં આવેલા સૌથી શક્તિશાળી ભૂકંપોમાંના એક હતા અને સમગ્ર પ્રદેશમાં અનુભવાયા હતા. ઘાયલોને ધૂળ અને લોહીથી લથપથ બહાર કાઢવામાં આવ્યા હતા, જેમાં બાળકો અને પ્રાણીઓનો સમાવેશ થાય છે.

વેનેઝુએલાનાસરકારી ટીવીએ બચાવ કામગીરીની અનેક તસવીરો બતાવી હતી જેમાં એક મહિલા સિમેન્ટના સ્લેબ નીચે ફસાયેલી હતી અને તેનો ફક્ત એક પગ બહાર જોવા મળી રહ્યો હતો જેને બચાવ કર્મીઓએ જીવિત બહાર કાઢી હતી. શરૂઆતમાં કારાકાસની બહાર ઓછી સરકારી બચાવ ટીમો કામે લગાડવામાં આવી હતી.

રાજધાની કારાકાસની ઉત્તરે આવેલા લા ગુએરાના દરિયાકાંઠાના પ્રદેશમાં સૌથી વધુ નુકસાન અને જાનહાનિ થઈ હતી. દેશનું મુખ્ય એરપોર્ટ ત્યાં છે અને નુકસાનને કારણે બંધ કરવામાં આવ્યું હતું, જેના કારણે સહાય પ્રયાસો જટિલ બન્યા હતા. ઇમારતો તૂટી પડી હતી. બારીઓમાંથી ફર્નિચર લટકતું હતું અને શેરીઓમાં તિરાડ પડી ગઈ હતી.

પરિવારોએ પોતાના લોકોની તસવીરો સાથે ‘ગુમ વ્યક્તિ’ના પોસ્ટરો લગાવ્યા હતા. જ્યારે અન્ય લોકોએ શોધ કરતી વખતે નામોની યાદીઓ શેર કરી હતી. દેશમાં ફોન સેવા ખોરવાઈ જવાને કારણે વિદેશમાં રહેતા વેનેઝુએલાના લોકોએ સંબંધીઓ સાથે સંપર્ક કરવામાં મુશ્કેલીઓ પડી રહી છે. કારાકાસમાં સેંકડો લોકોએ પાર્ક, પાર્કિંગ અને અન્ય ખુલ્લી જગ્યાઓમાં રાત વિતાવી હતી. ત્રણ બાળકોની માતા દયાના ડેલગાડોએ કહ્યું કે રહેવાસીઓ જ ધરાશાયી થયેલી ઇમારતોનો કાટમાળ હટાવી રહ્યા છે.

# હુમલા પછી યુએને હાલ જહાજો હોર્મુઝમાંથી બહાર લાવવાનું બંધ કર્યું?

દુબઇઃ સંયુક્ત રાષ્ટ્રસંઘની દરિયાઇ એજન્સીએ ઓમાનના દરિયાકાંઠે એક જહાજને નિશાન બનાવવામાં આવ્યું હોવાની માહિતી મળ્યા બાદ હોર્મુઝની ખાડીમાંથી જહાજોને બહાર લાવવાનું સ્થગિત કરી દીધું છે. બ્રિટિશ સેનાએ એક નિવેદન જારી કરીને જહાજને નિશાન બનાવવામાં આવ્યું હોવાની માહિતી આપી હતી.

ઇન્ટરનેશનલ મેરિટાઇમ ઓર્ગેનાઇઝેશનના વડાએ જણાવ્યું કે હોર્મુઝ સામુદ્રધુનીમાં ફસાયેલા જહાજોને ખાલી કરાવવાનું ત્યાં સુધી સ્થગિત રહેશે જ્યાં સુધી એજન્સી ઇવેક્યુએશન લિસ્ટમાં અને તે વિસ્તારમાં રહેલા જહાજોની સલામતીની ખાતરી ન કરે.

ઇરાને તેમની મંજૂરી વિના જહાજોને હોર્મુઝ સામુદ્રધુનીનો ઉપયોગ ન કરવાની ચેતવણી આપ્યાના કલાકો પછી આ હુમલાના અહેવાલ આવ્યા હતા. યુએન એજન્સીના સેક્રેટરી-જનરલ આર્સેનિયો ડોમિંગુએઝે જણાવ્યું કે જે જહાજ પર હુમલો કરવામાં આવ્યો હતો તે ખાલી કરાવવામાં આવતા જહાજોમાં સામેલ ન હતું. એક અમેરિકન અધિકારીએ જણાવ્યું કે જહાજ પર ઇરાની ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

આ અધિકારીએ ઓળખ જાહેર ન કરવાની શરતે જણાવ્યું કે વેપારી જહાજ ‘એવર લવલી’ પર ઈરાનના અર્ધલશ્કરી રિવોલ્યુશનરી ગાર્ડના ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલાના અહેવાલો બાદ સામુદ્રધુનીમાં શિપિંગનું નિયમન કરવા માટે તાજેતરમાં સ્થાપિત નવી સરકારી એજન્સી ‘પર્સિયન ગલ્ફ સ્ટ્રેટ ઓથોરિટી’એ એક્સ પર કહ્યું કે તેના નિર્ધારિત માર્ગોની બહાર જવા પર સુરક્ષિત પસાર થવાની ગેરંટી લાગુ થશે નહીં.

# હિમલિંગ વહેલું પીગળે છે એટલે જ પહેલા પંદર દિવસમાં અમરનાથમાં ભક્તોનો ધસારો થાય છે

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુઃ ત્રણ જુલાઈથી શરૂ થતી અમરનાથ યાત્રામાં પહેલા પખવાડિયામાં અમરનાથ ગુફામાં તૈયાર થતાં હિમલિંગનાં દર્શન માટે શ્રદ્ધાળુઓમાં હોડ લાગતી હોવાનું જોવા મળે છે તેનું મુખ્ય કારણ એ છે કે જે લોખંડ અને કાચની ગ્રીલનો ઉપયોગ હિમલિંગને વહેલું પીગળતું બચાવવા વરસોથી કરવામાં આવે છે તે પણ તેને પીગળવાથી નથી રોકી શકતાં. આ વરસે શું થશે લોકો સમક્ષ એ યક્ષ પ્રશ્ન છે. ખરેખર તો શ્રદ્ધાળુઓના શ્વાસોશ્વાસની ગરમીની સાથે સાથે ગ્લોબલ વૉર્મિંગને કારણે પણ હિમલિંગ વહેલું પીગળી રહ્યું છે. હવે આ સમસ્યાનો ઉકેલ લાવવા અત્યાધુનિક ટૅક્નોલૉજીની મદદ લેવી એ જ ઉપાય છે. શ્રાઈન બૉર્ડ હાલ ટૅક્નોલૉજી ની મદદ કેમ નથી લઈ રહ્યું એ પાછળનું કારણ સ્પષ્ટ નથી. એમ પણ છેલ્લાં કેટલાંક વરસથી ગુફામાં તૈયાર થતાં હિમલિંગની જોવા મળતી તસવીરો અને વીડિયો ભક્તોને વિચલિત કરવા લાગી છે. શ્રાઈન બૉર્ડના અધિકારીઓના જણાવ્યા અનુસાર અમરનાથ ગુફાને ટૅક્નોલૉજીની મદદથી ઠંડી અને વાતાનુકુલિત રાખવાની યોજના શ્રાઈન બૉર્ડે એ જ સમયે તૈયાર કરી દીધી હતી જે સમયે તે અસ્તિત્વમાં આવ્યું હતું, પરંતુ આ મામલો વરસો સુધી કોર્ટમાં રહ્યો હોવાને કારણે શ્રાઈન બૉર્ડ આ મામલે કોઈ પગલું લેવાથી દૂર રહે છે. ગુફાને સંપૂર્ણપણે વાતાનુકૂલિત કરવા આઈસ સ્કેટિંગ રિક ટૅક્નિકનો ઉપયોગ કરવાની યોજના છે.

# મહેશ દીક્ષિતઃ ડૉક્ટરમાંથી બન્યા ઈન્ટેલિજન્સ ચીફ

નવી દિલ્હીઃ ભારતના ઈન્ટેલિજન્સ બ્યૂરો (આઈબી)ના આગામી વડા મહેશ દીક્ષિત આતંકવાદ, નાગા બળવાખોર, કાશ્મીરના આતંકવાદ અને ડાબેરી ઉગ્રવાદવિરોધી કામગીરીના વિશ્વમાં અનોખી ઓળખ ધરાવતા અધિકારી છે.

મૉસ્કોમાં બજાવેલી કામગીરીની બાદ કરતાં મહેશ દીક્ષિતે તેમનાં ૩૩ વર્ષનાં કાર્યકાળ દરમિયાન મોટાભાગે કોહિમા અને પટનામાં એસઆઈબીના વડા તરીકે ફરજ બજાવી છે. પત્ની રાજશ્રીની જેમ જ મહેશ દીક્ષિત પણ મૅડિસિનમાં પુણેથી પૉસ્ટગ્રેજ્યુએટ ડિગ્રી ધરાવે છે અને પહેલી જુલાઈથી આઈબીના વડા તરીકેનો હોદ્દો ગ્રહણ કરનાર તેઓ કદાચ પ્રથમ ડૉક્ટર છે. દીક્ષિતના સિનિયર અને માર્ગદર્શક તપન દેકા યશસ્વી અને ગૌરવશાળી સેવાનાં ચાર વર્ષના કાર્યકાળ બાદ નિવૃત્તિ લેશે ત્યાર બાદ દીક્ષિત તેમનું સ્થાન લેશે. આંધ્ર પ્રદેશના ૧૯૯૩ના બૅચના કેડર દીક્ષિતે યુપીએસસી સિવિલ સર્વિસિસના મેરિટ લિસ્ટમાં ૩૫મો ક્રમાંક મેળવ્યો હતો, પરંતુ તેમણે જેની વધુ માગ રહે છે તે ઈન્ડિયન ફારેન સર્વિસિસ કે ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસને બદલે ઈન્ડિયન પોલીસ સર્વિસમાં જોડાવાનો નિર્ણય લીધો હતો.

# હવે નવમાના વિદ્યાર્થીઓને ‘સર’ કામગીરી વિશે જણાવાશે

નવી દિલ્હીઃ મતદારયાદી સુધારણા માટે ચલાવવામાં આવી રહેલા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર)નો હવે એનસીઇઆરટીના નવમા ધોરણના સામાજિક વિજ્ઞાનના પાઠ્યપુસ્તકમાં સમાવેશ કરવામાં આવ્યો છે. પુસ્તકમાં તેને એક એવી પ્રક્રિયા તરીકે દર્શાવવામાં આવી છે કે જેથી ખાતરી કરી શકાય કે કોઇ પણ લાયક નાગરિક મતદારયાદીમાંથી બાકાત ન રહે અને કોઇ અયોગ્ય વ્યક્તિનો સમાવેશ ન થાય.

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ(એનસીઇઆરટી)ના નવા પુસ્તકમાં ખોટા સમાચાર, ખોટી માહિતી અને ધાકધમકી જેવા પડકારો છતાં નિષ્પક્ષ ચૂંટણીઓ યોજવા બદલ ભારતના ચૂંટણી પંચની પ્રશંસા કરવામાં આવી છે.

‘સર’ના કારણે અત્યાર સુધીમાં મતદારયાદીમાંથી લગભગ છ કરોડ નામો હટાવવામાં આવ્યા છે. એસઆઇઆરના લીધે વિરોધ પક્ષો અને ચૂંટણીપંચ વચ્ચે તણાવ પેદા થયો છે. આ પ્રક્રિયાને એક વર્ષ પૂર્ણ થયું છે અને તે ૧૯ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં ચાલી રહી છે. ગત વર્ષે બિહારમાં રાજ્યની ચૂંટણી પહેલા પાઇલટ ‘સર’ શરૂ કરવામાં આવ્યું હતું.

પુસ્તકમાં જણાવાયું છે કે ઇસીઆઇ સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (સર) પણ કરે છે. જેમાં મતદારયાદી અપડેટ કરવી, વેરિફાઇ કરવી અને તેમાં સુધારો કરવાનો સમાવેશ થાય છે. એસઆઇઆર દ્વારા કોઇપણ લાયક નાગરિક બાકાત ન રહે અને કોઇ અયોગ્ય વ્યક્તિ મતદાર યાદીમાં સામેલ ન થાય તેની ખાતરી કરવામાં આવે છે.

તેમાં એમ પણ જણાવાયું છે કે એસઆઇઆર હેઠળ મતદારનું મૃત્યુ, રહેઠાણમાં ફેરફાર, ડુપ્લીકેટ નોંધણી અને કાયમ માટે શોધી ન શકાય તેવા કારણોના આધારે પણ નામો હટાવવામાં આવે છે.

# ચાલુ બસે ડ્રાઇવરને હાર્ટ અટૅક, પ્રવાસીઓની સતર્કતાથી જાનહાનિ ટળી

અલીગઢઃ ઉત્તર પ્રદેશના અલીગઢમાં ૩૦થી વધુ મુસાફરોને લઇ જતી બસના ડ્રાઇવરને ચાલુ બસે હાર્ટ અટૅક આવ્યો હતો. જોકે સતર્ક મુસાફરોએ સમયસર બ્રૅક મારીને મોટી દુર્ઘટના ટાળી હતી. આ જાણકારી અધિકારીઓએ આપી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર અલીગઢ જિલ્લાના બેસવાન નગર નજીક નયા બાંસ ગામ પાસે બનેલી આ ઘટનામાં મથુરા-અલીગઢ બસના કોઇપણ મુસાફરને ઇજા થઇ નથી. ડ્રાઇવરને તાત્કાલિક નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, પરંતુ થોડી જ ક્ષણોમાં તેનું મોત નીપજ્યું હતું.

મથુરા રોડવેઝના આસિસ્ટન્ટ રિજનલ મેનેજર મદન મોહન શર્માએ જણાવ્યું કે બેભાન થઇ જતા પહેલા ડ્રાઇવરે બસની ગતિ ધીમી કરી હતી અને બસને રોડના કિનારા તરફ વાળી હતી. જ્યાં તે વીજળીના થાંભલા સાથે અથડાઇ હતી, પરંતુ પલટી નહીં.

શર્માએ જણાવ્યું કે ઉત્તર પ્રદેશ રાજ્ય માર્ગ પરિવહન નિગમની બસ ચલાવતી વખતે ડ્રાઇવર ગણેશ કુમારને હાર્ટ અટૅક આવ્યો હતો. તેમણે બસની ગતિ ધીમી કરી દીધી હતી, જ્યારે કેટલાક યાત્રીઓ ડ્રાઇવરની સીટ તરફ દોડી ગયા હતા અને બ્રેક મારી અને ઇગ્નીશન બંધ કરી દીધું હતું. જેથી મોટી દુર્ઘટના ટળી હતી. તેમણે વધુમાં જણાવ્યું કે ડ્રાઇવરને નજીકની હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યો હતો, જ્યાં થોડી જ ક્ષણોમાં તેનું મૃત્યુ થયું હતું.

# એનડીપીએસ કાયદામાં સુધારાઓ કરીને ખામીઓ દૂર કરવાનો પ્રયાસ

નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે જણાવ્યું હતું કે કેન્દ્ર નાર્કો સિન્ડિકેટ દ્વારા શોષિત છટકબારીઓને દૂર કરવા માટે એનડીપીએસ કાયદા પર ‘‘પુનર્વિચાર’’ કરી રહ્યું છે અને ડ્રગ પેડલર્સ અને સપ્લાયર્સ પ્રત્યે નિર્દય અભિગમ અપનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો.

શુક્રવારે નાર્કો-કોઓર્ડિનેશન સેન્ટર (એનસીઓઆરડી)ની ૧૦મી ટોચ-સ્તરની બેઠકને સંબોધતા, શાહે રાજ્યોને કાયદામાં સુધારો કરવા માટે કેન્દ્ર સાથે તેમના સૂચનો શેર કરવા કહ્યું હતું.

એમણે દેશમાં ડ્રગના જોખમનો સામનો કરવામાં એજન્સીઓ દ્વારા પ્રાપ્ત સફળતા વિશે પણ વાત કરી હતી.

૨૦૦૪થી ૨૦૧૪ દરમિયાન, ૨૬ લાખ કિલોગ્રામ સિન્થેટિક ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યા હતા. તેનાથી વિપરીત, ૨૦૧૪થી ૨૦૨૬ દરમિયાન, અમે ૧.૧૮ કરોડ કિલોગ્રામ સિન્થેટિક ડ્રગ્સ જપ્ત કર્યા. આ દર્શાવે છે કે અમારું અભિયાન સફળતા તરફ સતત આગળ વધી રહ્યું છે, એવું તેમણે કહ્યું.



ઉત્તર પ્રદેશના કૌશંબી જિલ્લામાં કોખરાજ ટોલ પ્લાઝા પાસે એલપીજી સિલિન્ડર ઊંધુ વળી ગયા બાદ નીકળી રહેલી આગની જ્વાળાઓ. આગમાં ટોલ પ્લાઝાના પાંચ કર્મચારી દાઝી ગયા હોવા ઉપરાંત અનેક વાહનો સળગી ગયા હતા. (એજન્સી)

# એક પણ મકાનનું ગેરકાયદે ડિમોલિશન નહીં સાંખી લેવાયઃ સુરત ડિમોલિશન કેસમાં હાઇ કોર્ટ લાલઘૂમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગત મે મહિનામાં સુરતના નાસિરનગરમાં અંદાજે ૧૫૦ જેટલા મકાનો જમીનદોસ્ત કરી દેવાના મામલે ગુજરાત હાઇ કોર્ટમાં સુનાવણી હાથ ધરવામાં આવી હતી. આવડા મોટા ડિમોલિશન બાદ કોઇપણ સત્તાધિકારી તેની જવાબદારી લેવા તૈયાર ન હોવાથી હાઇ કોર્ટે રાજ્ય સરકાર, સુરત મહાનગરપાલિકા અને ટોરેન્ટ પાવરને આકરા સવાલો કર્યા હતા. નોટિસ કે ડિમોલેશન ઓર્ડર વગર જ બુલડોઝર ફેરવી દેવાયાના આક્ષેપ સાથે સ્થાનિકોએ હાઇ કોર્ટના દ્વાર ખખડાવ્યા છે, જ્યાં જસ્ટિસ નિખિલ કરિયલે મૌખિક અવલોકન કરતા જણાવ્યું હતું કે, કાયદાકીય પ્રક્રિયાનું પાલન કર્યા વિના એક સિંગલ મકાનનું ડિમોલેશન પણ સાંખી શકાય નહીં.

હાઇ કોર્ટે વિસ્થાપિત થયેલા પરિવારોના પુનઃવસન માટે સુરત કોર્પોરેશનને આગામી સોમવાર સુધીમાં ચોક્કસ પ્લાન રજૂ કરવા આદેશ આપ્યો હતો. કોર્ટે આકરા વલણ સાથે જણાવ્યું હતું કે, ‘અમારી પાસે રહેવાની વ્યવસ્થા નથી તેવી દલીલો હું સાંભળીશ નહીં, જરૂર પડે તો ટેન્ટ ભાડે રાખો... જેનો વાંક હશે તેની સામે કડક પગલાં ભરાશે. કોર્ટે સરકારને સવાલ કર્યો હતો કે જો આ કોઈ સત્તાવાર ડિમોલેશન નહોતું, તો પછી ત્યાં ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ડીસીપી) સ્તરના અધિકારી અને પાલિકાના કર્મચારીઓ શા માટે હાજર હતા?

સુનાવણી દરમિયાન કોર્ટે પોલીસની ભૂમિકા સામે પણ ગંભીર સવાલો ઉઠાવ્યા હતા. સરકારી વકીલ મારફતે કોર્ટે સુરત પોલીસ કમિશનર પાસે સોમવાર સુધીમાં સોગંદનામું માગ્યું હતું. કોર્ટે સ્પષ્ટ કર્યું હતું કે, કાં તો કમિશનર એમ કહે કે આ કોર્પોરેશનનું સત્તાવાર ડિમોલિશન હતું, અથવા એ સ્પષ્ટ કરે કે આટલી મોટી ઘટના બની હોવા છતાં અત્યાર સુધી શા માટે કોઈ પોલીસ ફરિયાદ નોંધવામાં આવી નથી. જો ડિમોલિશન વખતે ડીસીપી હાજર હોવાના આક્ષેપો સાચા સાબિત થશે, તો તે અધિકારીએ કોર્ટમાં વ્યક્તિગત રીતે હાજર રહેવું પડશે. આ સાથે જ કોર્ટે પ્રશ્ન કર્યો હતો કે, સુરત શહેર પોલીસ કમિશનરને ફરિયાદ નહીં લેવાનું કારણ, કોણ કોણ અધિકારીઓ ઉપસ્થિત હતા તેમજ અરજદારે ડિમોલિશન સ્થળે હાજર પોલીસ કર્મચારીઓના નામ કે હોદ્દા કેમ નથી જણાવ્યા તે સહિતના પ્રશ્નો કર્યા હતા.

આ વિવાદમાં વીજ પુરવઠો કાપવા બદલ ટોરેન્ટ પાવરને પણ પક્ષકાર બનાવવા જણાવ્યું હતું. આગામી સુનાવણીની તારીખ ૨૯ જૂનના રોજ ટોરેન્ટ પાવરના વકીલને યોગ્ય સૂચનાઓ સાથે કોર્ટમાં હાજર રહેવા આદેશ કરાયો છે. ટોરેન્ટ પાવરના ખુલાસા પરથી એ સ્પષ્ટ થશે કે વીજળી કાપવાની સૂચના કોર્પોરેશન તરફથી મળી હતી કે કોઈ ખાનગી વ્યક્તિઓ દ્વારા આપવામાં આવી હતી, જેનાથી સમગ્ર ઓપરેશનના સૂત્રધાર સુધી પહોંચવામાં મદદ મળશે. અંતમાં, હાઇ કોર્ટે સુપ્રીમ કોર્ટના તાજેતરના ચુકાદાઓનો હવાલો આપીને કાયદાના શાસનની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. કોર્ટે બે શક્યતાઓ દર્શાવી કે, કાં તો સુરત પાલિકાએ કાયદાનું ઉલ્લંઘન કરીને આ ડિમોલિશન કર્યું છે, અથવા મ્યુનિસિપલ અધિકારીઓએ પોતાના અંગત હિત માટે સત્તાનો દુરુપયોગ કર્યો છે; ગમે તે પરિસ્થિતિ હોય પરંતુ કોર્પોરેશન પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. જો કે, કોર્ટે અરજદારોની નબળી કાનૂની રજૂઆત સામે નારાજગી પણ વ્યક્ત કરી હતી, પરંતુ સ્પષ્ટ કર્યું હતું કે આ ખામીઓ કોર્ટને બંધારણીય અધિકારોની રક્ષા કરતા અટકાવશે નહીં. ■

# ચોમાસાની ધમાકેદાર એન્ટ્રી, સાબરકાંઠાના ખેડબ્રહ્મામાં સૌથી વધુ વરસાદ ખાબક્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં સત્તાવાર રીતે ચોમાસાનું આગમન થઈ ગયું છે અને મેઘરાજાએ રાજ્યના વિવિધ ભાગોમાં પોતાની પધરામણી કરી દીધી છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના આઠ તાલુકામાં મેઘમહેર જોવા મળ્યો હતો, જેમાં સાબરકાંઠાના ખેડબ્રહ્મા તાલુકામાં સૌથી વધારે ૧૬ મિ.મી (૦.૬૩ ઈંચ) વરસાદ ખાબક્યો, જ્યારે વલસાડના ઉમરગામમાં એક મિ.મી વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી ૧ જુલાઈ સુધી ગુજરાત રિજિયન અને સૌરાષ્ટ્ર રિજિયનના બંને વિસ્તારો માટે હળવાથી મધ્યમ વરસાદ થઈ શકે છે.

હાલમાં દેશ અને રાજ્ય પર બે મુખ્ય સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય હોવાને કારણે પવનની દિશા દક્ષિણ-પશ્ચિમથી પશ્ચિમ તરફની બનેલી છે. મધ્ય પાકિસ્તાન અને તેને અડીને આવેલા ઉત્તર રાજસ્થાન પર ૧.૫ કિલોમીટરની ઊંચાઈએ એક અપર એર સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય છે. જ્યારે મધ્ય પ્રદેશના દક્ષિણ-પૂર્વ ભાગમાં બીજું સાયક્લોનિક સર્ક્યુલેશન બનેલું છે, જે ઉત્તર ગુજરાત થઈને પૂર્વ-મધ્ય અરબી સમુદ્ર સુધી એક ટ્રફ લાઇન પસાર થઈ રહી છે.

સૌરાષ્ટ્રના દેવભૂમિ દ્વારકા, જામનગર અને પોરબંદર સિવાયના બાકીના તમામ વિસ્તારોમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે. તારીખ ૨૭ જૂને દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓ તેમજ સૌરાષ્ટ્રના અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ અને દીવમાં છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ પડી શકે છે. આ સાથે ૨૮ જૂનથી ૧ જુલાઈ દરમિયાન અઠવાડિયાના અંતમાં વરસાદ ફરીથી જોર પકડશે અને તેનો વ્યાપ વધશે. ખાસ કરીને પંચમહાલ, દાહોદ અને મહીસાગર જિલ્લામાં તેમજ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના ભાગોમાં ગાજવીજ સાથે વરસાદ થવાની પ્રબળ સંભાવના છે. આ દરમિયાન રાજ્યના દરિયાકાંઠાના વિસ્તારોમાં છૂટોછવાયો વરસાદ અને ગાજવીજ સાથે વાવાઝોડાની પણ શક્યતા છે. અમદાવાદમાં સામાન્ય રીતે વાદળછાયા વાતાવરણ સાથે મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીની આસપાસ રહેશે તેવું હવામાન વિભાગે જણાવ્યું હતું. ■

## ચોમાસું બેઠું પણ ગરમી ન ઘટીઃ અમદાવાદમાં ૭૬માંથી ૭૦ દિવસ ૪૦ ડિગ્રીથી વધુ તાપમાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ચોમાસાનું સત્તાવાર આગામન થઈ ગયું છે. અમદાવાદમાં પણ વરસાદી ઝાપટાં પડી ચૂક્યા છે. તેમ છતાં આ વર્ષે અમદાવાદમાંથી ઉનાળો વિદાયનું નામ નથી લઈ રહ્યો. માર્ચ મહિનાથી અત્યાર સુધીના છેલ્લા ૭૬ દિવસમાંથી ૭૧ દિવસ તાપમાન ૪૦ ડિગ્રીથી વધુ નોંધાયું હતું. ગુરુવારે અમદાવાદમાં મહત્તમ તાપમાન ૪૦.૫ ડિગ્રી નોંધાયું હતું, જે સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ અને સામાન્ય કરતાં ૩.૭ ડિગ્રી વધારે હતું. ચોમાસું આવી ગયું હોવા છતાં અમદાવાદવાસીઓ હજુ પણ કાળઝાળ ગરમી અને વધતા જતા ભેજવાળા વાતાવરણમાંથી મોટી રાહત મળવાની રાહ જોઈ રહ્યા છે.

જૂન મહિનાના પ્રથમ ૨૫ દિવસમાંથી ૨૩ દિવસ મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસ કે તેથી વધુ નોંધાયું હતું. વરસાદના કારણે માત્ર ૨ જૂન અને ૧૮ જૂને ૪૦ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ બંને દિવસે અનુક્રમે ૩૭ ડિગ્રી સેલ્સિયસ અને ૩૯.૩ ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયો હતું. હવામાન વિભાગના ડેટાના વિશ્લેષણ મુજબ, ૧૧ એપ્રિલથી ૪ જૂન વચ્ચે અમદાવાદમાં ૫૬માંથી ૫૩ દિવસ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું હતું. ત્યારબાદના અન્ય ૨૦ દિવસો ઉમેરતાં, છેલ્લા ૭૬ દિવસોમાંથી ૭૧ દિવસ તાપમાનનો પારો ૪૦ ડિગ્રીથી વધુ નોંધાો હતો.

સૂત્રોએ જણાવ્યું કે, શહેરમાં આ વર્ષે અતિશય ગરમીની શરૂઆત અસામાન્ય રીતે વહેલી થઈ ગઈ હતી. ઑટોમેટિક વેધર સ્ટેશનોના રીડિંગના આધારે, અમદાવાદમાં માર્ચના પ્રથમ અઠવાડિયામાં જ તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસને પાર થઈ ગયું હતું, જે ૨૦૧૬ પછીના મોટાભાગના વર્ષોમાં માર્ચના અંત સુધીમાં જોવા મળતી સામાન્ય શરૂઆત કરતાં ઘણું વહેલું હતું. સૂત્રોએ જણાવ્યું કે, ગરમી, ભેજ અને ગરમ રાત્રિઓની સંયુક્ત અસર જાહેર આરોગ્ય માટે મોટો પડકાર ઊભો કરે છે. ■

# અમદાવાદમાં ૮.૩૨ કરોડની પ્રતિબંધિત ટ્રેમેડોલ દવાના જથ્થા સાથે એક આરોપીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના શાહીબાગ વિસ્તારમાં આવેલા નમસ્તે સર્કલ પાસે પ્રતિબંધિત દવા ટ્રૅમેડોલના છ મોટાં બોક્સમાંથી ૨.૦૮ લાખ ટેબ્લેટનો જથ્થો ઝડપાયો હતો. જેની કિંમત રૂ. ૮.૩૨ કરોડ જેટલી થાય છે. ટ્રૅમેડોલના જથ્થા સાથે મૂળ રાજસ્થાનના અને વલસાડના રહેવાસી મેડિકલ સ્ટોકિસ્ટની ગુજરાત એટીએસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી. આરોપીને કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો અને કોર્ટે તેના સાત દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા. પોલીસે બે જુલાઈ સુધી રિમાન્ડ મેળવી વધુ તપાસ હાથ ધરી છે. આરોપીએ છેલ્લા બે મહિનાથી જ મેડિકલ સ્ટોકિસ્ટનું કાયદેસરનું લાઇસન્સ લીધું હતું અને તેણે પ્રતિબંધિત દવા ટ્રામાડોલનું વેચાણ કર્યું હતું. આ કાર્યવાહી અંગે માહિતી આપતા ગુજરાત એટીએસના ડીઆઇજી સુનીલ જોશીએ જણાવ્યું હતું કે, એટીએસના ડીવાયએસપીને બાતમી મળી હતી. જેને પગલે તપાસ શરૂ કરાઈ હતી. ટ્રાવેલ્સની લક્ઝરી બસમાં તપાસ કરતાં ખાખી પૂંઠાના ૬ બોક્સ મળી આવ્યા હતાં. જેમાં આ પ્રતિબંધિત દવા ટ્રામાડોલ રાખવામાં આવી હતી. એટીએસએ પરેશ પારસમલ જૈનને ટ્રૅમેડોલના જથ્થા સાથે ઝડપ્યો હતો. આ જથ્થો વલસાડ ખાતેથી લાવીને રાજસ્થાન મોકલવામાં આવી રહ્યો હતો. આરોપીને એટીએસ દ્વારા શાહિબાગ વિસ્તારમાં નમસ્તે સર્કલ પાસેથી ઝડપી પાડવામાં આવ્યો હતો. આરોપી પાસેથી અંદાજિત ૮.૩૨ કરોડની ટ્રૅમેડોલ ટેબ્લેટ જપ્ત કરવામાં આવી છે. ■

# અમદાવાદમાં વેપારી પર ફાયરિંગ કરી ₹૧.૫૧ કરોડની લૂંટ ચલાવનાર એરફોર્સનો ઓફિસર દિલ્હીથી પકડાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ માણેકચોક વિસ્તારમાં બે વર્ષ પહેલાં વેપારી પર ફાયરિંગ કરી ₹૧.૫૧ કરોડની લૂંટ ચલાવનાર મુખ્ય સૂત્રધારને પકડી પાડવામાં પોલીસને મોટી સફળતા મળી હતી. પોલીસે સંયુક્ત ઓપરેશન હાથ ધરીને દિલ્હીથી એરફોર્સના એક ઓફિસરની ધરપકડ કરી હતી. પકડાયેલો આરોપી એરફોર્સના ટેક્નિકલ યુનિટમાં ફરજ બજાવતો હોવાથી પોલીસની પદ્ધતિઓથી વાકેફ હતો, જેને કારણે આ ગુનાનો ભેદ ઉકેલવામાં પોલીસને બે વર્ષ જેટલો સમય લાગ્યો હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, ખાડિયા પોલીસ સ્ટેશનના પી.આઈ. લંગારિયા અગાઉ જામનગરમાં ફરજ બજાવી ચૂક્યા છે. જૂના વણઉકેલાયેલા ગુનાઓની તપાસ દરમિયાન તેમને કડી મળી કે લૂંટમાં જે પિસ્તોલ વપરાઈ હતી, તેવી જ એક પિસ્તોલ વર્ષ ૨૦૨૪માં જામનગરમાં એક નિવૃત્ત એરફોર્સ અધિકારીના ઘરેથી ચોરાઈ હતી. આ શંકાના આધારે તપાસ લંબાવતા પોલીસ સીધી દિલ્હીમાં ફરજ બજાવતા એરફોર્સના એર કમાન્ડિંગ ઓફિસર દીપક બુકેર સુધી પહોંચી હતી. પોલીસને દીપકના ઘરેથી લૂંટમાં વપરાયેલી પિસ્તોલ અને કાર્ટીઝ પણ મળી આવ્યા હતા.

આરોપી દીપક એરફોર્સના ટેક્નિકલ વિભાગમાં હોવાથી તે સીસીટીવી અને લોકેશન ટ્રેકિંગ જેવી ટેકનિકલ બાબતો સારી રીતે જાણતો હતો. ૧૬ જુલાઈ ૨૦૨૪ના રોજ માણેકચોકની પતાસાની પોળમાં વેપારીની દુકાનમાં ઘૂસી, પગમાં ગોળી મારી ₹૧.૫૧ કરોડ લૂંટ્યા બાદ તે નાસી છૂટ્યો હતો. પોલીસને ગેરમાર્ગે દોરવા માટે તેણે માત્ર બે કિલોમીટરના વિસ્તારમાં જ ૭ થી ૮ વખત રિક્ષાઓ બદલી હતી અને રસ્તામાં અલગ-અલગ જગ્યાએ પોતાના કપડાં પણ બદલી નાખ્યા હતા.

માણેકચોકની ₹૧.૫૧ કરોડની લૂંટના કેસમાં પકડાયેલા એરફોર્સના ઓફિસરની પૂછપરછ દરમિયાન કેટલીક ચોંકાવનારી વિગતો સામે આવી હતી.આરોપી દીપકે વર્ષ ૨૦૧૭ થી ૨૦૨૪ દરમિયાન જામનગર એરફોર્સમાં નોકરી કરી હતી. ત્યાં એક નિવૃત્ત અધિકારી સાથે પૈસાની લેવડદેવડમાં વિવાદ થતાં દીપકને એક વર્ષની સજા થઈ હતી. આ જ ગુસ્સામાં તેણે એ નિવૃત્ત અધિકારીના ઘરમાંથી પિસ્તોલ ચોરી લીધી હતી. તેમજ દીપકને સટ્ટો રમવાની કુટેવ હતી, જેમાં તેના પર મોટું દેવું થઈ ગયું હતું. આ દેવું ચૂકવવા તેણે લૂંટનો પ્લાન બનાવ્યો. જામનગરમાં નોકરી દરમિયાન તેણે અમદાવાદના માણેકચોક વિશે સાંભળ્યું હતું કે ત્યાં મોટો વહીવટ થાય છે. આથી, તે લૂંટના બે દિવસ પહેલાં અમદાવાદ આવી હોટલમાં રોકાયો હતો. પોતાની અસલી ઓળખ છુપાવવા માટે તેણે હોટલમાં રોકાતી વખતે ખોટા ઓળખપત્ર (આઈડી કાર્ડ) અને બોગસ મોબાઈલ નંબર આપ્યા હતા.

લૂંટ કરતી વખતે ઘટનાસ્થળે પોતાના ફિંગરપ્રિન્ટ ન આવે તે માટે તેણે હાથની આંગળીઓ પર પટ્ટીઓ વીંટાળી દીધી હતી. એરફોર્સની ટ્રેનિંગના કારણે તે હથિયાર ચલાવવામાં માહિર હતો, જેથી તેણે વેપારી પર સરળતાથી ફાયરિંગ કર્યું હતું. પોલીસ પકડી ન પાડે તે માટે તે પોતાનો મોબાઈલ વાપરતો ન હતો અને તે ફોન પત્નીને આપી દીધો હતો. જો કોઈની સાથે વાત કરવી હોય તો તે રસ્તામાં અન્ય લોકોના ફોનનો ઉપયોગ કરતો હતો. લૂંટ કર્યા બાદ તે તરત જ હરિયાણા ભાગી ગયો હતો, જ્યાંથી આખરે દિલ્હી પોલીસે તેને દબોચી લીધો હતો. છેલ્લા બે વર્ષથી વણઉકેલાયેલા આ કેસને અમદાવાદ પોલીસે પોતાની કોઠાસૂઝ અને ઝીણવટભરી તપાસના આધારે આખરે ઉકેલી નાખ્યો હતો. ■

# અમદાવાદ-મુંબઈ સહિત છ એરપોર્ટ આસપાસ અદાણી બનાવશે મિની સિટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અદાણી એરપોર્ટ હોલ્ડિંગ્સ લિમિટેડે એક મોટા કોમર્શિયલ ઈન્ફ્રાસ્ટ્રક્ટર પ્રોગ્રામના પ્રથમ તબક્કા હેઠળ અમદાવાદ સહિત છ એરપોર્ટ પર ઈન્ટિગ્રેટેડ એરપોર્ટ સિટી પ્રોજેક્ટ્સ વિકસાવવા માટે રૂ. ૨૦,૦૦૦ કરોડની યોજનાની જાહેરાત કરી હતી. મળતી વિગત પ્રમાણે, અદાણી અમદાવાદ, મુંબઈ, નવી મુંબઈ, લખનઊ, જયપુર અને ગુવાહાટીના એરપોર્ટ પર આશરે ૨૨ મિલિયન ચોરસ ફૂટ વિસ્તારમાં હૉસ્પિટાલિટી, રિટેલ ઑફિસ, મનોરંજન અને કન્વેન્શન સ્પેસ વિકસાવશે. આ પ્રોજેક્ટ્સ છ એરપોર્ટની ૬૫૫ એકરથી વધુ જમીન પર સાકાર થશે, જેમાંથી આશરે ૪૪૦ એકર જમીન મુંબઈ અને નવી મુંબઈમાં આવેલી છે, જે પ્રથમ તબક્કાના કુલ રોકાણના આશરે ૭૦ ટકા જેટલો હિસ્સો ધરાવે છે. આ એરપોર્ટ સિટી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ્સ હેઠળ હૉટલ્સ, ઑફિસો, રિટેલ દુકાન, ફૂડ કોર્ટ અને મનોરંજનની સુવિધાઓને એરપોર્ટ ટર્મિનલ્સ તથા જ્યાં ઉપલબ્ધ હોય ત્યાં મેટ્રો કનેક્ટિવિટી સહિતના જાહેર પરિવહન સાથે સાંકળવામાં આવશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, એરપોર્ટ હવે માત્ર વિમાનના સંચાલન પૂરતા મર્યાદિત ન રહેતા આર્થિક હબ તરીકે વિકસી રહ્યા છે, જે ઉડ્ડયન સેવાઓ ઉપરાંત રોકાણ, રોજગારી અને પ્રવાસનને પણ વેગ આપી શકે છે. આ પ્રોગ્રામના ભાગરૂપે, કંપનીએ પાંચ લક્ઝરી અને પ્રીમિયમ હૉટેલ્સ માટે આઇએચજી હૉટેલ્સ ઍન્ડ રિસોર્ટ્સ સાથે હોટેલ મેનેજમેન્ટ કરાર કર્યા છે. જેમાં ભારતમાં પ્રથમ વખત કિમ્પ્ટન બ્રાન્ડની શરૂઆતનો પણ સમાવેશ થાય છે. ■

# ખનીજ માફિયાઓ પર ત્રાટકીઃ ચાર ડમ્પર સહિત ૩.૭૫ કરોડનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ રણપ્રદેશ કચ્છમાં ચાલતા ગેરકાયદેસર ખનન અને ખનીજોની બિનઅધિકૃત હેરફેરને નાબૂદ કરવા માટે જિલ્લા વહીવટી તંત્રએ ‘ઝીરો ટોલરન્સ’ નીતિ હેઠળ કડક ઝુંબેશ શરૂ કરી હતી. આ દરમિયાન જિલ્લા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના સીધા માર્ગદર્શન હેઠળ ખાણ-ખનીજ વિભાગ (પશ્ચિમ કચ્છ) અને રેવન્યૂ વિભાગ દ્વારા અબડાસા તેમજ ભુજ તાલુકાના ખાવડા પંથકમાં જુદા-જુદા બે સ્થળોએ દરોડો પાડવામાં આવ્યાં અને કુલ ૩.૭૫ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

અબડાસા તાલુકાના કેરવાંઢ-વડસર વિસ્તારમાં ખાણ ખનીજ વિભાગ દ્વારા રેડ પાડવામાં આવી હતી. પશ્ચિમ કચ્છના ભૂસ્તરશાસ્ત્રી દેવેન્દ્રસિંહ બારિયાની સૂચનાથી ખાણ-ખનીજ વિભાગની વિશેષ ફ્લાઈંગ સ્ક્વોડની ટીમે આ વિસ્તારમાં સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધર્યું હતું. આ તપાસ દરમિયાન સાદી માટીનું મોટું ગેરકાયદેસર ખનન અને પરિવહન થતું હોવાનું રંગેહાથ પકડાયું હતું. ઘટનાસ્થળેથી કોઈપણ પ્રકારના રોયલ્ટી પાસ કે માન્ય દસ્તાવેજો વિના બિનઅધિકૃત રીતે ખોદકામ અને વહન કરતા ચાર ડમ્પર અને બે તોતિંગ એક્સકેવેટર (જેસીબી/પોકલેન્ડ) મશીનો મળી આવ્યા હતા. તંત્ર દ્વારા રૂપિયા ૨ કરોડની અંદાજિત કિંમતના આ તમામ વાહનો અને મશીનરીને સીઝ કરીને આગળની કાર્યવાહી માટે વાયોર પોલીસ મથકે ખાતે કસ્ટડીમાં સોંપવામાં આવ્યા હતાં. આ સાથે ભુજ તાલુકાના સરહદી ખાવડા વિસ્તારમાં પણ તંત્ર દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી. ભુજ પ્રાંત અધિકારી અનિલ જાદવની આગેવાની હેઠળની ટીમે ગુરુવારે વહેલી સવારે ખાવડા ગામ નજીક હાઈવે પર આકસ્મિક વ્હીકલ ચેકિંગ ગોઠવ્યું હતું. આ ઓપરેશન દરમિયાન રોયલ્ટી પાસ વિના અને નિર્ધારિત ક્ષમતા કરતાં વધુ માલ ભરેલી અંદાજિત સાત જેટલી મોટી ટ્રકો ઝડપાઈ હતી. ■

# ડોલર મજબૂત થતાં ગુજરાતમાં એનઆરઆઇ ડિપોઝિટનો નવો ઐતિહાસિક રેકોર્ડ, આંકડો ₹ ૧.૧૭ લાખ કરોડને પાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રૂપિયા સામે ડોલર મજબૂત થતાં વિદેશમાં વસતા ગુજરાતીઓએ બેંકોમાં અધધ રૂપિયા ઠાલવ્યા હતા. જેના પરિણામે ગુજરાતમાં એનઆરઆઈ ડિપોઝિટનો બેઝ રૂ. ૧.૧૭ લાખ કરોડની રેકોર્ડ સપાટીએ પહોંચ્યો છે. સ્ટેટ લેવલ બેન્કર્સ કમિટીના રિપોર્ટ મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૬ના અંતે રાજ્યમાં કુલ બાકી એનઆરઆઇ ડિપોઝિટ વધીને રૂ. ૧.૧૭ લાખ કરોડ થઈ હતી, જે અગાઉના વર્ષે રૂ. ૧.૦૯ લાખ કરોડ હતી. આમ, તેમાં ૮.૧૫ ટકાનો વધારો નોંધાયો હતો.

રિપોર્ટ પ્રમાણે, નાણાંકીય વર્ષે ૨૦૨૦માં રાજ્યનો એનઆરઆઈ ડિપોઝિટ પૂલ રૂ. ૮૦,૧૦૯.૨૧ કરોડ હતો. જેની સરખામણીએ તેમાં અત્યાર સુધીમાં લગભગ ૪૭ ટકાનો વધારો થયો હતો. જો કે, આ તાજેતરનો વૃદ્ધિ દર નાણાકીય વર્ષ ૨૦૨૫માં નોંધાયેલા ૧૮.૧૬ ટકા ના વધારા કરતાં ધીમો રહ્યો હતો. સૂત્રો આ સતત વૃદ્ધિ પાછળ ગુજરાતના વિશાળ વિદેશી ડાયસ્પોરા, નિયમિત રેમિટન્સ પ્રવાહ અને એનઆરઆઈ દ્વારા બચતનો એક ભાગ ભારતીય બૅન્કોમાં રાખવાની પસંદગીને જવાબદાર માને છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે, રૂપિયો નબળો પડવાને કારણે ડોલર રેમિટન્સનું રૂપિયામાં મૂલ્ય વધી ગયું છે, જેનાથી ભારતમાં ડિપોઝિટ અને રોકાણ વધુ આકર્ષક બન્યા છે. ઘણા એનઆરઆઈ ગુજરાતના રિયલ એસ્ટેટ સેક્ટરમાં પણ રોકાણ કરી રહ્યા છે, જ્યાં ફંડ પાર્ક કરવામાં આવે છે અને પાછળથી ઉપાડી લેવામાં આવે છે.

સૂત્રોએ ઉમેર્યું કે આ વધારા પાછળ માત્ર એક્સચેન્જ રેટમાં ફેરફાર જ એકમાત્ર કારણ નથી. નાણાંકીય વર્ષ ૨૦૨૬માં રૂપિયો ૧૦.૫૭ ટકા નબળો પડ્યો હોવા છતાં, એનઆરઆઇ ડિપોઝિટ ૮.૧૫ ટકા વધી હતી, જ્યારે તેની સરખામણીમાં નાણાકીય વર્ષ ૨૦૨૫માં રૂપિયો માત્ર ૨.૬૭ ટકા ઘટી જવા છતાં એનઆરઆઇ ડિપોઝિટમાં ૧૮.૧૬ ટકાનો મોટો વધારો થયો હતો.

આ ટ્રેન્ડ સમગ્ર ભારતમાં નવી એનઆરઇ ડિપોઝિટ એકત્ર કરવાની ગતિમાં આવેલા ઘટાડાને પ્રતિબિંબિત કરે છે. એનઆરઆઇના ડેટા મુજબ, નાણાકીય વર્ષ ૨૦૨૬માં એનઆરઆઇ ડિપોઝિટ યોજનાઓમાં, ખાસ કરીને ફોરેન કરન્સી નોન-રેસિડેન્ટ થાપણોમાં પ્રવાહ ધીમો પડ્યો છે. આ પાછળનું કારણ કે ભારત અને વિદેશી બજારો વચ્ચે વ્યાજ દરોનો તફાવત છે.

આ ઉપરાંત સૂત્રોએ જણાવ્યું હતું કે ગુજરાત તેના મજબૂત વિદેશી સમુદાય, રોકાણની તકો અને પ્રવાસી ભારતીયો સાથેના લાંબા ગાળાના બૅંકિંગ સંબંધોને કારણે એનઆરઆઈ બચત માટેનું પસંદગીનું સ્થળ બન્યું છે. ■

# સુરત રેલવે સ્ટેશન પર ૨૦ કરોડના બે કિલો કોકેઇન સાથે મુસાફરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરને નશામુક્ત બનાવવા અને નશીલા પદાર્થોની તસ્કરી રોકવા માટે શહેર પોલીસ અને ડિરેક્ટોરેટ ઓફ રેવન્યૂ ઇન્ટેલિજન્સ (ડીઆરઆઈ) સહિતની એજન્સીઓ કામે લાગી છે. સુરત ડીઆરઆઈની ટીમે ચોક્કસ બાતમીના આધારે રેલવે સ્ટેશન પર એક ઓપરેશન હાથ ધરીને આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટનો પર્દાફાશ કર્યો હતો.

ડીઆરઆઈના અધિકારીઓ દિલ્હીથી મુંબઈ જઈ રહેલી ટ્રેનમાંથી લગભગ બે કિલોગ્રામ જેટલો શુદ્ધ કોકેઇનનો જથ્થો જપ્ત કર્યો હતો. પકડાયેલા ડ્રગ્સના આ જથ્થાની આંતરરાષ્ટ્રીય બ્લેક માર્કેટમાં અંદાજિત કિંમત ૨૦ કરોડ જેટલી થાય છે. આ મામલે ડીઆરઆઈએ ડ્રગની તસ્કરીમાં સામેલ એક મુસાફરની ધરપકડ કરી હતી. આરોપી સામે ડ્રગ્સ અને નશીલા પદાર્થ વિરોધી કાયદા (એનડીપીએસ એક્ટ) હેઠળ ગુનો નોંધીને આગળની કડક કાયદાકીય કાર્યવાહી શરૂ કરાઈ છે. ડીઆરઆઈના અધિકારીઓએ ટ્રેનની અંદર તપાસ દરમિયાન શંકાસ્પદ હિલચાલ અને હાવભાવ ધરાવતા એક મુસાફર પર અધિકારીઓની નજર પડી હતી. તેને અટકાવીને જ્યારે તેના સામાનની સઘન તલાશી લેવામાં આવી, ત્યારે તેમાંથી કિંમતી કોકેઇનનો જથ્થો મળી આવ્યો હતો. આ શુદ્ધ કોકેઇન પકડાતા જ રેલવે સ્ટેશન પરિસરમાં સનાટો વ્યાપી ગયો હતો.

આરોપીએ પ્રાથમિક પૂછપરછમાં કબૂલાત કરી હતી કે, તે દિલ્હીથી આ ડ્રગ્સ માત્ર એક ‘કેરિયર’ (માલ પહોંચાડનાર) તરીકે લઈને નીકળ્યો હતો. આ જથ્થો તેને મુંબઈ પહોંચાડવાનો હતો અને ત્યાં કોઈ અન્ય એજન્ટને સોંપવાનો હતો. ■

# મુંદરા ડ્રગ્સ કેસઃ 3000 કિલો હેરોઈન મામલે ઈડીએ હરપ્રીતસિંહ તલવારની ધરપકડ કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ઈડીએ કચ્છના મુંદરા પોર્ટ પરથી સપ્ટેમ્બર ૨૦૨૧માં ૩૦૦૦ કિલો હેરોઈન ઝડપી પાડ્યું હતું. આ મુદ્દે દિલ્હીના હરપ્રીતસિંહ તલવારની ધરપકડ કરવામાં આવી હતી. ઈડીની ટીમે ૨૪ અને ૨૫ જૂને દિલ્હીમાં ૬ જગ્યાએ દરોડા પાડ્યા હતા. ધરપકડ બાદ તેને સ્પેશિયલ પીએમએલએ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પોલીસ દ્વારા ગાડીઓ જપ્ત કરવામાં આવી હતી. પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવેલી ગાડીઓમાં રેન્જ રોવર, ટોયોટા ફોર્ચ્યુનર, મર્સિડીઝ-બેન્ઝ અને કિયા સેલ્ટોસ સામેલ છે. આ ગાડીઓની કુલ કિંમત આશરે રૂપિયા બે કરોડ થાય છે. આ મામલે ઈડીના જણાવ્યાં પ્રમાણે, આ કાર્યવાહી ડ્રગ્સ તસ્કરી, મની લોન્ડરિંગ અને હવાલા નેટવર્કને તોડવા માટે સરકાર દ્વારા પૂરી તાકાતથી કરવામાં આવી રહેલા પ્રયાસોનો એક ભાગ છે. હરપ્રીતસિંહ તલવાર ઉર્ફે કબીર તલવાર આ કેસનો મુખ્ય આરોપી છે. ■

# ગુજરાતમાં લોકસભાની બેઠકો વધીને ૩૯, વિધાનસભાની બેઠકો ૨૭૩ થઈ જશેઃ સૂત્રો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દેશમાં આગામી સીમાંકન અને નારી શક્તિ વંદન અધિનિયમ-૨૦૨૩ (મહિલા અનામત) ના અમલીકરણની પ્રક્રિયા જો આગળ વધશે, તો ગુજરાતના રાજકીય નકશામાં ૧૯૭૫ પછીના સૌથી મોટો અને ઐતિહાસિક ફેરફાર કહેવાશે. આ પહેલા આટલો મોટો ફેરફાર કરવામાં આવ્યો નથી. આ પ્રક્રિયા સાથે જોડાયેલા ઉચ્ચ સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર, હાલ રાજ્ય ચૂંટણી પંચ અને વિવિધ જિલ્લા કલેક્ટર કચેરીઓમાં આ અંગેની પ્રાથમિક તૈયારીઓ અને વહીવટી ધમધમાટ શરૂ થઈ ચૂક્યો છે. સ્વાભાવિક છે કે, આનો ફાયદો સત્તાધારી પક્ષને થઈ શકે છે.

વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીના આંકડા મુજબ, ગુજરાતમાં કુલ ૪.૯૯ કરોડથી વધુ નોંધાયેલા મતદારો હતા. સરેરાશ નિયમ પ્રમાણે એક લોકસભા વિસ્તારમાં ૧૯ લાખ મતદારો હોવા જોઈએ, પરંતુ રાજ્યની ઘણી બેઠકોમાં આ આંકડો ૨૦ લાખને પાર પહોંચી ગયો છે. ભવિષ્યમાં લોકસભા દીઠ ૧૨થી ૧૫ લાખ મતદારોનું નવો માપદંડ અપનાવવામાં આવે તેવી શક્યતા છે, જેના કારણે મતવિસ્તારોનું પુનર્ગઠન અનિવાર્ય બનશે. જો આગામી સમયમાં નવું પરિસીમન લાગુ થાય, તો ગુજરાતમાં લોકસભા અને વિધાનસભા બંને ગૃહોમાં બેઠકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે. ■

# સંસ્થા સમાચાર

## રાષ્ટ્રસંત શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી ૮૨૦૦ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સાઇકલ અર્પણ થશે

ગ્રામ્ય અને પછાત વિસ્તારોમાં અનેક વિદ્યાર્થીઓને શિક્ષણ મેળવવા માટે દરરોજ લાંબું અંતર કાપીને શાળાએ પહોંચવું પડતું હોય છે. વાહનવ્યવસ્થાના અભાવે તેમનો અભ્યાસ પણ પ્રભાવિત થતો હોય છે. આવા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓના જીવનમાં શિક્ષણની નવી ગતિ અને આત્મવિશ્વાસનો સંચાર થાય તે શુભ હેતુથી રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી અર્હમ યુવા સેવા ગ્રૂપ, સોહમ સેવા ગ્રૂપ અને પરમ સેવા દ્વારા તા. ૨૮ જૂન, ૨૦૨૬ના રોજ ''પેડલ ટુ પ્રોગ્રેસ'' થીમ અંતર્ગત ભવ્ય સાયકલ અર્પણ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. હાલ પરમ ગુરુદેવ પરમધામ સાધના સંકુલ, પડઘા ખાતે બિરાજમાન છે.

પરમ ગુરુદેવના પાવન સાંનિધ્યમાં લાઈવના માધ્યમે સવારે ૭:૦૦ વાગ્યે સર્વમંગલ ફેમિલી ટ્રસ્ટના શ્રી મનુભાઈ અને શ્રીમતી રીકાબેન શાહ (USA)ના સહયોગથી ૮૨૦૦ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સાઇકલ અર્પણ કરવામાં આવશે. ગુજરાત, મહારાષ્ટ્ર સહિત દેશના વિવિધ વિસ્તારોમાં યોજાનારા આ અભિયાન અંતર્ગત રાજકોટ, અમદાવાદ, ભાવનગર, કચ્છ, બેંગલુરુ, ચેન્નઈ, કોલકાતા, અમરાવતી, વસઈ, કલ્યાણ તથા પરમધામ સંકુલ આસપાસના વિસ્તારોમાં સાયકલ અર્પણ કરવામાં આવશે.

આ ઉપરાંત, સોહમ સેવા ગ્રૂપ દ્વારા ગ્રામીણ ઉત્થાન પ્રોજેક્ટ અંતર્ગત ૨૨ શાળાઓમાં નિર્માણ પામેલા ક્લાસરૂમ, વોટર પ્લાન્ટ તથા વિદ્યાર્થીઓની જરૂરિયાત મુજબના વિવિધ સિવિલ રિનોવેશન કાર્યોની પણ અનુમોદના કરવામાં આવશે.

## શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ માટુંગા દ્વારા અષાઢી બીજ-ચંદ્રદર્શન-કચ્છી નવા વરસની ઉજવણીનો કાર્યક્રમ

૧૯૩૬ના સ્થાપના વર્ષથી આજ સુધી જ્ઞાતિજનો માટે વિવિધ સહાય-પ્રવૃત્તિ અને જ્ઞાતિકલ્યાણની અવિરત પ્રવૃત્તિઓ કરતું શ્રી કચ્છી લોહાણા સેવા મંડળ રામબાગ માટુંગા દર વર્ષની પરંપરા જાળવી રાખી આ વર્ષે બુધવાર, ૧૫ જુલાઈ ૨૦૨૬ના રોજ સાંજે ૭ કલાકે રામબાગ માટુંગા પટાંગણ, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા (પૂર્વ) સે.રે. ખાતે કચ્છી નવા વરસ અષાઢી બીજની ઉજવણી પરંપરાગત રીતે કરશે, જેમાં કચ્છી અને ગુર્જર ભાષાના ભાતીગળ લોક સાહિત્ય સરવાણી અને તળપદી સંસ્કૃતિને ઉજાગર કરતા દુહા-છંદ-લોકગીત અને હાસ્ય દરબારનો ભવ્ય ડાયરો નામી, અનામી કલાકારો રજૂ કરશે. કાર્યક્રમને અંતે સમૂહ ભોજન-પ્રસાદનું આયોજન છે. આ ઉજવણીમાં સહ પરિવાર પધારી કચ્છી નવા વરસને રંગ ઉમંગથી વધાવવા જ્ઞાતિજનોને ટ્રસ્ટ મંડળ સહ સમસ્ત કારોબારી સમિતિ તરફથી સહર્ષ નિમંત્રણ છે.

## મહેંદી સ્પર્ધા

કલાગુર્જરી (સ્થાપક સંસ્થા) દ્વારા મહેંદી સ્પર્ધાનું આયોજન શનિવાર, ૧૮-૦૭-૨૦૨૬ના રોજ બપોરે ૨.૩૦ કલાકે કલાગુર્જરી હૉલ, શ્રી દશરથલાલ જોષી પુસ્તકાલય, દશરથલાલ જોષી રોડ, ડી. જે. રોડ, (સ્ટેશન રોડ), વિલે પાર્લે (પશ્ચિમ), મુંબઈ-૪૦૦૦૫૬ ખાતે કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા ૩ વિભાગમાં રાખવામાં આવી છે.

૧. અ : ૭થી ૧૮ વર્ષ સુધીના, ૨. બ : ૧૯ વર્ષથી ઉપરના, ૩. ક : ૪૦ વર્ષથી ઉપરના

સ્પર્ધાનાં પ્રવેશપત્ર સંસ્થાના કાર્યાલય પરથી મેળવવાનાં રહેશે જે શનિવાર, ૧૧-૦૭-૨૦૨૬ સુધી કાર્યાલયમાં પહોંચાડવાનાં રહેશે.

## બોરીવલીમાં શાળાને રંગવાનો ઈનરવિલ ક્લબનો પ્રોજેક્ટ

બોરીવલી વેસ્ટમાં સોડાવાલા લેનમાં આવેલી શાળાને રંગવાનો પ્રોજેક્ટ ઇનરવિલ ક્લબ ઑફ બોરીવલી દ્વારા પૂરો કરવામાં આવ્યો હતો. પીડીસી ડૉ. માધવી પંડ્યા આ પ્રસંગે અતિથિવિશેષ તરીકે હાજર રહ્યા હતા. ભૂતપૂર્વ પ્રમુખ જિજ્ઞા અને સંજય મિસ્ત્રીએ સ્પોન્સર કર્યો હતો. આ પ્રસંગે પ્રમુખ સરિતા ગુજરાતી, ઉપપ્રમુખ જયનીશા સંપટ, હેમા પંચાલ, સોનલ ચંદારાણા, કેતન તાપીયાવાલા, નમ્રતા વ્યાસ, સુરેખા પૂનમિયા, સેક્રેટરી રિઝવાના કપૂર, સુવર્ણા પારેખ અને ઇનરવિલ ક્લબ ઑફ બોરીવલીના અન્ય સભ્યો હાજર રહ્યા હતા.

## કાંદિવલીમાં ગુજરાતી અને હિંદી ગીતોનો કાર્યક્રમ

કાંદિવલી વેસ્ટમાં આવેલી કાંદિવલી રીક્રિએશન ક્લબ (કેઆરસી) ના એસી બેન્કવેટ હોલ ખાતે ૧૨ જુલાઈ રવિવારે રાતે ૭ થી ૯.૩૦ વાગ્યા સુધી ગુજરાતી અને હિંદી ગીતોનો કાર્યક્રમ યોજાયો છે. કેઆરસીની મનોરંજન સમિતિ દ્વારા આયોજિત કાર્યક્રમમાં ગાયકો પંકજ કક્કડ અને સોમૈયા વર્મા છે. કેઆરસીના સભ્યો માટે ફ્રી પ્રવેશ રહેશે, જ્યારે મહેમાનો માટે ચાર્જ રહેશે. કાર્યક્રમમાં મર્યાદિત પ્રવેશ છે.

## 'ફટાફટ ક્રિકેટ' પુસ્તકનું વિમોચન

ક્રિકેટક્ષેત્રે વન-ડે તથા ટ્વેન્ટી-૨૦ મૅચોની વધતી લોકપ્રિયતાને ધ્યાનમાં રાખીને ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI)ના પીઢ-અનુભવી ભૂતપૂર્વ અમ્પાયર કેકી-દૂધવાલા (સુરત) દ્વારા 'ફટાફટ ક્રિકેટ' મથાળા હેઠળ ગુજરાતી ભાષામાં અનુવાદિત પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. એમાં વન-ડે તથા ટ્વેન્ટી-૨૦ ક્રિકેટના નિયમોના અંગ્રેજી પુસ્તકમાંથી મહત્ત્વના નિયમોને ગુજરાતી ભાષામાં અનુવાદિત કરીને સમાવી લેવામાં આવ્યા છે. કેકી-દૂધવાલાનું આ પ્રકારનું આ ત્રીજું પુસ્તક છે. એનું વિમોચન ૨૮ જૂન ૨૦૨૬, રવિવારના રોજ પદ્મશ્રી અને ભારતનાં ભૂતપૂર્વ મહિલા કેપ્ટન ડાયના એડલજી દ્વારા તમનાની ધર્મશાળા, નાનપુરા, સુરત ખાતે કરવામાં આવશે જેમાં ગુજરાત, મુંબઈ, સૌરાષ્ટ્ર સહિત ક્રિકેટ સાથે સંકળાયેલા અધિકારીઓ, ખેલાડીઓ, કોચ, અમ્પાયર્સ તેમ જ ક્રિકેટચાહકો ઉપસ્થિત રહેશે. ■

# મીરા રોડમાં કારની ઍરબૅગને કારણે યુવાનનો જીવ ગયો

મુંબઈઃ મીરા રોડમાં બનેલી એક વિચિત્ર ઘટનામાં કોઈ પણ અકસ્માત વિના અચાનક ખૂલી ગયેલી ઍરબૅગને કારણે યુવાનનો જીવ ગયો હતો.

કાશીમીરા પોલીસના જણાવ્યા મુજબ બુધવારે બનેલી ઘટનામાં મોહિત સોની (૨૫)નું મૃત્યુ થયું હતું. મીરા રોડના પ્લેઝન્ટ પાર્ક નજીક રસ્તાને કિનારે ઊભેલી કારમાંથી તેનો મૃતદેહ મળી આવ્યો હતો.

પોલીસનો અંદાજ છે કે સોની કાર સ્ટાર્ટ કરવા ગયો ત્યારે જ આ ઘટના બની હશે. સ્ટિયરિંગ વ્હીલની ઍરબૅગ પરનું પ્લાસ્ટિકનું આવરણ જોશભેર ઊડ્યું હશે, જે મોહિતના ગળા પર જમણી તરફ વાગ્યું હશે. વળી, ઍરબૅગને કારણે તે ફસાઈ ગયો હશે. વધુપડતા રક્તસ્રાવને કારણે તેનું મૃત્યુ થયું હોવાનુ માનવામાં આવે છે.

કારમાં ટેક્નિકલ ખામીની તપાસ પોલીસ કરી રહી છે. કારનું નિરીક્ષણ કરવામાં આવતાં તે કોઈ વાહન સાથે અથડાઈ હોવાનાં નિશાન દેખાયાં નહોતાં. એ સિવાય હાલમાં જ કારને કોઈ નુકસાનનો પણ અંદાજ આવતો નથી. વાહન ૧૫ વર્ષ જૂનું હોવા છતાં તેનું ફિટનેસ સર્ટિફિકેટ પ્રમાણિત હતું.

પોલીસનું માનવું છે કે કાર એક જ જગ્યા પર ખાસ્સા સમયથી ઊભી હતી અને મોહિત પર કોઈનું તરત ધ્યાન ગયું નહીં હોય.

સારવારમાં વિલંબને કારણે મોહિતનું મૃત્યુ થયું હશે. એક રાહદારીની નજર પડ્યા પછી તેને પંડિત ભીમસેન જોશી સરકારી હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો. લોહીના નમૂના લેવા અને કારની અંદરથી તપાસ માટે ફોરેન્સિક ટીમની મદદ લેવાઈ છે. ■

# મહા કૅબિનેટ સબ-કમિટીએ સી લિંક-સાવરકર બ્રિજ કનેક્ટરને મંજૂરી આપી

મુંબઈ : મહારાષ્ટ્ર કેબિનેટની ઇન્ફ્રાસ્ટ્રક્ચર પેટા-સમિતિએ વર્સોવા-બાંદ્રા સી લિંકના બાંદ્રા તરફના છેડાને સાવરકર સી બ્રિજ સાથે જોડતા ૩.૫૫ કિમી. લાંબા રસ્તાના નિર્માણ માટે રૂ. ૧,૭૨૨.૪૦ કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપી છે. મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ આ પ્રોજેક્ટ માટે અમલીકરણ એજન્સી હશે.

મુખ્ય સચિવની આગેવાની હેઠળની સમિતિએ ૧૭ જૂનના રોજ મંજૂરી આપ્યા બાદ, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતાવાળી પેટા સમિતિએ ગુરુવારે આ પ્રોજેક્ટને મંજૂરી આપી હતી, એમ એક સત્તાવાર પ્રકાશનમાં જણાવાયું છે.

આ નવા રસ્તા પરથી પ્રતિ કલાક લગભગ ૩,૫૦૦ પેસેન્જર કાર પસાર થશે તેવી અપેક્ષા છે. જે વર્લીથી ફોર્ટ સુધીની મુસાફરીનો સમય પીક અવર્સ દરમિયાન ૪૫ મિનિટથી ઘટાડીને લગભગ ૫-૧૦ મિનિટ કરશે, જ્યારે ફોર્ટથી વર્સોવા સુધીનો મુસાફરીનો સમય એક કલાકથી ઘટાડીને લગભગ ૧૫-૨૦ મિનિટ કરશે.

રિલીઝમાં જણાવાયું છે કે લગભગ ૪૦ ઝૂંપડાઓને પુનર્વસન કરવા પડશે, જેમાં વળતર માટે રૂ. ૫૦ કરોડ ફાળવવામાં આવ્યા છે. માછીમારોને વળતર માટે રૂ. ૨૦ કરોડ અને પર્યાવરણીય પ્રદૂષણ ઘટાડવાના પગલાં માટે રૂ. ૨૦ કરોડનું બજેટ રાખવામાં આવ્યું છે.ચાલુ વર્સોવા-બાંદ્રા સી લિંક પ્રોજેક્ટ, મે ૨૦૨૮ સુધીમાં પૂર્ણ થવાની ધારણા છે, એમ પ્રકાશનમાં જણાવાયું છે. (પીટીઆઈ) ■

# અમારા સાંસદો વિભાજિત નહીં થાયઃ રોહિત પવાર

પરભણીઃ રાષ્ટ્રવાદી કોંગ્રેસ (શરદ પવાર) ના ધારાસભ્ય રોહિત પવારે પરભણીમાં પત્રકાર પરિષદ યોજી ભાજપ અને સત્તાધારીઓ પર આકરા પ્રહારો કર્યા હતા. 'ઓપરેશન ટાઈગર' દ્વારા ઉદ્ધવ ઠાકરેના ૬ સાંસદો તોડ્યા બાદ હવે શરદ પવાર જૂથના સાંસદો પણ તૂટશે તેવી ચર્ચાઓ શરૂ થઈ હતી. આ અંગે રોહિત પવારે વિશ્વાસ વ્યક્ત કરતા કહ્યું કે, 'તેઓ અમારા સાંસદોના સંપર્કમાં હોઈ શકે છે, પરંતુ અમારા સાંસદો ક્યાંય જવાના નથી કે તૂટશે નહીં.'

રોહિત પવારે કહ્યું કે, ભાજપને સીમાંકન અને કાયદો પસાર કરાવી લેવો હોવાથી તેઓ સાંસદોને તોડવાનો પ્રયાસ કરી રહ્યા છે. તેમણે દાવો કર્યો હતો કે, રાજ્યના ભાજપના એક મોટા નેતાને કેન્દ્રમાં મોટી જવાબદારી આપવામાં આવી શકે છે અને એક નાના નેતાને રાજ્યની મોટી જવાબદારી સોંપવામાં આવી શકે છે. આ સાથે જ રોહિત પવારે એમ પણ કહ્યું કે, બળવો કરનારા છ સાંસદોમાંથી એક સાંસદને કેન્દ્રીય પ્રધાન પદ મળી શકે છે.

ખેડૂતોના પ્રશ્નો પર બોલતા પવારે કહ્યું કે, બચ્ચુ કડુએ ભલે અધિવેશનમાં દેવામાફીનો મુદ્દો ઉઠાવ્યો હોય, પરંતુ તેઓ પહેલા જેવા આક્રમક દેખાતા નથી. ખાતરની વધેલી કિંમતો, બેંકો તરફથી ન મળી રહેલી લોન અને પાક ધિરાણ વિતરણમાં થયેલા ઘટાડાને કારણે ખેડૂતો ભારે મુશ્કેલીમાં છે, તેઓ અમારા આંદોલનમાં જોડાય તેવું આહ્વાન રોહિત પવારે કર્યું હતું. રામ મંદિર નિધિ, શક્તિપીઠ હાઈવે પ્રોજેક્ટ અને સાંસદોને તોડવા માટે પૈસાનો ઉપયોગ થઈ રહ્યો હોવાના ગંભીર આક્ષેપો પણ તેમણે કર્યા હતા. આ સાથે જ, તેમણે નીટ પેપર લીક કેસની તપાસ સામે પણ સવાલો ઉઠાવતા કહ્યું કે, તપાસ માત્ર નામ પૂરતી જ ચાલી રહી છે. ■

# નાગપુર મેટ્રોના કન્હાન ટાઉન સુધીના વિસ્તરણને કૅબિનેટની મંજૂરી મળી

મુંબઈઃ મહારાષ્ટ્ર કૅબિનેટની ઇન્ફ્રાસ્ટ્રક્ચર સબ-કમિટીએ નાગપુર મેટ્રોના ફેઝ-૨ નોર્થ કોરિડોરને કન્હાન નદીથી કન્હાન શહેર સુધીના પ્રસ્તાવિત વિસ્તરણને મંજૂરી આપી છે. ૧.૪ કિમી લાંબા એલિવેટેડ કોરિડોરનો અંદાજિત ખર્ચ ૩૧૦.૩૫ કરોડ રૂપિયા છે, એમ એક સત્તાવાર પ્રકાશનમાં જણાવાયું છે.

મહારાષ્ટ્ર મેટ્રો રેલ કોર્પોરેશન લિમિટેડ (મહા-મેટ્રો) દ્વારા તૈયાર કરવામાં આવેલા પ્રસ્તાવને ગુરુવારે મુખ્યપ્રધાન દેવેન્દ્ર ફડણવીસના અધ્યક્ષપદ હેઠળની ઈન્ફ્રાસ્ટ્રક્ચર સમિતિએ મંજૂરી આપી હતી.

આ વિસ્તરણ અંતર્ગત કન્હાન નગરમાં એક એલિવેટેડ સ્ટેશન હશે. પ્રસ્તાવમાં જણાવ્યા મુજબ, આ શહેરની વસ્તી લગભગ ૩૫,૦૦૦ છે અને અંદાજે ૫,૦૦૦ થી ૬,૦૦૦ લોકો દરરોજ નાગપુર આવ-જા કરે છે.

આ વિસ્તરણથી માત્ર કન્હાન જ નહીં, પરંતુ રામટેક, ટેકડી, કાંદરી માઇન્સ, નાગરધન, ગોંદેગાંવ માઇન્સ અને મૌદા સુપર થર્મલ પાવર પ્રોજેક્ટ સાથેની કનેક્ટિવિટીમાં પણ સુધારો થવાની અપેક્ષા છે. રિલીઝમાં જણાવાયું છે કે આ વિસ્તરણથી દૈનિક લગભગ ૨૦,૦૦૦ વધારાના મુસાફરોને લાભ થશે. ■

નવમાં પાનાનું ચાલુ

## પશ્ચિમ રેલવેમાં

મળી હતી. ટ્રેનો મોડી પડવાને કારણે પ્લેટફોર્મ પર મુસાફરોની ભીડ જમા થઈ ગઈ હતી અને ટ્રેનની અંદર પણ ભારે ગિરદી જોવા મળી રહી છે. શુક્રવારે સવારના છ વાગ્યાથી ૭.૨૫ વાગ્યાની વચ્ચે દાદર અને ચર્ચગેટની વચ્ચે લોકલ ટ્રેનસેવા પર અસર પડી હતી, પરિણામે તેની અસર છેક પીકઅવર્સ સુધી રહી હતી. અનેક ટ્રેનો રદ કરવાથી ટ્રેનોમાં પણ ભીડ પણ જોવા મળી હતી. જોકે, સવારના આઠ વાગ્યા પછી લોકલ ટ્રેનસેવા રાબેતા મુજબ ચાલુ થઈ હતી, એમ પશ્ચિમ રેલવેના અધિકારીએ જણાવ્યું હતું.

રેલવે પ્રશાસનના સત્તાવાર અધિકારીઓના જણાવ્યા મુજબ, યુદ્ધના ધોરણે સમારકામ કામગીરી હાથ ધરીને ટ્રેનવ્યવહાર પૂર્વવત્ કરવામાં આવી રહ્યો હતી અને ટૂંક સમયમાં જ ટ્રેનોની અવરજવર નિયમિત કરવામાં આવી હોવાનો દાવો કર્યો હતો, પરંતુ લોકલ ટ્રેનો બપોર સુધી મોડી પડવાને કારણે લોકોએ સોશ્યલ મીડિયા પર રેલવે પ્રશાસનની વિરુદ્ધ નારાજગી વ્યક્ત કરી હતી. ■

## થાણેના યુવાને

હતો. પ્રેમલગ્ન પછી શાહ પત્ની માહી સાથે દીવામાં રહેતો હતો.

પોલીસના જણાવ્યા મુજબ સસરાને દીવા લઈ આવવા માટે શાહ રવિવારે મત્સગંધા એક્સપ્રેસથી ચિપલૂણ ગયો હતો. ત્યાં શાહ કોને કોને મળ્યો તેની તપાસ પોલીસ કરી છે, પણ મંગળવારની રાતે ગાંધારેશ્વર પુલ પર ગયા પછી તેણે નદીમાં કૂદકો માર્યો હતો. બનાવની જાણ થતાં પોલીસે માછીમારોની મદદથી તેની શોધખોળ શરૂ કરી હતી, પરંતુ તેની કોઈ ભાળ મળી નહોતી.

ગુરુવારની સવારે નવ વાગ્યાની આસપાસ પેઠમાપ પરિસરમાંના ફરશી તિઠા પુલ નજીક નદીને કિનારે એક વ્યક્તિનો મૃતદેહ ગામવાસીને નજરે પડ્યો હતો. તપાસમાં મૃતદેહ શાહનો હોવાની ખાતરી થઈ હતી. પોસ્ટમોર્ટમ માટે મૃતદેહને કામથે ઉપજિલ્લા હૉસ્પિટલમાં લઈ જવાયો હતો. આ પ્રકરણે ચિપલૂણ પોલીસે એડીઆર નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે મંગળવારની રાતે ૯.૩૦ વાગ્યે શાહે પત્ની સાથે ફોન પર વાત કરી હતી અને પોતે નદીમાં કૂદીને આત્મહત્યા કરી રહ્યો હોવાનું કહ્યું હતું. ડરી ગયેલી પત્નીએ શાહની માતાને આ અંગે જાણ કરી હતી. માતાએ ૧૦ વાગ્યાની આસપાસ દીકરા સાથે છેલ્લી વાત કરી હતી. માતાને પણ શાહે અંતિમ પગલું ભરી રહ્યો હોવાનું કહ્યું હતું. શાહની પત્ની અને માતા ચિપલૂણ પહોંચી હતી. પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે અગાઉ પણ શાહે જીવન ટૂંકાવવાની ચીમકી આપી હતી. છેલ્લા કેટલાક સમયથી તેની પાસે કામ નહોતું, જેને પગલે તેને દારૂ પીવાની આદત લાગી હતી. વળી, માંદગીને કારણે પણ તે કંટાળ્યો હતો. શાહનો મોબાઈલ ફોન અને ચાર્જર પુલ પરથી મળી આવ્યા હતા. ■

## બાંદ્રા-વરલી

સાથે રહેતો હતો. ગાર્મેન્ટનો વ્યવસાય ધરાવતો વેપારી શુક્રવારે સવારે થાણેથી ઘાટકોપર આવ્યો હતો. શોપમાં થોડો સમય વિતાવ્યા બાદ તે પ્રભાદેવી પહોંચ્યો હતો. ત્યાંથી વેપારીએ ટેક્સી પકડી હતી અને સી લિંક પરથી પસાર થતી વખતે ઉબકા આવતા હોવાનું તેમ જ પેટમાં દુખાવો થયો હોવાનું કહી તેણે ડ્રાઇવરને ટેક્સી થોભાવવા માટે કહ્યું હતું. ટેક્સી થોભ્યા બાદ વેપારી બહાર ઊતર્યો હતો અને તેણે સીધું દરિયામાં ઝંપાલાવી દીધું હતું. આ જોઇને ચોંકી ઊઠેલા ડ્રાઇવરે ત્વરિત પોલીસનો સંપર્ક સાધ્યો હતો અને ઘટનાની જાણ કરી હતી.

દરમિયાન ઘટનાસ્થળે દોડી આવેલી પોલીસે અગ્નિશમન દળના જવાનો અને માછીમારોની મદદથી સર્ચ ઑપરેશન હાથ ધર્યું હતું. જોકે હાઇટાઇડને કારણે સર્ચ ઑપરેશનમાં અવરોધ ઊભો થઇ રહ્યો હતો, પરંતુ કલાકોની જહેમત બાદ આખરે બપોરે અઢી વાગ્યાની આસપાસ વેપારીનો મૃતદેહ શોધી કાઢવામાં આવ્યો હતો અને તેને તાત્કાલિક હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ટેક્સીમાં વેપારીની બેગ મળી આવી હતી, જેમાં તેનો મોબાઇલ હતો અને તેમાં પરિવારજનોના અનેક કૉલ આવ્યા હતા. આથી પોલીસે પરિવારનો સંપર્ક સાધ્યો હતો અને તેમને ઘટનાની જાણ કરી હતી. પોલીસે પરિવારજનોના નિવેદન નોંધ્યાં હતાં અને વધુ તપાસ આદરી હતી. વેપારીને છ મહિના અગાઉ વ્યવસાયમાં નુકસાન થયું હતું, જેને કારણે તે તાણ હેઠળ હતો, એમ સૂત્રોએ જણાવ્યું હતું. ■

## થોડી રાહ જુઓ

હતું કે, ઓપરેશન ૩.૦ની શરૂઆત થઈ ચૂકી છે. થોડી રાહ જુઓ, ૧૪ કરતાં પણ વધુ ધારાસભ્યો અમારી સાથે આવશે. એકનાથ શિંદે બોલતા નથી, માત્ર દાઢી પર હાથ ફેરવે છે. આ વાત ખુદ ઉદ્ધવ ઠાકરેના પુત્ર આદિત્ય ઠાકરેએ પણ સ્વીકારી છે. આ શબ્દોમાં ટીકા કરતાં ગુલાબરાવ પાટીલે ઉમેર્યું હતું કે, જ્યારે પણ એકનાથ શિંદે દાઢી પર હાથ ફેરવે છે, ત્યારે 'ઓપરેશન ટાઈગર' સફળ થાય છે. ■

## વરસાદે ચિંતા વધારી

વરસાદ પડવાની શક્યતા હતી. જોકે, દિવસ દરમિયાન હળવો વરસાદ પણ પડ્યો ન હતો. શુક્રવારે મુંબઈ, થાણે, પાલઘર જિલ્લામાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા હતી. ત્યારબાદ, શનિવારે ફરી એકવાર મુંબઈ અને થાણે જિલ્લામાં ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે.

મુંબઈમાં મોડા પહોંચેલા ચોમાસાએ ગુરુવારે વિરામ લેતા મુંબઈગરાઓને ફરીથી અસહ્ય બફારાનો સામનો કરવો પડ્યો હતો. વરસાદને કારણે છેલ્લા બે દિવસથી ૩૦ ડિગ્રી સેલ્સિયસથી નીચે રહેલું તાપમાન ફરી વધી ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ૧ જુલાઈ સુધી સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૦ ડિગ્રીથી ઉપર જ રહેશે. કોલાબામાં ગુરુવારે મહત્તમ તાપમાન ૨૮.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ તાપમાન બુધવાર કરતાં ૨.૩ ડિગ્રી વધારે હતું, જ્યારે સાન્તાક્રુઝમાં, મહત્તમ તાપમાન ફરી એકવાર ૩૦ ડિગ્રીથી ઉપર પહોંચી ગયું હતું.

ગુરુવારે દહાણુમાં મહત્તમ તાપમાન સરેરાશ કરતા ૩.૨ ડિગ્રી વધુ નોંધાયું હતું. દહાણુમાં મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ■

# જૈન મરણ

**જામનગર વિશા પોરવાળ વણિક જૈન**

જામનગર નિવાસી હાલ કાંદીવલી સ્વ. કુસુમબેન વિનોદરાય પારેખના સુપુત્ર કેતનભાઇ (ઉં.વ. ૬૩) તા. ૨૫-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે ફાલ્ગુનીબેનના પતિ. ચી. રુષભના પિતા. અ. સૌ. શીતલના સસરા. મીનાબેન કમલેશકુમાર દોશી, ભરતભાઇ, હિમાંશુભાઇના ભાઇ. શ્વસુર પક્ષે જ્યોત્સનાબેન જશવંતલાલ શાહના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૭-૬-૨૬ શનિવારના ૪થી ૬. ઠે. અલિકા હોલ, લોખંડવાળા ટાઉનશિપ, કાંદિવલી (ઇસ્ટ).

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાડરશીંગા નિવાસી હાલ મુંબઇ જેકુરબેન રતિલાલ જીવરાજ મહેતાના સુપુત્ર સ્વ. હર્ષદભાઇના ધર્મપત્ની તરુણાબેન (ઉં. વ. ૭૬) ગુરુવાર તા. ૨૫-૬-૨૬ના અવસાન પામ્યા છે. તે રિતેશ તથા પાયલના માતુશ્રી. સુજાતા અને હેમલકુમારના સાસુ. અરવિંદભાઇ કિર્તીભાઇ, જયોત્સનાબેન અરવિંદભાઇ ઝવેરી, સ્વ. ભારતીબેન શરદભાઇ શાહના ભાભી. આકોલાવાળા દલીચંદ મુળજી પારેખના દીકરી. બન્ને પક્ષોની સાદડી તા. ૨૭-૬-૨૬ શનિવારના ૩થી ૫. ઠે. શ્રી ડોંગરી શ્વેતામ્બર તપગચ્છીય મૂ. જૈન સંઘ હોલ, શાંતિ બિલ્ડિંગ, ગ્રાઉન્ડ ફ્લોર, નવરોજી હિલ રોડ નં-૨, ભાજી ગલી, મુંબઇ-૪૦૦૦૦૯.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ટાણા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. સુરજબેન વીરચંદભાઈ શાહના પુત્ર ભુપતરાય (ઉં. વ. ૭૮) ૨૫/૬/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. વર્ષાબેન દોશીના ભાઈ. જનક દોશીના સાળા. કેવલ તથા ચિરાગના મામા. શીતલ તથા નીલોફરના મામાસસરા. સ્વ. મનસુખલાલ તથા સ્વ. કેશવાલાલ મણિલાલ શાહ હકાણીના ભાણેજ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વિશાશ્રીમાળી જૈન**

જૂનાગઢ નિવાસી, હાલ બોરીવલી, સ્વ. પ્રાણલાલ ઓતમચંદ શાહના ધર્મપત્ની. ઇન્દુમતીબેન, (ઉં. વ. ૮૫) તા. ૨૫-૦૬-૨૬, ગુરુવારના અરિહંતશરણ પામેલ છે. તે મીના મિલન સંઘવી, નિતીન, અતુલ, પ્રીતિ વિરેન કામદાર, સ્વ. જિતેન, જ્યોતિ મનીષ પટેલના માતુશ્રી. પ્રીતિ, સોનલ, શ્વેતાના સાસુ, જશન, દ્રષ્ટિ, રિયા, પરમ, ધ્વની, નિશાંત, ગૌરવ, હિતાક્ષીના બા, સ્વ. છગનલાલ અભેચંદ પારેખ (પોરબંદર) ના સુપુત્રી. તેમની ભાવયાત્રા તા. ૨૮-૬-૨૦૨૬, રવિવારના સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ ક. પાવનધામ, મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

પુષ્પાબેન મનહરભાઈ દોશી (ઉં. વ. ૯૪) સ્વ. મનહરભાઈ દોશીના ધર્મપત્ની, સ્વ. સમરથબેન તથા હરિભાઈ દોશીના પુત્રવધૂ. દર્શનાબેન તથા અભયભાઈના માતુશ્રી, અલિપ્તના દાદી, સ્વ. સમરથબેન તથા સ્વ. રામજીભાઈ વિરાણીના સુપુત્રી. તા. ૨૬/૦૬/૨૦૨૬ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સાડાઉનાં કેશવજી જેવત ગાલા (ઉં. વ.. ૧૦૦) તા. ૧૬-૬નાં દેવલોક પામ્યા છે. લક્ષ્મીબેનના પતિ. કુંવરબાઇ જેવત પદુના પુત્ર. ઇન્દુમતી, ધીરજ, શશીકલા, મહેન્દ્ર, અલ્પેશના પિતાશ્રી. વીરજી, લખમશી, ઉમરશી, શામજી, પાનબાઇ, વેલબાઇ, ખેતબાઇના ભાઇ. વડાલાના પાનબાઇ નરશી કુંવરજીના જમાઇ. ગુણાનુવાદ સભા : તા. ૨૭-૦૬-૨૬, શનિવાર, ટા. ૨ થી ૩.૩૦. શ્રી વ.સ્થા.જૈ.શ્રા.સં.સં.કરસન લધુ નિસર હોલ, દાદર. (૧લે માળે).

મોખાના મિથિલ વિસરીયા (ઉં. વ. ૩૦) તા. ૨૩-૦૬-૨૬ના અવસાન પામેલ છે. રંજના વિસરીયાના પુત્ર. માહી (સપના)ના પતિ. વડાલાના જીજ્ઞા જીગર અનિલ દેઢીયાના ભાઇ. ચીપલુણના સુહાસીની વિલાસ કાશીરામ મોહીતેના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. પ્રભાબેન દામજી વિસરીયા, ૨/૧૧, રોહીદાસ ભવન, ૨જી રાબોડી, થાણા (વેસ્ટ) ૪૦૦૬૦૧.

તલવાણાના માતુશ્રી સાકરબેન અમૃતલાલ છેડા (ઉં. વ. ૮૬) તા. ૨૪.૬.૨૬ના અરિહંતશરણ પામ્યા છે. સુંદરબેન પ્રેમજી રતનશીના પુત્રવધુ. અમૃતલાલ પ્રેમજીના ધર્મપત્ની. વિજય, સંજીવ, સમીર, વીણાના માતુશ્રી. મોટા આસંબીયાના રાણબાઈ તેજશી શામજી સાવલાના સુપુત્રી. પ્રેમચંદ, મુલચંદ, બાડા નયના નેમચંદ, તલવાણા તારા બિપીન, નલિની પારસના બેન. પ્રા : શ્રી વ. સ્થા.જૈન શ્રા. સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૩૦.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

પીપળવા ગીર નિવાસી હાલ ઘાટકોપર અ. સૌ. પ્રતિભાબેન અજમેરા (ઉં. વ. ૬૪) તા. ૨૫-૬-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે લલિતભાઇ અભેચંદભાઇ અજમેરાના ધર્મપત્ની. ભાવનાબેન-નીતાબેન, ચીમનભાઇ-છાયાબેન, સ્વ.વસંતભાઇ, સ્વ. હર્ષાબેન, સ્વ. અશ્વિનભાઇ-દર્શનાબેન, પ્રફુલ્લભાઇ-રીટાબેન, રાજુભાઇ-રુપલબેન, ધર્મેશભાઇ-રંજનબેન, દિલીપભાઇ સંઘરાજકા-ચંદનબેન કિરીટભાઇ જસાણી-દર્શિકાબેન ભાષિતભાઇ શાહના ભાભી. જીજ્ઞેશ-ધવલના માતુશ્રી. જાગૃતિ -પ્રિયલના સાસુ. ઇવાન-પૃથ્વીના દાદી ધારી નિવાસી સ્વ. જયસુખલાલ હિંમતલાલ જસાણીના સુપુત્રી. પ્રીતીબેન કપાસી, સ્મિતાબેન અજમેરા-અલકાબેન મહેતા, મિલનભાઇ-અમિતભાઇના બેન. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

# પારસી મરણ

પેરીન પી. મોતાફરામ તે મરહુમ પરવેઝના ધન્યાની. તે મરહુમો તેહમીના પીરોજશા લાહેરના દીકરી. તે મરહુમો તેહમુલ, મીનુ, રતી, બાનુ ને કેટીના બહેન. તે દેઝી, જસમીન, હુતોકક્ષીના માસી. તે હોમી ને રોશનીના પરસીના ફૂઇ. તે જગુ તથા મરહુમ બરજોરના દેર. (ઉં. વ. ૮૯) રે. ઠે. એફ-૫૬, ત્રીજે માળે, ખુશરુબાગ, એસ. બી. એસ. રોડ, કોલાબા, મુંબઇ-૪૦૦૦૦૫. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૭-૬-૨૬ને દીને બપોરે ૩.૪૫ વાગે કોલાબા કરાની અગિયારીમાં.

# હિન્દુ મરણ

**ઔદિચ્ય સહસ્ત્ર સાઠા બ્રાહ્મણ**

ટીટોઇ નિવાસી હાલ ઘાટકોપર ઇશાન જિનેશ ઠાકર તે જિનેશ અરવિંદભાઇ ઠાકર તથા મિતાબેન ઠાકરના પુત્ર (ઉં. વ. ૩૨) તે સ્વ. અરવિંદભાઇ ગૌરીશંકર ઠાકર તથા સ્વ. બબીબહેન અરવિંદભાઇ ઠાકરના પૌત્ર. અનિલભાઇ ચિમનલાલ ત્રિવેદી તથા મધુબહેન અનિલભાઇના દોહિત્ર. સ્વ. ભારતીબહેન દિલીપભાઇ શુકલ તથા ગીતાબહેન નીતીનભાઇ ભટ્ટ તથા પારુલ કિરીટ ભટ્ટના ભત્રીજા. મિનલ ત્રિવેદીના ભાણીયા રવિવાર, તા. ૨૧-૬-૨૬ના દેવલોક પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૮-૬-૨૬ રવિવારના સાંજે ૫થી ૭. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. લવન્ડર બાગ, ૧લે માળે, ૯૦ ફીટ રોડ, બાપસ સ્વામી નારાયણ મંદિર પાસે, ઘાટકોપર (ઇસ્ટ).

**કચ્છી રાજગોર બ્રાહ્મણ**

વિજયાબેન દિનેશચંદ્ર રાજગોર (ઉં. વ. ૫૮) હાલ બોરીવલી તે સ્વ. દિનેશચંદ્ર કાશીરામ રાજગોરના ધર્મપત્ની. તે સ્વ. ઝવેરબેન કાશીરામ રાજગોરના પુત્રવધૂ. રૂપલ અને હાર્દિકના મમ્મી. તે સ્વ. શંકરજી, સ્વ. કરસનજી, સ્વ. મોહનજીના ભત્રીજા વહુ. તે હરિશંકરભાઇના નાનાભાઇના પત્ની. ચારુબેન રસીકલાલ નાકરના ભાભી. તે સ્વ. રતનબેન ભવાનીશંકર નાકર ખોંભડીવાલાની પુત્રી તા. ૨૫-૬-૨૬ના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૬-૨૬ શનિવારના સાંજે ૪થી ૬. ઠે. કચ્છી રાજગોર મિત્ર મંડળ હોલ, લવકુશ બિલ્ડિંગ, ૨જે માળે, પાંચ રસ્તા, કિર્તી મહેલ હોટેલની ઉપર, મુલુંડ (વેસ્ટ).

**હાલાઇ લોહાણા**

કુર્લા નિવાસી સ્વ. તારામતી ભગવાનદાસ વિઠલાણી (ઉં. વ. ૮૩) તે લક્ષ્મીબેન ભગવાનદાસ વિઠલાણીની સુપુત્રી. વિજયકુમાર હરીદાસ ગણાત્રાની માતુશ્રી. દક્ષાબેનના સાસુ. શિવાંગ અને તેજલ ચીમન અગ્રવાલના દાદીમા તા. ૨૫-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મારુ સોની**

અરુણ રમણિકલાલ ઝવેરી (ઉં. વ. ૬૮) મુંબઇ નિવાસી તા. ૨૫-૬-૨૬ ગુરુવારના શ્રીજીચરણ પામેલ છે. સ્વ. રમાબેન રમણિકલાલના પુત્ર. સ્વ. ભરતભાઇ રમણિકલાલના ભાઇ. રૂપલબેનના પતિ. ફેનીલ અને અનુષ્કાના પિતા. રેખાબેન, દેવીબેન, કુસુમબેન, પ્રીતીબેનના ભાઇ. પ્રમીલાબેન પ્રમોદભાઇ મિસ્ત્રીના જમાઇ. પ્રાર્થનાસભા તા. ૨૭-૬-૨૬ના સાંજે ૪થી ૬. માટુંગા-મુંબઇ-૧૯.

**દશા શ્રીમાળી વણિક**

અ. સૌ. ભદ્રિકાબેન (ઉં. વ. ૭૨) તે મહેન્દ્રભાઇ નવનીતલાલ દલાલના પત્ની. સ્વ. દેવેન્દ્ર, સ્વ. રાજેન્દ્ર (શ્યામભાઇ), સ્વ. કિશોર, રવિન્દ્ર, હરેન્દ્ર, હંસા રણજીત પરીખ, નરેન્દ્ર, પલ્લવી વિનય શાહ, દિપકના ભાભી. પિયર પક્ષે ગં. સ્વ. સુશીલાબેન સુંદરલાલ મોદીના પુત્રી. સુનીલભાઇના બહેન. જાસ્મીન બહેનના નણંદ. ગુરુવાર ૨૫મીએ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૨૭-૬-૨૬ શનિવારના સાંજે ૫થી ૭. ઠે. લક્ષ્મીનારાયણ મંદિર, માધવબાગ, એ. સી. હોલ, સી. પી. ટેન્ક સર્કલ, મુંબઇ-૪૦૦૦૦૪.

**દશા શ્રીમાળી વૈષ્ણવ**

ભુમલી નિવાસી હાલ વર્સોવા મુંબઇ સ્વ. અરવિંદભાઇ કેશવલાલ મોદીનાં ધર્મપત્ની ગં. સ્વ. પ્રમોદાબેન મોદી (ઉં. વ. ૯૧) તે સ્મિતાબેન જયેશભાઇ પારેખના માતુશ્રી. જયેશભાઇ ગૌતમભાઇ પારેખના સાસુ. સ્વ.ઘનશ્યામભાઇ મથુરાદાસ મહેતાના બહેન. સ્વ. વિનોદભાઇ, કનુભાઇ, સુરેન્દ્રભાઇનાં ભાભી તા. ૨૬-૬-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

## મહારાષ્ટ્ર સરકાર

અગાઉ અન્ય પછાત વર્ગોને મળતા હતા. આ નિર્ણયને પગલે શૈક્ષણિક અને અન્ય કલ્યાણકારી યોજનાઓ લગભગ સમાન બની ગઈ છે. આ બધી પહેલ પાછળનો ઉદ્દેશ્ય સમાજના શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત રહેલા વર્ગોને આગળ લાવવાનો છે. મુખ્ય પ્રધાને આરોપ કર્યો હતો કે મરાઠા, ઓબીસી, પછાત અને વિચરતા સમુદાયોને સ્પર્ધકો તરીકે દર્શાવી ઘણીવાર વિભાજન બનાવવાના પ્રયાસો કરવામાં આવે છે. આ બધા સમુદાયો છત્રપતિ શિવાજી મહારાજના અનુયાયીઓ છે. તેમણે ક્યારેય જાતિના આધારે ભેદભાવ નહોતો કર્યો.ફડણવીસે વધુમાં જણાવ્યું હતું કે સારથી દ્વારા અત્યાર સુધીમાં બે લાખથી વધુ યુવાનો અને યુવતીઓએ યુપીએસસી, એમપીએસસી અને બેંકિંગ ક્ષેત્ર સહિત વિવિધ સ્પર્ધાત્મક પરીક્ષાઓ તેમજ વિવિધ સરકારી યોજનાઓ હેઠળ તાલીમ મેળવી છે. (પીટીઆઈ) ■

## આદિત્યમાં નેતૃત્વ

વર્ષ કામ કરતા રહીશું? ૪૦ વર્ષથી કામ કરી રહ્યા છીએ. યુવા નેતાઓએ પક્ષની કમાન સંભાળવી જોઈએ, અને તેઓ તે કરી રહ્યા છે. તેઓ (આદિત્ય) સત્તાવાર રીતે પણ તે કરશે, તેમની પાસે ક્ષમતા છે, અને અમે તેમનું સ્વાગત કરીશું.' ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળનો પક્ષ છોડી ગયેલા નેતાઓ ખરા અર્થમાં બળવાખોર નહોતા' એવી દલીલ કરી રાઉતે જણાવ્યું હતું કે બળવાખોર શબ્દ ભગત સિંહ અને સુખદેવ જેવા સ્વાતંત્ર્ય સેનાનીઓ માટે અનામત રાખવો જોઈએ. પૈસા અને સત્તા માટે પાટલી બદલતા રાજકારણીઓ માટે ઉપયોગમાં ન લેવો જોઈએ. ઉદ્ધવ ઠાકરેનો પ્રવાસ પક્ષપલટો કરનારા સંસદ સભ્યોના મતવિસ્તારોમાં મતદારો અને કાર્યકરોને પક્ષની સ્થિતિ સીધી રીતે સમજાવવા સંપર્ક કરવાનો એક પ્રયાસ હતો. (પીટીઆઈ) ■

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# વીક એન્ડ

## સ્પોર્ટ્સમૅન

સાશા
feedback@bombaysamachar.com

# ફૂટબૉલના મેદાન પર ખેલાડીઓની ખૂનખાર ટક્કર, વૈશ્વિક બજારમાં કંપનીઓ વચ્ચે અબજો ડૉલરનો ખેલ

### ફિફા વર્લ્ડ કપમાં ખેલાડીઓના જર્સી અને શૂઝ હોય છે ખરા, હથિયાર અને ફૂટબૉલ ફિલ્ડ બની જાય છે વેપારનું રણમેદાન



ફૂટબૉલના મેદાન પર બૉલને કિક મારવાની સાથે પગ વચ્ચે નાખીને હરીફને નીચે પાડવાની પણ તરકીબ અજમાવાતી હોય છે.



ફૂટબૉલમાં હરીફ ખેલાડીઓ બૉલ પર કબજો કરવા એકમેકની જર્સી ખેંચીને પાછળ રાખે એ સામાન્ય બાબત છે.

ફૂટબૉલ મૅચ અંતિમ મિનિટ સુધી ચાલી હતી, સ્ટેડિયમમાં બેઠેલા ૮૦,૦૦૦ પ્રેક્ષકોનો શ્વાસ જાણે થંભી ગયો હતો, કરોડો આંખો ટીવી સ્ક્રીન પર જામી ગઈ હતી, અચાનક બૉલ વીજળીની ઝડપે ડિફેન્ડરોની દીવાલને ભેદીને ગોલપોસ્ટમાં સમાઈ ગયો હતો. એ સાથે જ આખું સ્ટેડિયમ જાણે જ્વાળામુખીની માફક ફાટ્યું, કેટલાક લોકો રડી પડ્યા તો કેટલાકની ખુશીનો કોઈ પાર નહોતો. અમુક લોકો અટ્ટહાસ્ય કરી રહ્યા હતા તો કેટલાક લોકો એકમેકને ભેટી રહ્યા હતા. દુનિયા આને ફૂટબૉલનો જાદુ કહે છે, પરંતુ વાસ્તવમાં એ જ ક્ષણે મેદાન પરના ઘાસના પ્રત્યેક તણખલાં, પ્રત્યેક ખેલાડીની જર્સી અને તેમના પગે બાંધેલા શૂઝ પાછળ અબજો રૂપિયાનો ખેલ ચાલી રહ્યો હતો.

હા, આ ખેલ સ્ટેડિયમમાં બેઠેલા પ્રેક્ષકો અનુભવ કરતા હતા એટલો રોમાંચક નથી હોતો. ખરેખર તો આ ખેલ દુનિયાની અનેક માર્કેટો પર કબજો કરવાનો છે. એમાં ગોલ માત્ર સ્કોર નથી વધારતો, પણ કંપનીઓની તિજોરી ભરતો હોય છે. અહીં તો ખેલાડીઓની પ્રતિભાની સાથોસાથ તેમની લોકપ્રિયતાની પણ બોલી બોલાતી હોય છે. ક્લબોની વફાદારી, બ્રૅન્ડ્સની રણનીતિઓ અને જાહેરખબરોનું પ્રમાણ નક્કી કરે છે કે આગામી વિજેતા કોણ હશે?

ફૂટબૉલની રમતમાં બહારથી જે ચમકદમક દેખાય છે અને આ ખેલ જેટલો રંગીન છે એટલો જ અંદર પૈસાનો એવો કારોબાર થાય છે જેને નિર્મમ અને પ્રતિસ્પર્ધી, વિશ્વાસઘાતી કહી શકાય તેમ જ હરીફ ખેલાડીઓ વચ્ચેની લાતમલાત તો બધાની સામે છે જ. ફૂટબૉલના મેદાન પર ખેલાડીઓ એકમેકને નીચે પાડવાના જ પ્રયાસમાં હોય છે, પણ અસલી ટક્કર મેદાનની બહાર થતી હોય છે અને એ ઘર્ષણ ગોલપોસ્ટ વચ્ચેનું નહીં, પરંતુ બોર્ડ રૂમમાં, જાહેરખબરની એજન્સીઓ વચ્ચે, ખેલાડીઓના કૉન્ટ્રેક્ટને લગતું અને અબજો રૂપિયાની બજારમાં થાય છે. અહીં હથિયાર તરીકે બંદૂક નથી હોતી. અહીંના વેપન હોય છે જર્સી, શૂઝ, બ્રૅન્ડ ઍમ્બેસેડરની નિયુક્તિ તથા માર્કેટિંગની વ્યૂહરચના. ક્યારેક તો હરીફાઈ ગળાકાપ હોય છે જેને લીધે એને કોર્પોરેટ દુનિયાની ગૅન્ગવૉર તરીકે ઓળખાવવામાં આવે છે.

આજે ફૂટબૉલનો વૈશ્વિક વેપાર સેંકડો અબજ ડૉલરની ઇકોસિસ્ટમમાં ફેરવાઈ ગયો છે. આ જાગતિક બજારમાં અનેક જાણીતી બ્રૅન્ડ વચ્ચે અને એની માલિકી ધરાવતી તથા સ્પોર્ટ્સ ગુડ્સનું ઉત્પાદન કરતી બહુરાષ્ટ્રીય કંપનીઓ વચ્ચેની હોડ દાયકાઓથી ચાલે છે. ઉલ્લેખનીય છે કે ફિફા વર્લ્ડ કપનું આ ૯૬મું વર્ષ છે અને હાલમાં અમેરિકા, કૅનેડા, મેક્સિકોમાં એની ૨૩મી સીઝન ચાલી રહી છે.

ફૂટબૉલ ઉદ્યોગની સૌથી જાણીતી વાત બે સગા ભાઈઓ વચ્ચેની છે. જર્મનીના હર્જોગેનૌરાખ નામના નાના શહેરમાં રહેતા બે સગા ભાઈ ઍડોલ્ફ ડૅસ્લર અને રુડૉલ્ફ ડૅસ્લરે ભેગા થઈને શૂઝનો વ્યવસાય શરૂ કર્યો હતો. જોકે બીજા વિશ્વયુદ્ધ બાદ બન્નેના સંબંધો બગડી ગયા હતા જેને કારણે કંપની વિખેરાઈ ગઈ હતી. એક ભાઈએ અદીદાસ અને બીજા ભાઈએ પ્યૂમા નામની બ્રૅન્ડને લોકપ્રિય બનાવવાનું અભિયાન શરૂ કર્યું હતું. કહેવાય છે કે તેમના ઝઘડાને લીધે આખું શહેર જાણે બે હિસ્સામાં વહેંચાઈ ગયું હતું. લોકો સામેવાળાને મળે ત્યારે સૌથી પહેલાં એ જોતા હતા કે તેણે અદીદાસના શૂઝ પહેર્યાં છે કે પ્યૂમાના. ત્યાર પછી જ તેમની વચ્ચે ચર્ચા શરૂ થતી હતી. ફૂટબૉલના ઇતિહાસમાં કોર્પોરેટ ક્ષેત્રે ભાગ્યે જ આવું વિભાજન થયું હશે અને બન્ને પક્ષ વચ્ચે ભાગ્યે જ આટલી ગળાકાપ હરીફાઈ થઈ હશે.

૧૯૬૦ અને ૧૯૭૦ના દાયકામાં કંપનીઓને સમજાઈ ગયું હતું કે વિશ્વ કપ જીતનારી ટીમ કરતાં વધુ મહત્ત્વપૂર્ણ એ ખેલાડી છે જેને આખી દુનિયા જોઈ રહી છે. બસ, એ સમજને પગલે જ ખેલાડીઓના મુદ્દે કોર્પોરેટ જંગ શરૂ થયો હતો. બ્રાઝિલના મહાન ખેલાડી પેલેના મુદ્દે અદીદાસ અને પ્યૂમા વચ્ચે જે ઘર્ષણ થયું એના વિશે આજે પણ માર્કેટિંગનાં પાઠ્યપુસ્તકોમાં ખાસ ઉલ્લેખ છે. ૧૯૭૦ના વર્લ્ડ કપ દરમ્યાન એક અનૌપચારિક સમાધાન થયું હતું કે બન્ને કંપની પેલેને પોતાના પ્રચાર-યુદ્ધથી દૂર રાખશે, કારણકે તેમને હાંસલ કરવાનું મૂલ્ય ધાર્યા કરતાં અનેકગણું હતું. જોકે વર્લ્ડ કપના થોડા જ દિવસ પહેલાં પેલેને મનાવવામાં પ્યૂમા કંપની સફળ થઈ હતી. મૅચ શરૂ થતાં પહેલા પેલેએ રેફરીને પોતાના શૂઝની દોરી બાંધવા માટે રમત રોકી હતી અને કૅમેરા તેમના શૂઝ પર ઝૂમ કરવામાં આવ્યા હતા. એ જ ક્ષણે કરોડો દર્શકોએ પ્યૂમાનો લોગો જોયો હતો. ગણતરીની ક્ષણોનું આ દૃશ્ય ખેલકૂદ ક્ષેત્રે ઇતિહાસની સૌથી સફળ જાહેરખબર બની ગઈ હતી. વૈશ્વિક વેપારનો આવો જ જંગ મૅરડોના, મેસી અને રોનાલ્ડો પરની બોલીના મુદ્દે થઈ ચૂક્યો છે. ૧૯૮૦ના દાયકાથી કંપનીઓએ ખેલાડીઓને માત્ર પ્લેયર નહીં, પણ હરતીફરતી જાહેરખબરના બોર્ડ સમાન માનવાનું શરૂ કરી દીધું હતું.

મૅરડોના, મેસી અને રોનાલ્ડો જેવા ખેલાડીઓને સાઇન કરવા માટે કરોડો ડૉલરની આડકતરી બોલી બોલાવાની શરૂ થઈ ગઈ હતી. ઘણી વાર એવું બનતું કે એક ખેલાડી માટે કંપનીઓ વર્ષો સુધી વાટાઘાટ ચાલુ રાખતી હતી. કૉન્ટ્રેક્ટોમાં એ પણ નક્કી થયું હોય છે કે ખેલાડી પત્રકાર પરિષદમાં કયા શૂઝ પહેરશે? સોશ્યલ મીડિયા પર કઈ અને કેવી તસવીર પોસ્ટ કરશે? વિશ્વ કપમાં કયા રંગના બૂટ પહેરશે? આ સંઘર્ષ પ્રતિભા હાંસલ કરવા માટેનો નહીં, પણ પ્રેક્ષકો-દર્શકોની માનસિકતા પર કબજો કરવા માટેનો ખેલ બની ગયો છે. આ જંગમાં માત્ર ખેલાડીઓ નહીં, પણ મોટી-મોટી ફૂટબૉલ ક્લબો પણ સામેલ હોય છે. મૅન્ચેસ્ટર યુનાઇટેડ, રિયલ મૅડ્રિડ, એફસી બાર્સેલોના અને લિવરપૂલ એફસી જેવી ક્લબોની જર્સી દુનિયામાં ખૂણે-ખૂણે વેચાતી હોય છે. એટલે જ કંપનીઓ ખેલાડીઓ ઉપરાંત આ ક્લબો સાથે પણ કરોડો ડૉલરના કૉન્ટ્રેક્ટ કરતી હોય છે.

આજે પણ વર્લ્ડ કપ દરમ્યાન માત્ર જર્સીઓનો કરોડોમાં વેપાર થતો હોય છે. એટલે જ તો માત્ર ટ્રૉફી જ ટીમની સફળતા નથી મનાતી. ટીમની જર્સીનું વેચાણ શૂઝનું વેચાણ, લાઇસન્સિંગ અને જાહેરખબરો પણ નિર્ણાયક ભૂમિકા ભજવે છે. કીલિયાન ઍમ્બપ્પે કે જૂડ બેલિંગમ કે અર્લિંગ હાલૅન્ડ ગોલ કરે છે તો માત્ર સ્કોર બોર્ડ નથી બદલાતો, કરોડો ડૉલરનો વેપાર પણ થઈ જતો હોય છે. ટૂંકમાં કહીએ તો કંપનીઓ માટે ફૂટબૉલ વર્લ્ડ કપ માત્ર રમત નથી, પણ દર ચાર વર્ષે થતો સૌથી મોટો વૈશ્વિક વેપાર પણ છે. ફૂટબૉલની આ જ તો અદૃશ્ય દુનિયા છે જ્યાં જર્સી એટલે હથિયાર, ખેલાડીઓ માત્ર મ્હોરા હોય છે અને વૈશ્વિક બજાર ખરું રણમેદાન છે. ■

## અરાઉન્ડ ધ વર્લ્ડ

પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# શુહોલ્ટ - શાંતિ ને સાદગી વચ્ચે કુદરતનું આર્ટ એક્ઝિબિશન...









નોર્વેના આલેસુન્ડ તરફ જતા પહેલાં અમારે બે રાત એક ફ્યોર્ડના કિનારે જરા જુનવાણી વિલામાં રિલેક્સ કરતાં કરતાં ગાળવાનો પ્લાન હતો. ભારતીય મૂળનાં પ્રવાસીઓ કેટલું રિલેક્સ થઈ શકે તે પ્રશ્ન તો ખરો જ. અમે લોકો ગાઇરેન્ગરના હેન્ગઓવરમાં જ વધુ એક ફેરીમાં ગાડી ચઢાવવા માટે લાઈનમાં ઊભાં હતાં. ફેરી ઊપડવામાં સમય હતો. હજી ફેરી આવવામાં પણ ઘણી વાર હતી. અમે સ્થાનિક નાસ્તાને રીફિલ કરવાનાં મૂડમાં આવી ગયાં. આનલ, આર્યા અને હું નજીકમાં જ એક ગ્રોસરી સ્ટોર પહોંચ્યાં. નક્કી કરીને નીકળેલાં કે થોડાં કેળાં, ચિપ્સ, બીજું કોઈ ફ્રૂટ લઈને ફટાફટ પાછું ભાગવું એવી વાત હતી. કુમાર અને જીગર કારને ફેરીમાં પ્રવેશવાની લાઈનમાં ઊભા હતા. હજી અમે માંડ એક-બે ચીજો હાથમાં લઈ શકીએ તે પહેલાં તો તે બંનેના ફોન આવી ગયા, ફેરીમાં પ્રવેશવાની લાઈન ખુલ્લી છે, એ લોકો સાઇડ પર ઊભા છે, જલદી જ ફેરી જતી રહેશે.

અમે ફટાફટ બિલ કરાવીને દોડ લગાવી. જે રસ્તે આવ્યાં હતાં એ જ રસ્તો પાછો લીધો. સાથે જીપીએસ ચાલુ હતું તે એક શોર્ટકટ બતાવતું હતું, પણ તે સમયે નવો રસ્તો ટ્રાય કરવાનો અખતરો કરવા જેવું ન હતું. એવામાં હાંફતાં હાંફતાં અમે પહોંચ્યાં ત્યારે હજી ફેરી નીકળી ન હતી, પણ હવે સાઇડમાંથી અંદર જવા માટેની લાઈન વધુ મોટી થઈ ગઈ હતી. આઇડ્સડાલ ફેરી સ્ટેશન પર અચાનક જ જાણે ઘણાં લોકોને સામેની બાજુ જવાની ઉતાવળ આવી ગઈ હોય તેવું લાગ્યું. અમને ઉતાવળ એ હતી કે જો આ ફેરી ચાલી જશે તો અમને સાંજે મજેદાર વિલા પર મજા કરવામાં ઓછો સમય મળશે. પાંચેક મિનિટ માટે તો એવું લાગ્યું કે થોડો નાસ્તો લેવાનો છેલ્લી ઘડીનો નિર્ણય અમને તે રાતના ઘરે પહોંચવામાં બે કલાક મોડાં પાડી દે તેમ હતું. અને અમે માની લીધું કે હવે અહીં ક્યાંક આઇડ્સડાલમાં જ જમવા માટે રોકાઈ જઈશું, ત્યાં અમારા માટે ફેરીમાં જવાનો રસ્તો ઓપન થયો. અમે અંદર છેલ્લાં હતાં. દિવસ દરમ્યાન ફેરીની ઘણી ફ્રિકવન્સી હતી, પણ સાંજ પડ્યે લોકો પોતપોતાનાં ઘરે કે હોટલ પર પહોંચી જતાં એવું માનીને દર બે કલાકે બોટની વ્યવસ્થા હતી. અમે એક વાર અંદર પહોંચી ગયાં પછી તો હાંફી ગયેલાં એ ક્યાંય ભુલાઈ ગયું. તે પછી સાથે લાવેલી ચિપ્સ જ યાદ આવી.

અમે સાંજે આલેસુન્ડના રસ્તામાં આવતાં એક નાનકડાં ગામમાં જવાનાં હતાં. ત્યાં પહોંચવાનો રસ્તો પણ જાણે કોઈ અલગ દુનિયા તરફ જતો હોય તેવું લાગ્યું. એક તરફ હરિયાળી અને બીજી તરફ ચોર્ડ, જ્યાં જુઓ ત્યાં કુદરત પોતાનું આગવું એક્ઝિબિશન લગાવીને બેઠું હોય તેવું લાગતું હતું. શુહોલ્ટ ગામ આવ્યું એટલે લાગ્યું કે આ ગામ ધાર્યું હતું એટલું નાનું પણ નથી. વિલાના માલિકે વ્યવસ્થા ગોઠવેલી કે અમારે ચાવી લેવા માટે ગામના એક માત્ર કાફે જવાનું હતું. તે કાફે પર જઈને કાઉન્ટર પર કહ્યું કે અમે આવી ગયાં છીએ. એટલે પાંચેક મિનિટમાં તે ભાઈની ગાડી પણ આવી અને અમને ચાવી મળી. તેઓ સાથે પણ આવ્યા અને અમને આખો વિલા બતાવ્યો. પાંચ જણાં માટે સાત બેડરૂમનો વિલા જરા વધુપડતો મોટો પડશે તેવું લાગતું હતું, પણ બધું ઠંડીમાં કોમ્પેક્ટ રહે તેવું નાનકડું હતું. બસ પેટિયો ભવ્ય હતો. બરાબર ચોર્ડ પર ખૂલતો પેટિયો અને કોઈ બીચ હાઉસ જેવું ડેકોરેશન અમને એવું મજાનું લાગ્યું કે પહેલાં તો એવી વાત થઈ કે પછીના દિવસે આલેસૂન્ડ જવાનો પ્લાન કાપીને ત્યાં જ રોકાઈએ. ચોર્ડમાં ડૂબકીઓ મારીએ, નાનકડી બોટ રાઇડ લઈએ અને નક્કી કર્યું હતું તે મુજબ ખરેખર રિલેક્સ થઈએ.

આમ પણ અહીં રાત તો પડતી ન હતી. તે સાંજે જમીને અમે ગામમાં આંટો મારવા નીકળ્યાં. એક બ્રિજ, એક નાનકડું બોટ પાર્કિંગ, થોડી દુકાનો, ઘણાં હોલીડે હોમ્સ અને એક નાનકડી હાઈક ટ્રેઇલ, જ્યાં ઓપનઍર મ્યુઝિયમ માટે ખુલ્લા આકાશ નીચે શિલ્પો ગોઠવવામાં આવ્યાં હતાં. ત્યાં બસ ચાલ્યા જ કરીએ એવું મન થતું હતું. થોડી જ વારમાં એક હટ આવી. ત્યાં બેસીને વાંચવા માટે ઓશિકાં પણ ગોઠવેલાં હતાં. જ્યાં નજર પડે ત્યાં ગ્રિલ કરવા, પિકનિક કરવા, વાંચવા કે ક્રાફ્ટ માટે કામ લાગે તેવી ચીજો ગોઠવેલી દેખાતી હતી. અહીંની સ્થાનિક મ્યુનિસિપાલટીઓ પાસે પણ ઘણું બજેટ હતું, તે સ્પષ્ટ નજરે પડતું હતું. બાકી આ તો હાઇવે ટચ એક નાનકડું ગામડું હતું. ગામની વસતી ૯૦૦ જેટલી માંડ હતી. તેમાં બે દિવસ માટે પાંચ લોકોનો આંકડો વધી ગયો હતો. અને આ પાંચેયને ગામ છોડીને જવાની ખાસ ઇચ્છા ન હતી. અમે રાત્રે સાડા બારે આંટો મારીને ઘરે પાછાં આવ્યાં ત્યારે સૂરજ ઊગતો હતો કે આથમતો હતો તે સમજાયું નહીં. અમે સમજવાનો પ્રયત્ન પણ હવે છોડી દીધો હતો. અહીં ઉનાળામાં રાત્રે અંધારું જોઈએ તો જાતે જ કરવું પડે. વગડા અને ચોર્ડ વચ્ચે એક ચર્ચ કે મોનાસ્ટરી જેવી ઇમારત પણ દેખાઈ. આ નાનકડા ગામ માટે તો એ જ ચર્ચ હતું, એ જ સરકારી ઓફિસ અને ત્યાં જ કલ્ચરલ સેન્ટર પણ હતું.

શુહોલ્ટ અમને આટલું ગમી જશે તે ધાર્યું ન હતું. અમારા માટે તે ગામ માત્ર આલેસુન્ડ અને ટ્રોલ ટૂન્ગા જેવી સાઇટ્સ માટે સેન્ટ્રલ લોકેશન બની રહેશે એમ માની ને ત્યાં રોકાયાં હતાં. અને હવે ત્યાં એવી મજા આવી ગઈ હતી કે એક પ્લાન તો એવો બન્યો કે જ્યારે પણ નોર્વે આવીએ ત્યારે આ ઘરમાં તો જરૂર રોકાવું એ નક્કી થઇ ગયું. શુહોલ્ટ જાણે અમને બાકીનું નોર્વે એક્સપ્લોર કરવા પુશ કરી રહ્યું હોય તેમ બીજા દિવસે સવારમાં એવો વરસાદ પડ્યો કે ત્યાં ઘરમાં બેસી રહેવામાં કોઈનું મન ન માન્યું. તેમાંય વેધર ફોરકાસ્ટ જોયું તો આલેસુન્ડમાં કોરો દિવસ હતો. હવે તો અહીંથી નીકળ્યે જ છૂટકો. આલેસુન્ડ તરફ જતાં જ ત્યાંના અનુભવોમાં શુહોલ્ટની સાદગી ક્યાંય ભુલાઈ ગઈ. ■

# બર્થ-ડે કાર્ડ



## એક આગવી રહસ્ય કથા

ટીના દોશી

**નીલમ** સમસમી ગઈ. જે થવાનો ડર હતો એ જ થયું. છેલ્લાં ત્રણ વર્ષથી પોતે આનંદને પામવા મથી રહી હતી. એ ઘડી નજીક આવતી દેખાઈ ત્યાં જ કોણ જાણે આ અંજલિ ક્યાંથી ખાબકી અને આનંદને...મારા આનંદને આંચકી ગઈ. પોતાનાં સપનાંનો મહેલ કડડડભૂસ થઇ ગયો. બીજ રોપ્યું પોતે ને ફળ ખાય કોઈ બીજું! ત્રણ વર્ષની મહેનત પર ક્ષણમાં પાણી ફરી વળ્યું.પણ પોતે એટલી સહેલાઈથી આનંદ અને અંજલિને એક નહીં થવા દે!

દીવાન એન્ડ દીવાન ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ ફર્મ હતી. તેનો માલિક હતો આનંદ દીવાન. નીલમ આનંદની સેક્રેટરી હતી. જોકે નીલમ ફર્મમાં જોડાઈ ત્યારે સામાન્ય કારકુનીનું કામ કરતી. આનંદના પિતા અમુલખરાય કંપનીનો વહીવટ સંભાળતા. આનંદ ક્યારેક જ આવતો. નીલમની આંખ ત્યારથી આનંદ પર ઠરેલી. સોહામણો ને દેખાવડો હતો આનંદ. આજે નહીં તો કાલે ફર્મ તો આનંદ જ સંભાળવાનો છે એવી એને ખબર હતી. એટલે જ આનંદ આવે ત્યારે એ કોઈ ને કોઈ બહાને એની નજર સામે આવતી. કોને ખબર કઈ ઘડીએ ઈશ્વર પ્રસન્ન થઈને તથાસ્તુ કહી દે અને પોતે વરદાનમાં આનંદને માગી લે.

એક દિવસ અમુલખરાયે આનંદ સાથે નીલમની ઓળખાણ કરાવી. નીલમ સ્વપનના સાતમા આસમાનમાં વિહરવા લાગેલી. આનંદે ઔપચારિક સ્મિત માત્ર કર્યું એટલામાં તો નીલમના કાનમાં શરણાઈઓ ગુંજવા લાગેલી. નજર સામે ફૂલગજરાથી સજાવેલો માંડવો દેખાયેલો. સુશોભિત માંડવામાં વરરાજા અને નવવધૂનો હસ્તમેળાપ. ગુલાબી સાફા ને રેશમી શેરવાનીમાં સજ્જ વરરાજા આનંદ ને લાલ કિનારીવાળા સફેદ સિલ્કના પાનેતરમાં શોભતી દુલ્હન પોતે.

પણ હવે...પરિસ્થિતિ બદલાઈ હતી. વરરાજા તો આનંદ જ હતો, પણ લાલ ઘરચોળામાં સજ્જ દુલ્હનનો ચહેરો પોતાનો નહોતો. એ ચહેરો અંજલિનો હતો. નીલમની આંખોમાં અદેખાઈના તણખા ઝર્યા. ઈર્ષ્યાની રતાશ ફૂટી. આ અંજલિ ન હોત તો... પોતાનું સપનું સાકાર થવાની અણી પર જ હતું!

પોતાનું સપનું સાચું પડે એ માટે નીલમ કેટલાય સમયથી પ્રયત્ન કરી રહેલી. અમુલખરાય નિવૃત્ત થઇ ગયેલા અને આનંદે કંપનીનું કામ સંભાળી લીધું. નીલમની નિષ્ઠા જોઇને એને પોતાની સેક્રેટરી બનાવી દીધી, ત્યારે તો બધું હાથવેંતમાં જ જણાતું હતું. સતત આનંદના સાંનિધ્યમાં રહેવાનું થતું. એટલે પોતે થોડા જ દિવસોમાં આનંદનો ગમોઅણગમો, એની પસંદ-નાપસંદ બધું જ જાણી લીધેલું. આનંદ અંગેની ક્વીઝ રમાય તો જવાબ જીભને ટેરવે હોય એટલું બધું કંઠસ્થ થઇ ગયેલું.

નીલમ રાત્રે સૂતાં સૂતાં ગણિતના પાડા કે પછી ગુજરાતીના પાઠ પાકા કરતી હોય એમ મનોમન રટતી કે, આનંદનો ગમતો રંગ ગુલાબી, ગમતું ફૂલ ગુલાબ, મનપસંદ વાનગી પરોઠા ને પનીર પસંદ, એને ભાવતી મીઠાઈ મોહનથાળ, એને પસંદ પીણું ચાય કે કોલ્ડ કોફી પણ ચાલે... ને એને આ ગમે ને પેલું ગમે..એને આ ન ગમે ને પેલું ન ગમે...ખુદ આનંદને પોતાના અંગે ખબર નહીં હોય એટલું નીલમ જાણતી હતી. આનંદ નામની ધરીની આસપાસ એ ચકરાવો લીધા કરતી. કેન્દ્રમાં આનંદ ને વર્તુળમાં ગોળ ગોળ ઘૂમતી પોતે. આ પ્રકારની કલ્પનાઓમાં રાચવું નીલમને ખૂબ ગમતું. એણે એ જાણવાનો ક્યારેય પ્રયત્ન ન કર્યો કે જે પોતે વિચારે છે તે જ આનંદ પણ વિચારે છે કે નહીં!

નીલમ એ વિચારવા જ નહોતી માગતી. એમાં શું વિચારવાનું! બધું સ્પષ્ટ જ તો છે. દેખાય તો છે. આનંદ એમનેમ ઓછો પોતાને ચા પીવા ચેમ્બરમાં બોલાવતો હશે! કોઈ ફાઈલ શોધવા નિમિત્તે કે બીજા કોઈ બહાને પોતાને બોલાવ્યા કરતો હોય છે, એ પોતે નથી સમજતી શું? ત્રણ દિવસ પહેલાં આનંદને ગમતા ગુલાબી રંગનો ડ્રેસ પહેરેલો ત્યારે એ કેવું જોઈ રહેલો. એણે નજરથી પ્રસંશાનાં પુષ્પો વેરેલાં. હા, એ ખરું કે આનંદે પોતાના મોઢેથી કોઈ એકરાર કર્યો નથી,

પણ એની આંખો બોલતી હોય છે, એનું શું? એટલું તો હું વાંચી જ શકું ને ! કદાચ એ મને નાણી જોવા માંગતો હોય, તે ભલે નાણે ! કદાચ મારી કસોટી કરતો હોય, તે ભલે કરે! આ ઇશ્ક નથી આસાન, એક આગનો દરિયો છે ને ડૂબીને પાર ઊતરવાનું છે ! હું તો આવા સો આગના દરિયા ડૂબીને ઓળંગવા તૈયાર છું !

નીલમ ખયાલોમાં ખોવાઈ ગઈ. બધું કેટલું સરસ ગોઠવાઈ ગયેલું. એમાં આ અંજલિ ટપકી પડી. પોતે એનું શું બગાડ્યું હતું? કયા જનમનું વેર વાળતી હતી એ કે પછી વેરની વસૂલાત કરતી હતી. કોને ખબર. પણ એને કારણે આનંદને જીતવાના પોતાના બધા પ્રયાસો પર પાણી ફરી વળ્યું.ચકલીની જેમ એક એક સળી એકઠી કરીને માળો બનાવી રહી હતી તે અંજલિ નામના પવને એક જ સપાટામાં વેરવિખેર કરી દીધો. એક એક ઈંટનું ચણતર કરીને પોતે બનાવેલું ઘર રેતીનો મહેલ બની ગયું અને અંજલિ નામના દરિયાનાં એક જ મોજાંએ એને ધોઈ નાખ્યું. મોં સુધી આવેલો કોળિયો છીનવાઈ ગયો. કિનારે આવેલી નૌકા ડૂબી ગઈ. પોતાના જીવનમાં જે ચંદ્ર ખીલવાનો હતો તે હવે થાળીમાંનો ચાંદ બની ગયો.

પોતાના પર જ ગુસ્સો આવ્યો નીલમને. કેટલી મૂર્ખ હતી પોતે. આનંદને સમજી ન શકી. અંજલિને પણ! અંજલિનું સ્મરણ કરતાં નીલમનું મોઢું કડવું થઇ ગયું. હજુ હમણાં તો મોંમાં બાસુંદીનો સ્વાદ હતો, આ કારેલાની કડવાશ ક્યાંથી આવી ગઈ? અંજલિ હજુ ત્રણ મહિના પહેલાં જ નોકરીમાં જોડાયેલી. પ્રમાણમાં શ્યામ.પણ કાળી નહીં. આંજણ આંજેલી આંખો. કમળલોચન સાથે સરખાવી શકાય એવી પાતલડી પરમાર. મુઠ્ઠીમાં સમાય એવડી કમર કદાચ આને જ કહેતા હશે. નાકનકશો નમણો. પહેલી નજરે ગમી જાય એવી. પણ આનંદને પણ ગમી જશે એવી ક્યાં ખબર હતી? નહીંતર નોકરીમાં રાખત જ નહીં. આવી ત્યારે કેવી ભોળી દેખાતી હતી, પણ કેવી લુચ્ચી નીકળી! મારા આનંદને મારાથી દૂર કરી દીધો. હમણાં સુધી જે આનંદ સાવ નજીક હતો, તેની છબી ધૂંધળી થતાં થતાં આંખોથી સાવ ઓઝલ જ થઇ ગઈ અને પોતાને ખબર પણ ન પડી !

અને ખબર પડી પણ ક્યારે! જ્યારે મોડું થઇ ચૂક્યું હતું. ઘણું મોડું! છેલ્લા એક અઠવાડિયાથી આનંદ અને અંજલિ એક જ રંગનાં વસ્ત્રો પહેરીને આવતાં. આનંદ કાળું શર્ટ પહેરે તો અંજલિએ કાળી સાડી પહેરી હોય, આનંદે વાદળી કોટ પહેર્યો હોય તો અંજલિ એ જ રંગના ડ્રેસમાં હોય, આનંદ ગુલાબી બ્લેઝર પહેરે તો એ જ રંગનું ચૂડીદાર અંજલિએ પહેર્યું હોય... કંપનીમાં બધાંને ધ્યાને આવેલું, પણ પોતે કેમ એ જોઈ ન શકી. જોકે જોવા છતાં સ્વીકારી નહોતી શકી કે આનંદ અને અંજલિ વચ્ચે...મનમાંય વાક્ય પૂરું ન કરી શકી નીલમ. યોગાનુયોગ ગણીને મનમાંથી અણગમતા વિચારને ખંખેરી નાખ્યો. આંખ બંધ કરી દીધી. પણ એમ આંખ બંધ કરે અંધારું થોડું થાય છે !

> **એમ આસાનીથી આનંદને હાથમાંથી સરકી જવા દેવાય નહીં. મારો નહીં તો એનોય નહીં. અંજલિ.. તને તો પાઠ ભણાવવો જ રહ્યો. તેં ઝેરી નાગણની પૂંછડી પર પગ મૂક્યો છે. તારે ડંખ ખાવો જ પડશે.**

ખુદ આનંદે કહ્યું તોય પોતે માનવા ક્યાં તૈયાર હતી! નીલમની આંખે ઝળઝળિયાં આવ્યાં. આનંદે કહેલું, ‘નીલમ, તું તો મારી સેક્રેટરી છે. સાથે જ સારી મિત્ર પણ છે. એક કામ કહું તો કરીશ?’

‘હા, હા.. કેમ નહીં!’ કહેતી નીલમને આશા બંધાયેલી. પોતે જે સાંભળવા માગે છે એવું જ કંઇ આનંદ કહેશે. પણ પોતાની આશા ઠગારી નીવડી. રણમાં તો મૃગજળ જ હોય, જળનાં સરોવર ન હોય!

આનંદે કહ્યું: ‘આજે અંજલિનો જન્મદિવસ છે. એટલે જ એણે રજા લીધી છે. મને હમણાં જ ખબર પડી. પહેલાં ખબર પડી હોત તો હું જ પ્રેઝન્ટ લઇ આવત. પણ અત્યારે એ શક્ય નથી. તને તો ખબર જ છે કે મારી મહત્ત્વની મીટિંગ આખો દિવસ ચાલશે. સાંજે અમે એટલે કે હું અને અંજલિ ડિનર લેવા બહાર જવાનાં છીએ. મારે એને ગિફ્ટ આપવી છે. તો તું લઇ આવને !’

‘હું....’ નીલમના પગ તળેની જમીન ખસી ગઈ. એને થયું કે દુનિયા આખી ગોળ ગોળ ઘૂમે છે ને પોતે ચક્કર ખાઈને પડી જશે.

‘હા, હું બીજા કોઈને કહી શકું એમ નથી...’ કહીને આનંદ બોલ્યો: ‘ઝવેરીબજારમાં ઝવેરાતનો શોરૂમ છે તે તો તેં જોયેલો જ છે. ત્યાંથી એક આકર્ષક હીરાની વીંટી લાવવાની છે. સાથે મારા નામનું એક બર્થડે કાર્ડ પણ મૂકી જ દેજે. છેલ્લી ઘડીએ વળી ભુલાઈ જશે. વીંટી લઈને સીધી અહીં આવી જજે. હવે તું નીકળી જા.’

નીલમ ઊભી થઇ. અત્યાર સુધી દિલોજાનથી જે આનંદને ચાહ્યો હતો એ જ આ આનંદ હતો ? અને અંજલિ !જે અંજલિને પોતે કામ શીખવેલું એણે જ પોતાની પાસેથી આનંદને પડાવી લીધો ! હે ઈશ્વર, આ ન્યાય નથી, અન્યાય છે ! પોતાની સાથે થયેલા અન્યાયનો બદલો લેવો જ રહ્યો. એમ આસાનીથી આનંદને હાથમાંથી સરકી જવા દેવાય નહીં. મારો નહીં તો એનોય નહીં. અંજલિ.. તને તો પાઠ ભણાવવો જ રહ્યો. તેં ઝેરી નાગણની પૂંછડી પર પગ મૂક્યો છે. તારે ડંખ ખાવો જ પડશે. નીલમના ચહેરા પર ક્રૂર સ્મિત રમી રહ્યું. એ અત્યારે ફેણ ચડાવેલી નાગણ જેવી જ દેખાતી હતી!

નીલમ રસ્તામાંથી એક બર્થડે કાર્ડ લઈને સીધી ઝવેરાતમાં ગઈ. આનંદ આ જ શો રૂમમાંથી ખરીદી કરતો. એટલે નીલમને પણ સહુ ઓળખતાં હતાં. ઝવેરીએ મખમલની દાબડીઓ ખોલીને વીંટીઓ દેખાડી. નીલમે એક સુંદર હીરાની વીંટી પસંદ કરી. પેક કરવા કહ્યું. સાથે પોતે લાવેલું બર્થડે કાર્ડ પણ મૂકવા કહ્યું. પછી વીંટીની દાબડી અને કાર્ડવાળી રેશમી વસ્ત્રની બટવા જેવી ઝોળી લઈને તુરંત ત્યાંથી નીકળી ગઈ. રસ્તામાં જ અંજલિનું ઘર આવતું હતું. અંજલિ ગામડેથી આવેલી.એકલી જ રહેતી હતી એ નીલમને ખબર હતી. નીલમ કંઈક વિચારીને સીધી અંજલિને ઘેર ગઈ. અંજલિએ દરવાજો ખોલ્યો. નીલમને જોઇને આશ્ચર્ય વ્યક્ત કર્યું. પછી હસીને પ્રેમથી આવકાર આપ્યો. સોફામાં બેસાડી. બોલી : ‘અરે, નીલમ, તું અચાનક આમ અહીં... શું વાત છે ? પણ ઊભી રહે.. પહેલાં હું પાણી લઈ આવું.પછી નિરાંતે વાતો કરીએ.’આમ કહીને અંજલિ રસોડા ભણી ચાલી. પણ જેવીને પીઠ ફેરવી ત્યાં તો નીલમે અંજલિના ગળામાં ટેલિફોનનો વાયર ગાળિયો બનાવીને વીંટાળી દીધો. અંજલિએ સામનો કરવાનો પ્રયત્ન કર્યો. ઘાંટા પાડવાનો પ્રયાસ કર્યો. પણ અવાજ ગળામાં જ અટવાઈ ગયો. શ્વાસ રુંધાવા લાગ્યો. ગાળિયાની ભીંસ વધતી ચાલી. અંજલિનો શ્વાસ રુંધાવા લાગ્યો. બેત્રણ મિનિટ તરફડિયાં માર્યા પછી અંજલિ ઢળી પડી. નીલમે એની નાડી જોઈ. મોં પાસે હાથ રાખીને જોયું. અંજલિના શ્વાસોશ્વાસ બંધ થઇ ગયેલા. એ મૃત્યુ પામેલી. ઈશ્વર તારા આત્માને શાંતિ આપે ! એ સાથે જ મનમાં વિચાર ઝબૂક્યો, હવે તો હું અને આનંદ...આનંદ અને હું !

નીલમે અંજલિના કમરામાં એક નજર કરી લીધી. પોતે અહીં આવ્યાનાં કોઈ નિશાન ન રહી જાય એની કાળજી રાખેલી. હં, કોઈ નિશાની નથી... એક સંતોષ સાથે નીલમ ત્યાંથી નીકળી ગઈ. સીધી ઓફિસે. નીલમ પહોંચી ને આનંદની મીટિંગ પણ પૂરી થઇ. નીલમે એને વીંટીવાળું પેકેટ આપ્યું. આનંદે વીંટી જોઈ. અત્યંત સુંદર હતી વીંટી. આનંદે નીલમનો આભાર માન્યો. પછી અચાનક યાદ આવ્યું હોય એમ પૂછી બેઠો: ‘અરે, આમાં બર્થડે કાર્ડ તો નથી. તું ભૂલી તો નથી ગઈને?’

નીલમ ચોંકી ગઈ. એના ચહેરાનો રંગ ઊડી ગયો. ઝવેરીને પોતે હાથોહાથ કાર્ડ આપેલું, એટલે એમણે તો મૂક્યું જ હશે. તો શું પોતે અંજલિના ઘરમાં... હા, કદાચ પેલા પેકેટમાંથી સરકી ગયું હોય એમ બને. પોલીસને તપાસમાં કાર્ડ મળી જ જશે. એટલે પોતે ત્યાં ગઈ હોવાનું અને અંજલિનું ખૂન કર્યાનું પણ સાબિત થઇ જશે. તો તો... પોતાનું આવી બનશે. નીલમને નજર સામે ફાંસીનો ફંદો ઝૂલતો દેખાયો. નીલમ થરથર કાંપવા લાગી. અરેરે, ઝનૂનમાં આવી જઈને પોતે ખૂન કરી નાખ્યું!

‘અરે, સાંભળે છે કે નહીં? હું તને પૂછી રહ્યો છું....’ આનંદના અવાજે નીલમને ઢંઢોળી: ‘કાર્ડ લેવાનું રહી ગયું કે શું ? પછી અંજલિને થશે કે...’ નીલમને કાંઈ જ સંભળાતું નહોતું. આનંદ બોલ્યે જતો હતો, પણ નીલમ એકાએક રોઈ પડી. એ કહેવા લાગી કે, ‘મને માફ કરી દો. હું તમને પ્રેમ કરતી હતી, પણ તમે અંજલિ પ્રત્યે આકર્ષાયા.એટલે મેં જ ઇર્ષ્યાના આવેગમાં આવીને અંજલિનું ખૂન કરી નાંખ્યું છે. એને ગળે વાયરનો ગાળિયો બનાવીને. પેલું કાર્ડ પણ ત્યાં જ પડી ગયું.’ કહીને નીલમે ટૂંકમાં આખી વાત કરી.

આનંદ આશ્ચર્ય અને આઘાતથી નીલમને જોઈ રહ્યો. આ છોકરી પોતાની સેક્રેટરી હતી, પણ પોતે એને ઓળખી શક્યો નહોતો. આનંદે પોલીસને ફોન જોડ્યો. હકીકત બયાન કરી. થોડી જ વારમાં પોલીસ આવી પહોંચી. નીલમે ગુનાનો એકરાર કર્યો. પોલીસે હાથકડી લંબાવી, ત્યાં તો પેલા ઝવેરીનો માણસ આવી પહોંચ્યો. કહેવા લાગ્યો: ’આ બર્થડે કાર્ડ પેકેટમાં મૂકવાનું હું ભૂલી ગયેલો. પણ અહીં પોલીસ..’

નીલમ ઘડીમાં કાર્ડને તો ઘડીમાં હાથકડીને ફાટી આંખે જોઈ રહી ! ખાડો ખોદે એ પડે કહેણી અનુસાર પોતે ખોદેલા ખાડામાં એ પોતે જ ઊંધેમાથે પટકાઈ હતી! ■

**આવતા અઠવાડિયે નવી કથા**

---

**સ્થાપત્યનું વાઈ-ફાઈ**

# ચીનનું શેનઝેન સાયન્સ - ટેક્નોલોજી મ્યુઝિયમ

હેમંત વાળા feedback@bombaysamachar.com









**ખરેખર**, કોઈ બી જાય તેવી રચના છે. ઘણાને આ વાક્ય સાથે નારાજગી હશે. તેમાં પણ ખાસ કરીને સ્થપતિ ઝાહા હદીદના ચાહકોને તો ખાસ. નારાજગી યોગ્ય પણ ગણાય, જ્યારે જે વ્યક્તિને ‘આદર્શ’ ગણીને તેની રચનાના માત્ર ગુણગાન ગાવાની જ તૈયારી હોય ત્યારે આ પ્રકારનાં વાક્યથી થોડી તકલીફ તો પડે જ. કદાચ આ તકલીફ વધારે પણ હોય. ભલે, પરંતુ ક્યારેક તો તટસ્થતાથી વિચારવાની આવશ્યકતા સ્વીકારવી રહી. ચીનના ગુઆંગમિંગ વિસ્તારનું આ સાયન્સ એન્ડ ટેકનોલોજીનું મ્યુઝિયમ છે જે ચીનના આ ક્ષેત્રના પ્રયોગો, સંશોધન, ભવિષ્યની સંભાવના તથા ઉપલબ્ધિ પ્રસ્તુત કરશે. અહીં આ ક્ષેત્રની વર્તમાન પરિસ્થિતિ સાથે ભવિષ્યને વ્યાખ્યાયિત તેમજ નિર્ધારિત કરતી બાબતોની કાયમી તેમજ હંગામી પ્રદર્શની યોજાશે.

વિશ્વના એક મોટા મહાનગરમાં આ રચના સૂચિત કરવાનો હેતુ સ્વાભાવિક રીતે આ ક્ષેત્ર માટે જાગ્રતતા કેળવાય, અમુક પ્રકારનો રસ જાગ્રત થાય, તે રસને પોષણ મળે તથા ભવિષ્ય માટે એક ભૂમિકા તૈયાર થાય તે માટેનો હોય. ૩૫૦૦૦ ચોમી વિસ્તારના વિસ્તારમાં કાયમી તેમજ હંગામી પ્રદર્શન હોલ, બીજા લગભગ એટલાં જ વિસ્તારમાં મુલાકાતીઓ માટેની અન્ય સુવિધાઓ, ૬૦૦૦ ચોમી જેટલાં વિસ્તારમાં થિયેટર, ૫૪૦૦ ચોમી જેટલાં વિસ્તારમાં સંશોધન માટેની પ્રયોગશાળાઓ તથા કેટલીક પ્રાથમિક શૈક્ષણિક સુવિધાઓ, તથા અન્ય સંરચનાગત વ્યવસ્થા સાથેનું આ એક વિશાળ બાંધકામ છે. અહીંનું કુલ બાંધકામ એક અંદાજ પ્રમાણે ૧૩૦૦૦૦ ચોમી જેટલું થવાં જાય છે. જ્યારે આવું વિશાળ બાંધકામ હોય ત્યારે તેમાં બહુ જ ઊંચી કક્ષાની સંવેદનશીલતાની આવશ્યકતા રહે. નાનું બાળક કોઈ રમકડું બનાવે તો તેમાં વિચિત્રતા હોઈ શકે, ‘સૂગ’ ચડે તેવી બાબતો પણ હોઈ શકે, બાળક પોતાનાં મનસ્વી વિચાર પ્રમાણે રચના કરવા માટે સ્વતંત્ર પણ હોય, પરંતુ જ્યારે આ રચના કે આવી રચના હજાર ગણા મોટાં પ્રમાણમાં બનાવવાની હોય ત્યારે સમજ, અનુભૂતિ અને પરિણામ બધું જ બદલાઈ જાય.

રૂપકડું રમકડું પણ જ્યારે વિશાળતા ધારણ કરે ત્યારે તે પ્રત્યે અરુચિ પણ જન્મી શકે. તેવાં સંજોગોમાં મૂળભૂત વિચારમાં ફેરબદલ અને સાથે સાથે વિશેષ પ્રકારના વિગતીકરણની આવશ્યકતા રહે. આ મ્યુઝિયમનો આજ એક મોટો પ્રશ્ન છે.

વાતો તો ઘણી થાય છે. હવે તો દરેક સ્થપતિ પોતાનાં પ્રત્યેક મકાન માટે અમુક પ્રકારની વાત તો કરતાં જ હોય છે. બધાં જ સ્થપતિ એમ જણાવતાં હોય છે કે તેમનાં દ્વારા નિર્ધારિત કરાયેલાં મકાનમાં આજુબાજુના સ્થાનિક સંજોગોને હકારાત્મક પ્રતિભાવ અપાયો છે, પર્યાવરણની સ્થાનિક બાબતોનું ધ્યાન રખાયું છે, આજુબાજુની અને તે વિસ્તારની વનરાજી માટે સંવેદનશીલતા જાળવવામાં આવે છે, ઊર્જાની ખપત ઓછી રહે તે રીતે મકાનની રચના કરાઈ છે, મકાનની કાર્બન ફૂટપ્રિન્ટ ઓછી રહે તેનું ધ્યાન રાખવામાં આવ્યું છે, તે વિસ્તાર અને શહેરની સ્થાપત્ય શૈલીનું અનુસરણ કરાયું છે, આબોહવાના વિપરીત પરિબળો સામે ‘પેસિવ’ રીતે રક્ષણ મળે તેવા પ્રયત્ન થયા છે, વૈશ્વિક ગ્રીન બિલ્ડિંગના ધારાધોરણ પ્રમાણે તે પ્રશંસનીય રચના છે, વરસાદના પાણીનો સંગ્રહ કરાયો છે અને સૂર્યનાં કિરણોનો ઊર્જાના ઉત્પાદન માટે ઉપયોગ કરાયો છે, અને આ બધાં સાથે ચોક્કસ પ્રકારની રચનાત્મક સંવેદનશીલતા જાળવવામાં આવી છે, આજકાલ આ ‘કેસેટ’ દરેક મકાન માટે દરેક સ્થપતિ દ્વારા વગાડવામાં આવે છે.

મોટાભાગના કિસ્સામાં આ વાસ્તવિકતાથી ભિન્ન કહી શકાય તેવો દાવો હોય છે. શેનઝેન સાયન્સ એન્ડ ટેકનોલોજી મ્યુઝિયમ આમાં અપવાદ નથી. હકીકત તો એ છે કે આ મકાનમાં આ પ્રકારના દાવા વધુ પ્રખરતાથી અને વધુ ખોટી રીતે કરાયાં છે.

શહેરની એક મહત્ત્વપૂર્ણ જગ્યા પર શહેર માટે અગત્યનું કહી શકાય તેવું મકાન કેવી રીતે બનાવવું જોઈએ, એ યક્ષ-પ્રશ્ન આજે પણ પોતાનો યોગ્ય જવાબ શોધે છે.

નાગરિકના અસ્તિત્વ પર રચના હાવી ન થવી જોઈએ, માનવી સાથે ભાવાત્મક સંબંધ સરળતાથી સ્થાપિત થવું જોઈએ, આકાર પ્રમાણમાપ અને વિગતીકરણમાં માનવીય સંવેદનશીલતાનું પ્રતિબિંબ ઊભરવું જોઈએ, ઉપયોગિતા સાથે ‘કોમ્પ્રોમાઈઝ’ બાંધછોડ કર્યા વગર અંદરના વિશ્વ અને બહારની પરિસ્થિતિ વચ્ચે સર્જનાત્મક તેમ જ રસપ્રદ સંવાદ સ્થપાવો જોઈએ, નાની નાની બાબતોનો સમાવેશ પણ થયેલો હોવો જોઈએ અને સમગ્રતામાં તે બાબતોનો રચનાત્મક ફાળો હોવો જોઈએ, એકંદરે એક પ્રકારની હળવાશ અનુભવાવવી જોઈએ અને તે બધાં સાથે માનવી અને માનવી વચ્ચેનો વ્યવહાર તેમ જ સંવાદ સહજ બનવો જોઈએ. વ્યાપારી મકાનોમાં હોય છે તે પ્રકારની ચમક-દમકની ગેરહાજરી પણ જરૂરી ગણાય. બંધિયારપણાથી મુક્તિની અનુભૂતિની પણ આવશ્યકતા રહે.

અતિ વિશાળ કહી શકાય તેવો અસંવેદનશીલ આકાર, તેના વિભાગીકરણમાં પણ વર્તાતો સંવેદનશીલતાનો અભાવ, રંગ વિશે પણ નકારાત્મકતા ઊભરી શકે તેવી પરિસ્થિતિ, જ્યાં માનવીય પ્રમાણમાપની આવશ્યકતા હોય ત્યાં પણ ‘જાયજેન્ટિક’ પ્રમાણમાપ, આજુબાજુની પરિસ્થિતિ સાથે સ્થાપિત થતો ઉગ્ર વિરોધાભાસ, બાહ્ય આકારની પસંદગી માટેના તર્કબદ્ધ કારણનો અભાવ અને આ બધાં સાથે જે છે તેને યોગ્ય સાબિત કરવાનો પ્રયત્ન - આ બધી બાબતોએ આ મકાન માટે ઘણાં પ્રશ્નો ઊભાં કર્યા છે. વળી પ્લાનના અભ્યાસ થકી એમ જરા પણ નથી જણાતું કે આ પ્રકારના સ્થાન આયોજન માટે આ પ્રકારનાં વિચિત્ર કહી શકાય તેવાં આકારની આવશ્યકતા હતી.

આ મ્યુઝિયમ કદાચ લાંબા સમયગાળા સુધી ઉપયોગમાં લઈ પણ શકાય, પરંતુ મૂળ પ્રશ્ન તો તેની દૃશ્ય અનુભૂતિમાં રહેલી અસ્વીકૃતિનો છે.

કોઈને આ મકાન લંગર કરાયેલા વહાણ જેવું લાગે છે તો કોઈકને અવકાશી યાન જેવું. કોઈક આને સ્થિર માને છે તો કોઈ આની પાછળ ચલિતતા અનુભવે છે. કોઈ આ મકાનને સ્થાપત્યના ક્ષેત્ર માટે ભવિષ્યનું દિશા-સૂચન સમજે છે તો કોઈક માટે આ મકાન ભૂતકાળ પર કરાયેલ વજ્રઘાત સમાન છે. અમુક લોકો આને સ્થળની વિશિષ્ટ પરિસ્થિતિઓનો વોલ્યુમેટ્રિક પ્રતિભાવ સમાન માને છે, પણ તે પણ સ્વીકારી શકાય તેમ નથી.

જ્યારે આ પ્રકારની સમજમાં સાતત્યતાનો સદંતર અભાવ હોય ત્યારે એક વાત તો સ્થાપિત થાય જ કે રચના નિર્ધારણ પાછળ કોઈ ‘સ્પષ્ટ સ્વીકૃત’ ખ્યાલ નથી. ■

એક નજર ઈધર ભી...
કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

# ધર્મસ્થાનોમાં મહેરામણ, પણ કલાસ્થાનોમાં પાંખી હાજરી

## નાથદ્વારા, આબુ-અંબાજીનાં મંદિરોમાં સહેલાણીઓની ભરતી જોવા મળે છે, પરંતુ મ્યુઝિયમ વગેરેમાં ગણ્યાગાંઠ્યા લોકો દેખાય... આવી ઉદાસીનતા કેમ?

**વિદેશના** લોકો અને વિશેષ કરી દેશાવર રહેતા ભારતવાસીઓમાં આપણો દેશ મેડિકલ ટૂરિઝમ માટે જાણીતો અને માનીતો છે. વિદેશમાં રોજગાર અર્થે વસતા ભારતવાસીને મેડિકલ અંગેની સારવાર માટે ભારત 'સસ્તું ભાડું અને સિદ્ધપુરની જાત્રા' જેવું લાગે છે. મેડિકલ ટૂરિઝમ'ની જેમ હવે ભારતમાં 'રિલિજિયસ - સ્પિરિચ્યુઅલ ટૂરિઝમ' છેલ્લાં કેટલાંક વર્ષોમાં ખાસ્સું વિકસ્યું છે. આજની તારીખમાં ભારતની કુલ વસતિના ૬૦ ટકા લોકો ૩૫ વર્ષથી ઓછી ઉંમરના છે અને એમનામાં ઈશ્વર આસ્થાનું પ્રમાણ ખાસ્સું હોવાથી રિલિજિયસ ટૂરિઝમ ૨૦૩૪ સુધીમાં અધધ ૧૩૪ બિલિયન અમેરિકન ડૉલરને આંબી જવાની સંભાવના છે. જોકે, ધર્મસ્થળોની સરખામણીએ સાંસ્કૃતિક સ્થળો માટે ઓછું આકર્ષણ છે. ધાર્મિક પ્રવાસન એટલે મંદિર, દેરાસર કે મઠની મુલાકાત જેમાં શ્રદ્ધા અને ભક્તિનો સરવાળો હોય. સાંસ્કૃતિક પ્રવાસન (કલ્ચરલ ટૂરિઝમ) એટલે જે તે સ્થળનો ઈતિહાસ, કલા અને જીવનશૈલી જાણવાનો - સમજવાનો પ્રયાસ. ૧૦ જૂનથી ૨૦ જૂન દરમિયાન મહેસાણાથી રાણકપુર - ફાલના સુધીના પ્રવાસમાં આ વાત ઊડીને આંખે વળગી તો આજે આપણે ધાર્મિક સ્થળ વિશે જાણીએ.


રાણકપુરમાં વિદેશી સહેલાણીઓ ઊમટે છે

નાથદ્વારાનું શ્રીનાથજીનું મંદિર, અંબાજીની શક્તિપીઠ - ગબ્બરના ગોખની અખંડ જ્યોત, માઉન્ટ આબુમાં દેલવાડાના દેરાસર કે પછી રાણકપુરનું પ્રખ્યાત દેરાસર હોય, આ સર્વ ઠેકાણે અંદર ફોટોગ્રાફી પર કડક અને સખત પ્રતિબંધ છે. હા, ધર્મસ્થાનકની બહારથી ફોટોગ્રાફ લેવા દે અને વ્યવસ્થાતંત્ર સાથે સંકળાયેલા લોકો જ મદદ કરે. પચીસેક વર્ષ પહેલા વિવિધ ધર્મસ્થાનની મુલાકાત લીધી ત્યારે પ્રતિબંધ નહોતો. તો હવે કેમ એ જાણવાની જિજ્ઞાસા થઈ. કેટલાંક વર્ષ પહેલાં અમુક યુવાનોએ ધર્મ સ્થાનકની અંદર પ્રતિમા પાસે કન્યા પાસે નર્તન કરાવતો વીડિયો ઉતારી એ વાયરલ કર્યો હતો. વાત ફરતી ફરતી ધર્મસ્થાનના વહીવટકર્તાઓ સુધી પહોંચી. આ પ્રયાસ હીણો અને દેવસ્થાનનું અપમાન કરનારો લાગતા તાત્કાલિક અસરથી કેમેરા લઈ જવા પર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો.


મૂછાળા મહાવીરઃ વિશિષ્ટ પ્રતિમા

(આજે તો અમુક ધર્મસ્થળોની અંદર જ પ્રિ-વેડિંગ શૂટ કરવાનું ગાંડપણ વધી રહ્યું છે!!)

સલામતીના કારણોસર તેમ જ પૂજા - ભક્તિ કરતી વખતે કોઈ ખલેલ ન પહોંચે એ પ્રતિબંધના મુખ્ય કારણો છે. જો કારણ ધાર્મિક હોત તો અનેક ધર્મસ્થાનકના યુટ્યૂબ પર લાઈવ દર્શન ઉપલબ્ધ ન હોત.

**દેલવાડાના દેરાસરઃ** ગુજરાતનો સુવર્ણકાળ માનવામાં આવતા સોલંકી કાળ દરમિયાન ઉત્તમ સ્થાપત્યના ધર્મસ્થાનોનું નિર્માણ થયું એમાં માઉન્ટ આબુના દેલવાડાના દેરાસરની વિશિષ્ટ ખ્યાતિ છે. એમાં સ્તંભો અને છતોમાં કોતરણી નયનરમ્ય છે. મંદિરના ગભારામાં મૂળ નાયક ઋષભદેવની પ્રતિમા છે. મંદિરમાં ઠેર ઠેર મૂર્તિઓ અને અભિલેખો જોવા મળે છે. અંદર સુંદર કોતરણીવાળા બે મોટા ગવાક્ષ છે જે 'દેરાણી-જેઠાણીના ગોખલા' તરીકે ઓળખાય છે. દેરાસરમાં તીર્થંકરો અને મહાપુરુષોના જીવનપ્રસંગો બારીકાઈથી કોતરેલા છે. દીવાલો તથા છતમાં જૈન ધર્મ સંબંધિત ભાવ દશ્યો કોતરેલા છે. અનેક લોકો માને છે કે સ્થાપત્યની દૃષ્ટિએ દેલવાડાના દેરાસર તેમ જ રાણકપુરનું દેરાસર તાજમહાલ કરતાં ચડિયાતા છે.



પંચમુખી હનુમાન ગામના લોકોની પહેલ

**નાથદ્વારા - શ્રીનાથજીઃ** વલ્લભ સંપ્રદાયના ભક્તો માટેનું આ વિશિષ્ટ સ્થાન છે. ભારતના અગ્રણી અને પવિત્ર તીર્થસ્થાનોમાં એની ગણના થાય છે. શ્રીનાથજી કૃષ્ણ ભગવાનનું સ્વરૂપ છે. ૧૭મી સદીમાં સ્થપાયેલા અહીંના ભવ્ય મંદિરમાં ભગવાન શ્રીનાથજીની મનોહારી, શ્યામરંગી મૂર્તિ છે. આ મૂર્તિ ઈ. સ. પૂર્વે બારમી સદીની હોવાનું કહેવાય છે. પુષ્ટિમાર્ગના નિયમો અનુસાર સમય સમય પર દર્શનાર્થે મંદિર ઊઘડે છે. આ પ્રકારના દર્શનને 'ઝાંખી' કહે છે. શ્રીનાથજીની આ મૂર્તિ શ્રી વલ્લભાચાર્યને ગોવર્ધન પર્વત પરથી મળી હોવાની નોંધ છે. અહીં દરરોજ ભગવાનના આઠ દર્શન થાય છે. મંગળા, શૃંગાર, ગ્વાલ, રાજભોગ, ઉત્થાપન, ભોગ, આરતી અને શયન. નાથદ્વારા મંદિર પરિસરની બહાર ચિત્રકારો ભગવાનના જુદાં જુદાં દર્શનોનાં ચિત્રો દોરે છે જે 'પિછવાઈ' તરીકે ઓળખાય છે. સિનિયર સિટીઝન માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હોવાથી કોઈ મુશ્કેલી વિના સન્મુખ દર્શન કરવાનો લ્હાવો મળે છે.

**રાણકપુર - મૂછાળા મહાવીરઃ** ફાલનાથી સડકમાર્ગે માત્ર એક કલાકના અંતરે આવેલું રાણકપુર સંભવતઃ એકમાત્ર પ્રખ્યાત ધર્મતીર્થ છે જ્યાં રહેવા માટે એરકન્ડિશન્ડ રૂમ નથી. અને હા, અહીં ફોન તેમજ ઈન્ટરનેટ સર્વિસ લગભગ કામ નથી કરતી. અલબત્ત, અહીં આવનારા (ધાર્મિક વૃત્તિવાળા તેમજ સ્થાનકની ભવ્યતામાં રુચિ ધરાવતા) લોકો માટે એ ફરિયાદનું કારણ નથી. અરવલ્લી પર્વતની ઘાટીના મધ્યમાં આવેલા આ દેરાસરનું બાંધકામ પંદરમી સદીમાં થયું હતું. અનેક લાક્ષણિકતા ધરાવતા આ દેરાસરની મુખ્ય વિશેષતા એ છે કે એમાં ૧,૪૪૪ સ્તંભોની અનુપમ રચના છે.આ સ્તંભો આડી અને ઊભી એવી જુદી જુદી હારમાં એવા યોજનાબદ્ધ ગોઠવવામાં આવ્યા છે કે જેથી આ આખાય મંદિરમાં કોઇ પણ સ્થળે ઊભેલા દર્શનાર્થીને વિના અવરોધે તીર્થંકર ભગવાનના અચૂક દર્શન થયા વગર રહે નહીં. આ સ્તંભો એક બાજુ સ્થાપત્ય-સૌંદર્યનો અનુભવ કરાવે છે, બીજી બાજુ દર્શનમાં અંતરાય નથી બનતાં. એના સ્થપત્યની ખ્યાતિ દેશાવર પ્રસરી હોવાથી આવતા વિદેશીઓ માટે બપોરના બારથી સાંજના પાંચનો સમય ખાસ ફાળવવામાં આવ્યો છે. રાણકપુરના દેરાસરથી વીસેક કિલોમીટર દૂર મૂછાળા મહાવીરની પ્રતિમા સાથેનું આલીશાન દેરાસર છે. મહાવીર સ્વામીના ચહેરા પર મૂછનો આકાર દેખાતો હોવાથી એ મૂછાળા મહાવીર તરીકે ઓળખાય છે. એની અલગ કથા છે. તીર્થંકરનું આવું સ્વરૂપ ભારતમાં બીજે ક્યાંય નથી. આ દેરાસર પ્રાચીન છે પણ એનો જિર્ણોદ્ધાર વિક્રમ સંવત ૨૦૧૦ (ઈ.સ. ૧૯૫૪)માં શરૂ થયો અને વિક્રમ સંવત ૨૦૨૨ (ઈ.સ. ૧૯૬૫ - ૬૬)માં આ તીર્થની પ્રતિષ્ઠા થઈ.

**પંચમુખી હનુમાનઃ** આપણા દેશમાં ચૌમુખી ધર્મસ્થાન ઘણા છે.ચાર મુખવાળા સ્થાનક ભારતીય સ્થાપત્યકલાની ખાસિયત છે જેમાં મુખ્ય મૂર્તિ અથવા શિવલિંગની ચારેય દિશામાં ચાર મુખ (પ્રતિમા) હોય છે. આ મંદિરોમાં ચારેય દિશામાંથી પ્રભુના દર્શન થઈ શકે છે. રાણકપુરથી થોડે દૂર આવેલા સાદડી ગામમાં પંચમુખી હનુમાનની પ્રતિમા છે. ગામવાસીઓએ જ તૈયાર કરેલા આ સ્થાનકમાં છે એવી પંચમુખી હનુમાનદાદાની પ્રતિમા બીજે ક્યાંય નથી એવું જાણકારો કહે છે.પૌરાણિક કથા અનુસાર રાવણના માયાવી ભાઈ અહિરાવણ ભગવાન રામ અને લક્ષ્મણજીનું અપહરણ કરીને તેમને પાતાળ લોકમાં લઈ ગયા. અહિરાવણને વરદાન મળ્યું હતું કે તેને મારવા માટે, પાંચેય દિશામાં સળગતા દીવાઓ એક સાથે બુઝાવવા પડશે. ભગવાન રામ અને લક્ષ્મણને બચાવવા હનુમાનજીએ પંચમુખી રૂપ ધારણ કર્યું અને પાંચેય દીવા એક સાથે બુઝાવીને અહિરાવણનો વધ કર્યો. આવતા હપ્તે આ ધર્મસ્થાનકના વિસ્તારમાં આવેલા કલાસ્થાનો વિશે જાણીશું... ■

ઊડતી વાત
ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# પાપડ પાડવાની પળોજણમાં કોની વાટ લાગી ગઇ?




'ગિધુ... ગિધુ' રસોડામાંથી રાધા-રાણીએ નોર્મલ ટોનમાં બૂમ પાડી. અમે જવાબ આપવાને બદલે પેપરમાં માથું ખોંસી રાખ્યું.

'એય સાંભળો છો? તમને કહું છું. બહેરા થઇ ગયા છો?' રાધારાણીનું વોલ્યુમ ફૂલ થયું જે ઘોંઘાટની કેટેગરીમાં આવે. અમારે નાછૂટકે છાપું પડતું મુકવું પડ્યું.

'શેની બૂમાબૂમ કરે છે? હું મરી ગયો નથી.' મેં રાધારાણીને ખખડાવી.

'હું તમને ક્યાં મરવા દેવાની છું?' રાધારાણીએ ઠંડા કલેજે જવાબ આપ્યો. 'સવાર સવારમાં પેપર પણ શાંતિથી વાંચવા દેતી નથી.'

'મારે કામના માપ નથી. રોટલીની કણક બાંધવી છે, પીવાનું પાણી ભરવું છે. દાળચોખા ધોવા છે. મારે રાઇ દદડાવી છે. મારે સંચળ ખાંડવો છે. કેરીના છોડિયા સરસવના તેલમાં ડાંભવા છે. દૂધીની કુલ્ફી બનાવવી છે.' રાધારાણીએ તેમનાં કામોનું લિસ્ટ સંભળાવી દીધું.

'બોલ, તારે મારું શું કામ છે?' અમે મૂળ મુદ્દો પૂછ્યો.

'આ પ્લાસ્ટિકના કાગળિયા ધોઇ નાખો. તેના પર સાબુ મારી બ્રશ પણ ફેરવજો. પછી કપડાં સૂકવવાની દોરી પર ઊભો લટકતા રહે તે રીતે બે છેડે ચિપટી ભરાવીને ટીંગાડી દેજો.' રાધારાણીએ આદેશ છોડ્યો.

'હાય હાય રાધું, તેં તમાકુવાળા મસાલા ખાવાનું ક્યારથી શરૂ કર્યું?' મેં ગભરાટમાં પૂછ્યું.

'અરે બુદ્ધુ, આ કાગળનો ઉપયોગ બીજા કામ માટે કરવાનો છે.' રાધારાણીની વાત સાંભળી મારો શ્વાસ હેઠો બેઠો.

બે- ત્રણ દિવસ પછી રાધારાણીએ મારી પાસે કાથીવાળો ખોટલો પાવડરના પાણીમાં બ્રશ ડબકોળાવી ઘસી ઘસીને ધોવરાવ્યો. આ બાઇ ભવિષ્યમાં શું કરવાની છે તેનો મને ટપો પડતો ન હતો.

એક દિવસ મને અગાસી ધોવાનો કોન્ટ્રેક્ટ તદન મફતના ભાવે ધરાર તદન મફતના ભાવે પધરાવ્યો. રાધારાણીએ ગેસ પર મોટું તપેલું ચડાવી દીધું.

'રાધુ, આપણે ત્યાં તમામ પ્રકારના ગિઝર છે. તો પછી નાહવા માટે પાણી ગરમ કરવા ગેસ પર તપેલું કેમ ચડાવ્યું?

'તમને કોણે કહ્યું કે નાહવા માટે પાણી ગરમ કરવા તપેલું ગેસ પર ચડાવ્યું છે?' રાધારાણીએ અમારી ફિરકી ઉતારી.

'તો કઢીનું આંધણ ચડાવ્યું છે? જો કે, તેણે અમને જવાબ પણ ન આપ્યો.

'તમે અગાસીનું બારણું ખોલો.' અમને આદેશ મળ્યો.

'ઓકે જાનું.' અમે નવા પ્રેમીની જેમ કહ્યું. રાધારાણી ધમધમ કરતાં તપેલાં, પ્લાસ્ટિકના કાગળ, કથરોટ , લોટા, વાટકી અને લાકડાના હાથાવાળું મશીન લઇને અગાસીમાં પ્રગટ્યાં.

'તમારે આ મશીન દબાવવાનું છે,' રાધારાણીએ અમને સૂચના આપી.

પાપડ બનાવવાનું મશીન ચલાવવામાં રોકેટ સાયન્સ જેવું કશું હોતું નથી. રાધારાણીએ મશીનનું લાકડું લગાવેલ લોખંડનું હેન્ડલ ખોલી બતાવ્યું. અંદર ઉપર નીચે ગોળ આકારના બે પડ હતા. રાધારાણીએ પાપડનો લોટ એટલે કે ખીચાને તેલ નાખી વાટકીથી મસળેલ. પછી તેમાંથી એક ગોળ લૂવો અમને આપ્યો. અમે મશીન ખોલી લૂવો બરાબર વચ્ચે મુકયો. પછીથી જોરથી મશીન દબાવ્યું. મશીનમાં કડાકો બોલી ગયો.

'આટલા જોરથી મશીન દબાવવાનું કોણે કહ્યું હતું? મશીન બગડી જશે તો મારા ખીચાની પથારી ફરી જશે.' અમારી બિનકાર્યક્ષમતાથી રાધારાણી નારાજ થયા. મશીન ખોલ્યું લાકડાના પડ પર ખીચું ચોંટી ગયું.

'સોરી .., સોરી ..' અમારી ભૂલ ન હતી તો પણ મજબૂરીમાં માફી માગી.

'તમારે મશીન વચ્ચે પ્લાસ્ટિકના બે કાગળ મુકવાના. તેની વચ્ચે પાપડના ખીચાનું ગોળણું મુકવાનું પછી માફકસર દબાવવાનું. મશીન કે ખીચા સાથે બોકસિંગ કે કુસ્તી કરવાની નથી.' રાધારાણી પાછા અમારી પર ગરમ થયા. અમે પિયર કે સાસરે પાપડ બનાવવાની ટ્રેનિંગ લીધી ન હોય તો પછી પાપડ બનાવવામાં લોચા લાગે તો અમારો શું વાંક?

અમે પાપડના મશીનના બે પડ વચ્ચે પ્લાસ્ટિકના બે કાગળ વચ્ચે ખીચાનો લૂવો મુકયો. મશીન દબાવ્યું. પછી મશીન ખોલ્યું. ખીચું દો લકડે કે બીચ મેં ચિપક ગયા. બે પડ વચ્ચેથી પાપડ છૂટો જ ન પડ્યો. રાધારાણીએ જોયું. તેણે કપાળ કૂટ્યું. 'પ્લાસ્ટિકની એક સાઇડ પર તેલ લગાવીએ તો પાપડ પ્લાસ્ટિકના પડમાંથી છૂટો પડશે.' રાધારાણી બોલ્યા. આ સૂચના પહેલાં ન આપવી જોઇએ? અમે પ્લાસ્ટિક પર તેલ લગાવ્યું. તો પણ પાપડ પ્લાસ્ટિકના બંધનમાંથી મુક્ત ન જ થયો.

'ઓ બુદ્ધુરામ, જે સાઇડ તેલ લગાડેલ હોય તેની અંદરના ભાગે ખીચાનું ગોળણું મુકી મશીન હળવા હાથે દબાવીએ તો પાપડ તેલની સ્નિગ્ધતાને લીધે પડમાંથી છૂટો પડે. તમે તેલ અંદર લગાવવાના બદલે પડની બહારની સાઇડ લગાવ્યું હતું. એક તો મે અઢીસો ગ્રામ લોટનું ખીચું બનાવ્યું છે અને તમે ત્રણ લૂવા તો વેડફી નાખ્યા.' રાધારાણીએ અમને પાણીથી પાતળા કરી નાખ્યા.

'હવે હું પાપડ પાડું છું. તમે પાપડ સૂકવજો.' રાધારાણીએ અમારી બદલી કરી નાખી.

'ભલે.' નીચી મૂંડકી કરીને અમારે બીજું કાંઇ બોલવાનું જ ન હતું.

'લો, આ પાપડ ખાટલામાં સૂકવી આવો.' રાધારાણીએ મશીનથી એક પાપડ પાડ્યો અને અમને સૂકવવા આપ્યો. પાપડ હથેળી પર મુકીને ખાટલે જઇ સૂકવવાને બદલે પાપડને ઊભો પકડી ખાટલા તરફ ગતિ કરી રહેલ. એટલામાં પાપડને ગુરુત્વાકર્ષણ નિયમને ફોલો કરવાનું મન થયું અને પાપડ અગાસી પર પટકાયો.

'તમે અબઘડી નીચે જતાં રહો. તમારાથી શેક્યો પાપડ તો ભંગાય તેમ નથી અને કાચો પાપડ સૂકવી શકાય તેવી આવડત નથી. મને શું કમત સૂઝી કે મેં તમને પાપડ બનાવવા બેસાડ્યા.' આટલું કહીં અમને બાવડેથી પકડીને સીડીની નીચે ધકેલ્યા.

પછી શું થયું? અમે અથડાતાં કૂટાતા, ભટકાતાં લટકાતાં ખોડંગાતા નીચે આવ્યા. બે દિવસ હળદર લગાડવી પડી એ લટકામાં! ■

ભાત ભાત કે લોગ
જ્વલંત નાયક
feedback@bombaysamachar.com

# સ્ટીમથી માંડીને સાયબર સુધીની મજેદાર 'પન્કબાજી' વિશે જાણો છો?

આજકાલ જેન ઝી, જેન એક્સ, જેન આલ્ફા અને બૂમર્સ જેવા શબ્દો કાને અફળાતા રહે છે. જુદા જુદા સમયખંડમાં જીવતી પેઢીઓને આ પ્રકારે જુદા જુદા નામે ઓળખવામાં આવ છે. દાખલા તરીકે ૧૯૯૭થી ૨૦૧૨ વચ્ચે જન્મેલી પેઢી જેન ઝી તરીકે અને ૧૯૪૬થી ૧૯૬૪ વચ્ચે જન્મેલી પેઢી બૂમર્સ તરીકે ઓળખાય છે. જમાનો એટલી ઝડપે ધસમસતો આગળ વધી રહ્યો છે કે બાપ-દીકરા વચ્ચે તો ઠીક, નાના અને મોટા ભાઈ વચ્ચે પણ જનરેશન ગેપની ખાઈ જોવા મળશે. એમાં વળી દરેક યુગ પાસે પોતપોતાની ટેક્નોલોજીઝ હોવાની. અને આ ટેક્નોલોજી પણ ઘણી વાર બે પેઢીઓ વચ્ચેની ખાઈને પહોળી કરવામાં જાણ્યે-અજાણ્યે બહુ મોટો ભાગ ભજવી જાય છે.

મોબાઈલનો જ દાખલો લો. હથેળીમાં સમાઈ જાય એવા આ ટચૂકડા સાધને જેન ઝીને આગળની તમામ પેઢીઓથી દૂર કરી મૂકી છે. આ વિશે ઘણું લખાઈ ચૂક્યું છે એટલે વધુ પિષ્ટપેષણનો કશો અર્થ નથી, પણ ચર્ચાનો મુદ્દો એ છે કે શું ટેક્નોલોજી બે માનવપેઢીઓ વચ્ચે દીવાલ જ બાંધી શકે એમ છે કે પછી બે પેઢીઓને જોડતો પુલ પણ બનાવી શકે છે?

આનો જવાબ રસપ્રદ હોઈ શકે.

માનવસમાજની એક પછી એક પસાર થઇ રહેલી પેઢીઓ અને એની સાથે જોડાયેલ ટેક્નોલોજીની રસપ્રદ સફર તેમ જ અસર વિશે જાણવામાં રસ પડતો હોય તો 'ડિઝલપન્ક' અને 'સાયબરપન્ક' જેવા પ્રમાણમાં નવા ગણાતા શબ્દો વિશે માહિતી મેળવવી જોઈએ. આ શબ્દો માનવસમાજના ભૂત અને ભવિષ્યને કંઈક જુદી જ રીતે વર્તમાન સુધી પહોંચાડવાનું કામ કરી રહ્યા છે. જોકે એ પહેલાં કેટલીક પાયાની વાત પણ સમજી લઈએ.

અંગ્રેજી ભાષામાં એક વિશિષ્ટ શબ્દ છે પન્ક-punk. ગુજરાતીમાં અઢી અક્ષરના આ શબ્દની અર્થછાયા પ્રમાણમાં ઘણી વિશાળ છે. મૂળભૂત રીતે પન્ક શબ્દ વપરાય છે વિદ્રોહી સ્વભાવ માટે, જે સ્થાપિત મુખ્ય ધારાને ઉથાપીને પોતાની મેળે કશુંક જુદું કરવા માગતો હોય, બંધાઈને રહેવામાં જેને રસ ન હોય, પણ જરા વિસ્તૃત રીતે જોઈએ તો સંગીત, સૌન્દર્ય શૈલી (visual aesthetic) વગેરેમાં પણ એક જુદા ચીલા તરીકે પન્ક શબ્દ



વપરાય, તો ક્યારેક વળી કેટલાક લોકો વાતે વાતે ધાંધલ ઊભું કરતા કોઈક વાહિયાત માણસ માટે પણ આ શબ્દ વાપરી નાખે છે. ટૂંકમાં કહીએ તો આ પન્ક શબ્દ અંગ્રેજી ભાષાના જ અન્ય એક શબ્દ 'એબ્સર્ડ' જેવો ગણાય. એબ્સર્ડ શબ્દનો એક અર્થ 'અર્થશૂન્યતા' થાય.

સાઠના દાયકામાં આ અર્થને અનુરૂપ અનેક એબ્સર્ડ નાટકોનું નિર્માણ થયું જે બે વિશ્વયદ્ધો વેઠી ચૂકેલી માનવજાતની મનોસ્થિતિ અને ખાલીપો દર્શાવતાં હતાં. જ્યારે બીજા સંદર્ભે વિચારીએ તો એબ્સર્ડ એટલે વાહિયાત. આ પન્ક શબ્દ પણ આ જ રીતે બે જુદા જુદા પ્રભાવી અર્થ ધરાવે છે. અને આપણે આ લેખમાં પન્ક શબ્દની પૉઝિટિવ સાઈડ વિશે વાત કરવાના છીએ.

જો તમે ગ્રાફિક્સ, ફિલ્મ્સ અને ફિક્શનના શોખીન હોવ તો સ્ટીમ પન્ક, ડિઝલપન્ક અને સાયબર પન્ક જેવા શબ્દો તમે સાંભળ્યા હશે. વિઝ્યુઅલ આર્ટિસ્ટ તેમ જ કોઈ એક ચોક્કસ સમયગાળાનું ચિત્રણ કરતી ફિલ્મ કે શો બનાવનારા સર્જકો આ પ્રકારના શબ્દો છૂટથી વાપરે છે.

આમ તો હવે દાદા કે પિતાના સમયની વાતો અને ઘટનાઓ સાંભળવામાં આજની યુવા પેઢીને કશો રસ નથી પડતો, પણ એ જ ઘટનાઓ જો સરસ મજાના સ્ક્રીનપ્લે અને ઉમદા ગ્રાફિક્સ સાથે સિનેમાના પરદે જીવંત કરવામાં આવે તો? તો આ જ યુવા પેઢી બોક્સ-ઓફિસ પર ટંકશાળ પાડે એમ બને. જોકે આવી કોઈક કૃતિ બનાવવા માટે સર્જકે બહુ મહેનત કરવી પડે. એ સમયનું લોકજીવન ખાસ કરીને રોજીંદા જીવનમાં વણાયેલી ટેક્નોલોજીને આબેહૂબ દર્શાવવી પડે.

જેમ કે ૧૯૨૦માં આકાર લેતા કોઈ હિસ્ટોરિક કથાનકનું આબેહૂબ ચિત્રણ કરવું હોય અને એમાં જો રેલગાડીનો સીન આવતો હોય તો એમાં ધુમાડા કાઢતું સ્ટીમ એન્જિન દેખાડવું પડે , કારણ કે એ જમાનાની 'લેટેસ્ટ ટેક્નોલોજી' એટલે વરાળના ધુમાડા કાઢતા એન્જિન.

આનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે 'ટાઈટેનિક' ફિલ્મ. ટાઈટેનિક જહાજ બળતણ તરીકે કોલસાનો ઉપયોગ કરતું હતું. તમે એ ફિલ્મ જોઈ હશે તો યાદ આવશે કે ફિલ્મમાં દેખાતી એક્કેએક વસ્તુ સ્ટીમ એન્જિનના જમાનાની હતી. ઓકે ફાઈન.

આવું તો ઘણી ફિલ્મોમાં જોવા મળે, એમાં નવું શું છે?

નવું એ છે કે હવે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) સહિતના ટેક્નોલોજીકલ અપગ્રેડેશનને કારણે વિઝ્યુઅલ આર્ટિસ્ટ્સ પહેલાંની સાપેક્ષે બહુ સરળતાથી અને અત્યંત ચોકસાઈપૂર્વક સ્ટીમ એન્જિનોનો જમાનો તાદ્રશ કરી શકે છે. આ પ્રકારના એટલે કે વરાળયુગના વિઝ્યુઅલ આર્ટસ (ફિલ્મો કે એનિમેશન્સ) માટે સ્ટીમપન્ક શબ્દ વપરાય છે. વરાળ પછી ડિઝલ એન્જિન્સનો જમાનો આવ્યો. આ જમાનાનું વિઝ્યુઅલ આર્ટસ 'ડિઝલપન્ક' તરીકે ઓળખાવા માંડ્યું છે. હવે તો કળાજગતે સ્ટીમપન્ક અને ડિઝલપન્ક જેવા શબ્દોને વિશિષ્ટ કળાશૈલી તરીકે સ્વીકારી લીધા છે.

વાસ્તવમાં આ પન્કબાજીની શરૂઆત જ ડિઝલપન્ક શબ્દ સાથે થઇ. ઇસ ૨૦૦૧માં લેવિસ પોલાક નામના વિઝ્યુઅલ આર્ટિસ્ટે પોતાની ટીમ સાથે મળીને એક વિશિષ્ટ ગેમ ડિઝાઈન કરી, જેમાં મેજિક અને ટેક્નોલોજીનો કોમ્બો હતો. અહીં ટેક્નોલોજીને નામે ડિઝલયુગની મશીનરીઝ હતી, જેને કારણે ગેમમાં સતત એવી ફિલ આવ્યા કરે કે તમે તેલ અને ગ્રીસની ગંધ વચ્ચે ડિઝલયુગની દુનિયામાં જીવી રહ્યા છો! આ ગેમ માટે શબ્દ વપરાયો ડિઝલપન્ક. બસ ત્યાર પછી તો સ્ટીમપન્ક શબ્દ પણ અસ્તિત્વમાં આવ્યો એ પછી સાયબરપંક જેવો ભવિષ્યમાંથી આવેલો શબ્દ પણ વપરાવા માંડ્યો.

યસ, સાયબર વર્લ્ડ આપણા માટે ભલે લેટેસ્ટ ટેક્નોલોજી ગણાતી હોય, પણ ભવિષ્યની દુનિયા આજની સાયબર ક્રાંતિને જૂના જમાનાની વાત તરીકે જ જોશે. ધારો કે કોઈક ફિલ્મ ઇસ ૨૦૭૫માં બનશે અને એમાં આજની એટલે કે ૨૦૨૬ની દુનિયા વિશેની વાત હશે તો એને 'સાયબર પન્ક' કહેવાશે. અલબત્ત, આજેય કેટલાક વિઝ્યુઅલ આર્ટિસ્ટ ભવિષ્યનું કથાનક કહેતી કૃતિઓ બનાવી રહ્યા છે, જેમાં ટેક્નોલોજીના ઓવરડોઝને કારણે દુખી થઇ ગયેલી માનવજાતિની વાત હોય છે. આવી કૃતિઓને પણ સાયબર પન્ક ગણી શકાય. ટૂંકમાં પન્ક શબ્દ સાથે કેટલાય યુગોને સાંકળી શકાય છે. ■

# ભારતીય વસાહતીઓને રોકવા એફટીએની શરતો ન્યૂ ઝીલૅન્ડે ગુપચુપ બદલી નાખી?

નવી દિલ્હીઃ ન્યૂ ઝીલેન્ડના વિદેશ પ્રધાન અને જમણેરી પાર્ટીના નેતા, વિન્સ્ટન પીટર્સે, શાસક નેશનલ પાર્ટી પર તાજેતરમાં હસ્તાક્ષર કરાયેલા ભારત-ન્યૂ ઝીલેન્ડ મુક્ત વેપાર કરાર (એફટીએ) હેઠળ ઇમિગ્રેશન નિયમોમાં છૂપી રીતે ફેરફાર કરવાનો આરોપ લગાવ્યો છે જેથી ખાસ કરીને ભારતીય નાગરિકોને લક્ષ્ય બનાવતી કડક શરતો લાદી શકાય.

બીજા શબ્દોમાં કહીએ તો, પીટર્સ એવી ચેતવણી આપવાથી બદલાઈ ગયા છે કે એફટીએ ભારતીયો માટે ન્યૂ ઝીલેન્ડમાં સ્થળાંતર કરવાનું ખૂબ સરળ બનાવશે, પરંતુ સરકારે ગુપ્ત રીતે ભારતીયો માટે આવું કરવાનું મુશ્કેલ બનાવ્યું છે.

આ વર્ષે એપ્રિલમાં વેપાર કરાર પર હસ્તાક્ષર કર્યા પછી, ડ્રાફ્ટ ડીલ હાલમાં ઔપચારિક બહાલી માટે ન્યૂઝીલેન્ડ સંસદ સમક્ષ છે.

પીટર્સે આરોપ લગાવ્યો છે કે નેશનલ પાર્ટી આ ફેરફારો વિશે ભારત સરકારને અંધારામાં રાખી રહી છે, અને અધિકારીઓએ પ્રધાનોને ચેતવણી આપી હતી કે પ્રસ્તાવિત ફેરફારો નવી દિલ્હી સાથેના દ્વિપક્ષી સંબંધોને નુકસાન પહોંચાડી શકે છે.

પીટર્સનો પક્ષ ન્યૂઝીલેન્ડ નેશનલ પાર્ટીના નેતૃત્વ હેઠળના ત્રણ-પક્ષના ગઠબંધનનો ભાગ છે. તેમણે અગાઉ ગઠબંધન ભૂમિકા-વહેંચણી કરાર હેઠળ મે ૨૦૨૫ સુધી દેશના નાયબ વડા પ્રધાન તરીકે સેવા આપી હતી. તેમણે પોતાના દાવાઓને સમર્થન આપવા માટે વિભાગના અધિકારીઓ તરફથી ઇમિગ્રેશન પ્રધાન એરિકા સ્ટેનફોર્ડની ગુપ્ત બ્રીફિંગનો ઉલ્લેખ કર્યો હતો.

જોકે, પીટર્સે કેબિનેટ ગુપ્તતાના નિયમોનો ઉલ્લેખ કરીને વિગતો જાહેર કરવાનો ઇનકાર કર્યો હતો. અમે તાજેતરમાં શોધી કાઢ્યું છે કે અચાનક પરિવર્તન આવ્યું છે - ઇમિગ્રેશન સેટિંગ્સમાં ફેરફારો કરવામાં આવ્યા છે જે ભારતીયો અને ફક્ત ભારતીયોને લક્ષ્ય બનાવે છે, તેવું પીટર્સે એક્સ પર પ્રકાશિત એક નિવેદનમાં જણાવ્યું હતું. ■

# યુરોપમાં ભયંકર ગરમી

પૅરિસઃ અતિશય ગરમી આર્થિક પ્રવૃત્તિ, ઈન્ફ્રાસ્ટ્રક્ચર, કૃષીક્ષેત્ર અને ઈકોસિસ્ટમને પણ અસર કરી રહી હોવાનું સંયુક્ત રાષ્ટ્રસંઘની હવામાન એજન્સીએ ગુરુવારે કહ્યું હતું અને વિશ્વની એકંદર પરિસ્થિતિ પર પ્રકાશ પાડ્યો હતો.

હવામાન ખાતાના જણાવ્યા અનુસાર ૨૪ જૂને ફ્રાન્સમાં સરેરાશ ૩૦ ડિગ્રી તાપમાન સાથે સૌથી ગરમ દિવસ નોંધાયો હતો અને આગલા દિવસે જ નોંધાયેલો રેકોર્ડ સહિત જુલાઈ ૨૦૧૯ અને ઑગસ્ટ ૨૦૦૩નો રેકોર્ડ તોડ્યો હતો.

પુલુઆના પશ્ચિમી નગરમાં તાપમાન વધીને ૪૩.૮ ડિગ્રી થઈ ગયું હતું. રાત્રિનાં તાપમાને પણ નવું શિખર સર કર્યું હતું.

દેશના મોટાભાગના વિસ્તારોને આવરી લઈ વહીવટીતંત્રએ વિક્રમજનક ૫૮ ડિપાર્ટમેન્ટ માટે ટોચના સ્તરનું રેડ એલર્ટ જાહેર કર્યું હતું અને જંગલમાં આગ લાગવાના જોખમની ચેતવણી આપી હતી.

ગરમીથી બચવા પાણીમાં પડેલા ૪૦ જણનું ડૂબી જવાને કારણે મોત થયાં હતાં .

પડોશી સ્પેનમાં પણ ૨૩ અને ૨૪ જૂને સૌથી ગરમ દિવસ નોંધાયો હતો. સ્પેનના અનેક વિસ્તારમાં તાપમાન વધીને ૪૦ ડિગ્રીએ પહોંચી ગયું હતું. (એજન્સી)■

# બેઈજિંગના ૧૦૯ માળના ટાવર સાથે અથડાયું વિમાન







બેઇજિંગના સૌથી ઊંચા બિલ્ડિંગની સાથે શુક્રવારે સાંજે એક નાનું વિમાન અથડાયું હતું અને તેથી જાનમાલને હાનિ થઇ હતી. આ ગગનચુંબી ઇમારતમાંથી લોકોને સલામત બહાર કાઢવાનું કાર્ય યુદ્ધના ધોરણે હાથ ધરાયું હતું. આ બચાવ કામગીરીમાં પોલીસની સાથે અગ્નિશામક દળ પણ જોડાયું હતું. દુર્ઘટના સ્થળે અનેક એમ્બ્યુલન્સ બોલાવાઇ હતી. સોશ્યલ મીડિયા પરના વીડિયો ફૂટેજમાં ૧૦૯ માળના સીઆઇટીઆઇસી ટાવર (ચાઇના ઝુન)માંથી કાટમાળ પડતો દેખાતો હતો. જમીન પર વિમાનની પૂંછડી અને તૂટેલી એક ટેક્સી વિન્ડો (પાઇલટ દ્વારા ખોલી શકાય એવી કૉકપિટની બારી) પડેલી દેખાતી હતી. પૂર્વ બેઇજિંગમાં આ બહુમાળી ઇમારત આવેલી છે. તેમાં સરકારી માલિકીના સીઆઇટીઆઇસી ગ્રૂપનું વડું મથક છે અને આ ઇમારત ચીનની રાજધાનીમાંની સૌથી ઊંચી છે. દુર્ઘટનાના સ્થળે અનેક પોલીસ ગોઠવાઇ ગઇ હતી અને આસપાસના રસ્તા વાહનવ્યવહાર માટે બંધ કરી દેવાયા હતા. પોલીસ લોકોને આ ઇમારતના ફોટા પાડતા અટકાવતી હતી અને દૂર જવા સૂચના આપતી હતી. દુર્ઘટનાગ્રસ્ત વિમાન સ્થાનિક ઍવિયેશન કંપનીનું સ્થાનિક બનાવટનું હળવું વિમાન 'સનવર્ડ એસએ ૬૦એલ ઔરા' હોવાનું કહેવાય છે. (એજન્સી)■

# 'વંદે માતરમ્' દેશનાં નવચણતરનો મંત્ર પણ છેઃ અમિત શાહ

નવી દિલ્હીઃ 'વંદે માતરમ' માત્ર એક દેશભક્તિ ગીત નથી, પરંતુ ભારતના પુનઃનિર્માણ માટેનો મંત્ર છે, એમ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે શુક્રવારે જણાવ્યું હતું. તેમણે દેશની ડ્રગ વિરોધી રણનીતિ અંગે એક બેઠકને સંબોધિત કરતી વેળા બંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાયને તેમની જન્મજયંતિ નિમિત્તે શ્રદ્ધાંજલિ પણ અર્પી હતી.

નાર્કો-કોરઓડિનેશન સેન્ટર (એનસીઓઆરડી)ની ૧૦મી ઉચ્ચ-સ્તરીય બેઠકમાં શાહે જણાવ્યું કે ૨૬ જૂન દેશના ડ્રગ વિરોધી અભિયાન માટે એક મહત્વપૂર્ણ દિવસ છે. તેમણે કહ્યું કે આ દિવસ બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયની જન્મજયંતિ પણ છે. જેમણે બ્રિટિશ શાસન દરમિયાન દેશમાં આત્મવિશ્વાસ જગાડવામાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

અમિત શાહે કહ્યું કે બંકિમ બાબુએ 'વંદે માતરમ'ની રચના કરી હતી. 'વંદે માતરમ' દેશની સાંસ્કૃતિક ચેતના અને દેશભક્તિનું એક શક્તિશાળી પ્રતીક બન્યું છે. જ્યારે સ્વતંત્રતાસંગ્રામ તેની ચરમસીમાએ હતો ત્યારે 'વંદે માતરમ' અંગ્રેજો વિરુદ્ધની લડાઇનો મુખ્ય નારો હતો. શાહે સ્વતંત્રતાસેનાનીઓના બલિદાનને યાદ કરતાં જણાવ્યું કે ઘણા ક્રાંતિકારીઓ 'વંદે માતરમ'ના નારા લગાવતા ફાંસીના માંચડે ચડ્યા હતા. ■

# હાલમાં સીબીએસઇના માત્ર ધોરણ છના જ વિદ્યાર્થીઓએ બે ભારતીય ભાષા ભણવી પડશે

નવી દિલ્હીઃ કેન્દ્રના શિક્ષણ પ્રધાને જણાવ્યું હતું કે સીબીએસઇના હાલમાં ધોરણ છમાં પ્રવેશતા વિદ્યાર્થીઓએ જ બે ભારતીય ભાષા ભણવી પડશે, પરંતુ અત્યારે બે વિદેશી ભાષા ભણી રહેલા ધોરણ સાત, આઠ અને નવના વિદ્યાર્થીઓએ શાળામાં અધવચથી ભાષાનું સંયોજન (કૉમ્બિનેશન) બદલવાની જરૂર નથી.

તેમણે જણાવ્યું હતું કે હાલમાં ધોરણ સાત, આઠ અને નવના જે વિદ્યાર્થીઓએ બે વિદેશી ભાષા લીધી હોય, તેઓ સીબીએસઇની ત્રણ ભાષાની નીતિ હેઠળ ધોરણ દસ સુધી આ ભાષાનું જ કૉમ્બિનેશન (જૂથ કે સંયોજન) ચાલુ રાખી શકશે.

સીબીએસઇની શાળાઓમાં જુલાઇથી ત્રણ ભાષાની નીતિ અમલમાં આવવાની હોવાથી વિદ્યાર્થીઓ અને તેઓના માતા-પિતાના મનમાં ગૂંચવણ ઊભી થઇ હતી અને તેના સંદર્ભમાં આ સ્પષ્ટતા કરાઇ હતી. અમુક વિદ્યાર્થીઓ માનતા હતા કે તેઓએ બે વિદેશી ભાષામાંથી એકને પડતી મૂકીને એક ભારતીય ભાષા શીખવી પડશે.

કેન્દ્રના શિક્ષણ પ્રધાન ધર્મેન્દ્ર પ્રધાને એક ઇન્ટરવ્યૂમાં કબૂલ કર્યું હતું કે અગાઉ અપાયેલી સંબંધિત સૂચનાથી વિદ્યાર્થીઓના મનમાં ગૂંચવણ ઊભી થઇ હતી.

તેમણે સ્પષ્ટતા કરતા જણાવ્યું હતું કે ધોરણ છમાં પ્રવેશતા વિદ્યાર્થીઓએ જ '૨૦૨૦ની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ' મુજબ બે ભારતીય ભાષા ભણવી પડશે અને તે પછી તેઓએ આગળના ધોરણોમાં પણ આમ કરવું પડશે. આમ છતાં, હાલમાં જે વિદ્યાર્થીઓ ધોરણ સાત, આઠ અને નવમાં હોય, તેઓ ધોરણ દસ સુધી બે વિદેશી ભાષા ભણવાનું ચાલુ રાખી શકશે. ■

# બંગાળમાં સ્કૂલનાં મધ્યાહ્ન ભોજનમાંથી ઈંડાં હટાવાતાં શરૂ થયો મોટો વિવાદ

કોલકાતાઃ પશ્ચિમ બંગાળના રાજકીય ભવિષ્યને લઈને લડાઈ ભલે સમાપ્ત થઈ ગઈ હોય પરંતુ વિધાનસભા ચૂંટણી પ્રચારના સૌથી ભાવનાત્મક મુદ્દામાંના એક સ્કૂલોમાં ભોજનને લઈને ફરી એકવાર રાજકીય વિવાદ શરૂ થઈ ગયો છે. ભારતીય જનતા પાર્ટી (ભાજપ) સરકાર દ્વારા કોલકાતા મ્યુનિસિપલ કોર્પોરેશન વિસ્તારની શાળાઓમાં મધ્યાહન ભોજન પૂરું પાડવાની જવાબદારી ઇસ્કોનને સોંપવાના અને ઇંડાના સ્થાન પર શાકાહારી વિકલ્પો આપવાના નિર્ણયથી પોષણ, સંસ્કૃતિ અને ઓળખ વિશે વ્યાપક ચર્ચા ફરી શરૂ થઈ છે.

જ્યારે માછલી એક રાજકીય પ્રતીક બની ગઈ હતી અને તૃણમૂલ કોંગ્રેસ (ટીએમસી) એ ભાજપ પર પશ્ચિમ બંગાળ પર શાકાહારી સાંસ્કૃતિક માળખું લાદવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. વિધાનસભા ચૂંટણીમાં ભાજપની જીત પછી રાજ્યનું પ્રથમ બજેટ રજૂ કરતા નાણામંત્રી સ્વપન દાસગુપ્તાએ જાહેરાત કરી હતી કે પ્રાથમિક શાળાઓમાં મધ્યાહન ભોજન માટે પ્રતિ વિદ્યાર્થી સામગ્રી ખર્ચ ૬.૭૮ રૂપિયાથી વધારીને ૧૦ રૂપિયા કરવામાં આવશે.

બજેટ ફાળવણીમાં વધારાને વિવિધ રાજકીય પક્ષો દ્વારા આવકારવામાં આવ્યો હતો. પરંતુ એક ફેરફારે તમામનું ધ્યાન ખેંચ્યું હતું. બંગાળના શાળાના મધ્યાહ્ન ભોજન કાર્યક્રમમાં એક સમયે લોકપ્રિય વસ્તુ ઇંડા હવે ભોજનની થાળીમાંથી ગાયબ થઈ જશે. વિદ્યાર્થીઓને પનીર, રાજમા, સોયાથી બનેલી ચીજવસ્તુઓ, કઠોળ અને ડેરી ઉત્પાદનો જેવા પ્રોટીનયુક્ત શાકાહારી વિકલ્પો આપવામાં આવશે. આ પગલાએ તરત જ રાજકીય રંગ પકડ્યો, ખાસ કરીને એવા રાજ્યમાં જ્યાં ખોરાકની પસંદગીઓ ઘણીવાર ચૂંટણીના મુદ્દાઓ સાથે જોડાયેલી હોય છે. ■

# ફાર્મા અને ફૂડ સેક્ટરના નિયમોમાં સુધારો કરાયો

નવી દિલ્હી : કેન્દ્ર સરકારે સ્વાસ્થ્ય ક્ષેત્રમાં વ્યવસાયને સરળ બનાવવા અને નિયમોને વધુ વ્યાવહારિક બનાવવા માટે જન વિશ્વાસ એક્ટ, ૨૦૨૬ હેઠળ ઘણા મહત્ત્વપૂર્ણ ફેરફારો લાગુ કર્યા છે. આ ફેરફારોનો હેતુ નાની અને ટેકનિકલ ભૂલો માટે ફોજદારી કાર્યવાહી ઘટાડવાનો છે, જ્યારે જાહેર આરોગ્યને લગતી ગંભીર બાબતો માટે કડક કાર્યવાહી યથાવત રહેશે.

નવી વ્યવસ્થા હેઠળ ડ્રગ્સ અને કોસ્મેટિક્સ એક્ટમાં કેટલાક નાના ઉલ્લંઘનોને ગુનાહિત શ્રેણીમાંથી બહાર કરવામા આવ્યા છે. હવે રેકોર્ડ રાખવામાં ખામી, જાણકારી સમય પર જમા ન કરવા અથવા કોસ્મેટિક ઉત્પાદનો પર નાની લેબલિંગ ભૂલો જેવા કેસોમાં જેલની સજા અથવા ફોજદારી કાર્યવાહીને બદલે વહીવટી દંડ લાદવામાં આવશે.

નકલી, ભેળસેળયુક્ત અથવા સંભવિત નુકસાનકારક દવાઓ અને કોસ્મેટિક્સ સામે કડક કાનૂની કાર્યવાહી પહેલાની જેમ ચાલુ રહેશે. સરકારે આવા કેસોના નિરાકરણને ઝડપી બનાવવા માટે એક નિર્ણાયક સત્તા અને અપીલ સિસ્ટમ પણ લાગુ કરી છે, જે ઝડપી અને પારદર્શક નિરાકરણ સુનિશ્ચિત કરે છે.

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટમાં પણ કેટલાક ફેરફારો કરવામાં આવ્યા છે. ફૂડ સેફ્ટી ઓફિસર સામે ખોટી ફરિયાદો હવે કોર્ટ કાર્યવાહીના બદલે વહીવટી દંડ ફટકારાશે. જપ્ત કરાયેલી ખાદ્ય ચીજો સાથે ચેડાં કરવા બદલ મહત્તમ સજા છ મહિનાથી ઘટાડીને ત્રણ મહિના કરવામાં આવી છે. ખાદ્ય સુરક્ષા અધિકારીના કામમાં અડચણ ઊભી કરવા પર એક અલગ જોગવાઈ દૂર કરવામાં આવી છે, કારણ કે આવા કેસો હવે ભારતીય દંડ સંહિતા હેઠળ આવરી લેવામાં આવ્યા છે. કેન્દ્ર સરકારે જન વિશ્વાસ અધિનિયમ, ૨૦૨૬ હેઠળ સ્વાસ્થ્ય ક્ષેત્રમાં મહત્વના સુધારાઓ લાગુ કર્યા હતા. જેમાં ડ્રગ્સ અને કોસ્મેટિક્સ અધિનિયમ, ૧૯૪૦ અને ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ અધિનિયમ, ૨૦૦૬ હેઠળ અનેક નાની અને ટેકનિકલ ઉલ્લંઘનોને ગુનાહિત શ્રેણીમાંથી બહાર કરવામાં આવ્યા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે શુક્રવારે જણાવ્યું હતું કે આ સુધારાઓનો ઉદ્દેશ્ય ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ ( વ્યવસાય કરવામાં સરળતા)ને પ્રોત્સાહન આપવા, વ્યવસાયો પર નિયમોના પાલનનો બોજ ઘટાડવા અને ગ્રાહક સલામતી સાથે સમાધાન કર્યા વિના પ્રમાણસર નિયમનકારી અમલીકરણ સુનિશ્ચિત કરવાનો છે. મુખ્ય ફેરફારોમાં ડ્રગ્સ અને કોસ્મેટિક્સ અધિનિયમની કલમ ૨૯ને હટાવી દેવામાં આવી છે. આ કલમમાં કોઈપણ દવા અથવા કોસ્મેટિક્સની જાહેરાત માટે સરકારી વિશ્લેષકના અહેવાલનો ઉપયોગ કરવા બદલ ૧ લાખ રૂપિયા સુધીનો દંડ નક્કી કરવામાં આવ્યો હતો. વધુમાં, ઓછા જોખમવાળા કોસ્મેટિક્સના ઉત્પાદન અથવા વેચાણ સંબંધિત ઉલ્લંઘનોને વહીવટી દંડ માળખા હેઠળ લાવવામાં આવ્યા છે.

જોકે, નકલી અથવા ભેળસેળયુક્ત સૌંદર્ય પ્રસાધનોને લગતા ગુનાઓ, જેનો ગ્રાહક સલામતી પર સીધો પ્રભાવ પડે છે, તે કાયદા હેઠળ કડક દંડની જોગવાઈઓ યથાવત રહેશે. ■

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પુષ્કળ | સમર્થન |
| પુષ્ટિ | આરાધના |
| પુષ્પ | ખૂબ |
| પૂજા | વેગીલું |
| પૂરપાટ | ફૂલ |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ■ | ૨ | ૩ | | ૪ | ૫ | ■ | ૬ | ૭ |
| ૮ | | | | ■ | ૯ | | | ■ | |
| | ■ | ૧૦ | | ૧૧ | ■ | | ■ | ૧૨ | |
| ૧૩ | | | ■ | | ■ | ■ | ૧૪ | | |
| | ■ | ■ | ૧૫ | | ■ | ૧૬ | ■ | | ■ |
| ■ | ૧૭ | ■ | | ■ | ૧૮ | | ■ | ■ | ૧૯ |
| ૨૦ | | | ■ | ■ | | ■ | ૨૧ | | |
| ૨૨ | | ■ | ૨૩ | ■ | ૨૪ | ૨૫ | | ■ | |
| | ■ | ૨૬ | | ૨૭ | ■ | ૨૮ | | | |
| ૨૯ | | ■ | ૩૦ | | | | | ■ | |

### આડી ચાવી

૨. યોગ્ય સમયે (૫)
૬. છેતરપિંડી (૨)
૮. વાર્ષિક મરણ-તિથિ (૪)
૯. રાજા (૩)
૧૦. પીડા, ઉપાધિ (૩)
૧૨. નવું (૨)
૧૩. કોમળતા (૩)
૧૪. અગાઉ, પૂર્વે (૩)
૧૫. પાંદડું (૨)
૧૮. ઘડો (૨)
૨૦. ચહેરો, મુખાકૃતિ (૩)
૨૧. કંઈક (૩)
૨૨. માથા વગરનું શરીર (૨)
૨૪. સંખ્યા (૩)
૨૬. મુસાફરી (૩)
૨૮. બીકણ (૪)
૨૯. --- ને ત્યાં ધાડ (૨)
૩૦. લોઢાને આકર્ષે તે (૫)

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ■ | ૧ વ | ૨ ગ | વ | ૩ સી | ૪ લો | ■ | ૫ ઉ | પ | ૬ ર |
| ૭ પ | સ્તા | ળ | ■ | ૮ ત | મ | ન્ના | ■ | ■ | જ |
| ૯ ક | ર | ચ | ■ | મ | ■ | ■ | ૧૦ અ | ક્ષ | ત |
| ડ | ■ | ડું | ■ | ■ | ૧૧ ખે | વ | ના | ■ | ■ |
| ■ | ૧૨ બં | ■ | ૧૩ ડું | ૧૪ ગ | રા | ■ | ૧૫ મી | ૧૬ ના | ક્ષી |
| ૧૭ ક | ડ | ૧૮ પ | ■ | ૧૯ મા | ત | મ | ■ | મું | ■ |
| ■ | ■ | ૨૦ લા | ચા | ર | ■ | ■ | ૨૧ ગી | ■ | ૨૨ ભા |
| ૨૩ વિ | વ | શ | ■ | ■ | ૨૪ ઉ | ■ | ૨૫ ચો | ૨૫અ સ | ર |
| શ | ■ | ■ | ૨૬ અ | ૨૭ મા | પ | ■ | ૨૮ ગી | બ | ત |
| ૨૯ દ | ખ | લ | ■ | ૩૦ સ | મા | લો | ચ | ક | ■ |

### ઊભી ચાવી

૧. ઋતુરાજ (૫)
૨. વાત્સલ્ય (૪)
૩. ચોમાસુ પાક (૩)
૪. સરખું, સમાન (૨)
૫. વગર (૩)
૭. એક શાક (૪)
૧૧. ગૂંગળામણ (૩)
૧૨. તુચ્છ, ગણનામાં ન લેવા જેવું (૩)
૧૫. એક પ્રવાહી ધાતુ (૨)
૧૬. ફાયદો (૨)
૧૭. લપ, માથાફોડ (૩)
૧૮. રાજાનો દીકરો (૩)
૧૯. સમુદ્ર (૫)
૨૦. સાનભાન (૪)
૨૧. એક ખાટું ફળ (૪)
૨૩. કબજો (૩)
૨૫. જાર બાજરીના સૂકા સાંઠા (૩)
૨૭. સાથે (૨)

### જાણવા જેવું

ભારતના બંધારણમાં કરેલી જોગવાઈ અનુસાર પર્યાવરણ અને વનસંપત્તિ તથા પ્રાણીસૃષ્ટિના રક્ષણ અને મુક્ત વિહાર માટે રચવામાં આવેલા રક્ષિત વિસ્તારો. ભારતમાં પ્રાચીનકાળથી વન્યજીવન અને તેના સંરક્ષણને મહત્ત્વ અપાયેલું છે. ઋષિઓના આશ્રમો પણ જંગલો વચ્ચે જ હતા, એટલે ત્યાં વનનાં પશુ-પક્ષીઓનાં કાર્ય અને સંરક્ષણની જાણકારી મળતી હતી.

### ગુજરાત મોરી મોરી રે

પંચાસરના રાજા ભુવડ દ્વારા પાટણના રાજા જયશિખરીની હત્યાના ઐતિહાસિક કથાવસ્તુવાળા નાટક 'કાંતા'ના સર્જક કોણ હતા?

અ) ઈન્દુલાલ યાજ્ઞિક
બ) પ્રભુલાલ દ્વિવેદી
ક) મણિલાલ દ્વિવેદી
ડ) મૂળશંકર મુલાણી

### નોંધી રાખો

*કુદરતમાં થતા રહેતા ફેરફારો ધીમા હોવાથી મોટાભાગના જીવ તેને અનુકૂળ થઈ પોતાની જાતિનું અસ્તિત્વ ટકાવી રાખે છે.*

### ઓળખાણ પડી?



ફાસ્ટ બોલરોની બોલબાલા હતી એ સમયના ટોપી પહેરી બોલિંગ કરનારા વેસ્ટ ઈન્ડિઝના સ્પિન બોલરની ઓળખાણ પડી?

અ) નોરેગા બ) રામાધીન ક) સોલોમન ડ) હન્ટ

### ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

સજીવોની ભિન્નતા, ઉત્ક્રાંતિનો સિદ્ધાંત અને 'નેચરલ સિલેક્શન' વિશે સમજાવનારા સંશોધકનું નામ યાદ કરી જણાવો.

અ) ન્યૂટન બ) ડાર્વિન ક) એરિસ્ટોટલ ડ) જેફરસન

### માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૨૬, ૩૪, ૪૧, ૪૬, ... વચ્ચે રહેલો સંબંધ ઓળખી ગણતરી કરીને કહો કે ૪૬ પછી કઈ સંખ્યા આવે?

અ) ૫૧ બ) ૫૬ ક) ૬૦ ડ) ૬૪

### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૨ | | ૯ | ૬ | | | | | |
| ૬ | | | | ૨ | | | | |
| ૮ | | | ૫ | ૩ | | ૪ | | |
| | ૭ | | | | | | ૩ | |
| ૧ | | | ૪ | | ૭ | | | ૬ |
| | ૬ | | | | | | ૮ | |
| | | ૪ | | ૧ | ૩ | | | ૭ |
| | | | | ૪ | | | | ૩ |
| | | | | | ૨ | ૯ | | ૫ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક

### સુડોકુ-ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૮ | ૯ | ૧ | ૬ | ૭ | ૩ | ૪ | ૨ |
| ૭ | ૨ | ૪ | ૩ | ૫ | ૮ | ૬ | ૧ | ૯ |
| ૬ | ૩ | ૧ | ૯ | ૪ | ૨ | ૫ | ૮ | ૭ |
| ૩ | ૭ | ૬ | ૮ | ૨ | ૯ | ૪ | ૫ | ૧ |
| ૧ | ૫ | ૨ | ૪ | ૭ | ૬ | ૯ | ૩ | ૮ |
| ૪ | ૯ | ૮ | ૫ | ૩ | ૧ | ૨ | ૭ | ૬ |
| ૮ | ૪ | ૭ | ૨ | ૯ | ૫ | ૧ | ૬ | ૩ |
| ૨ | ૧ | ૩ | ૬ | ૮ | ૪ | ૭ | ૯ | ૫ |
| ૯ | ૬ | ૫ | ૭ | ૧ | ૩ | ૮ | ૨ | ૪ |

### ગયા શનિવારના જવાબ

| A | B |
|---|---|
| પુરાંત | સિલક |
| પુરાણ | સંગ્રહગ્રંથ |
| પુરોગામી | અગ્રેસર |
| પુલકિત | રોમાંચિત |
| પુલ્લિંગ | નરજાતિ |

ગુજરાત મોરી મોરી રેઃ એડીપોલો

ઓળખાણ પડી? કેન વિલિયમ્સન

માઈન્ડ ગેમ : ૩૩૫

ચતુર આપો જવાબ માથું ખંજવાળો : Black Marlin

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) વિપીન શાહ (૩) નૂતન વિપીન શાહ (૪) ડો. પ્રકાશ કટકિયા (૫) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૬) ભરત કજરિયા (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામિની સંપટ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) ભારતી બુચ (૧૨) હર્ષા મહેતા (૧૩) ખુશરૂ કાપડિયા (૧૪) મીનળ કાપડિયા (૧૫) નિતીન જયંતીલાલ બજરિયા (૧૬) કમલ માતલિયા (૧૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૮) મહેશ સંઘવી (૧૯) જ્યોતિ ખાંડવાલા (૨૦) ભાવના કર્વે (૨૧) મનીષા શેઠ (૨૨) ફાલ્ગુની શેઠ (૨૩) નિખિલ બંગાળી (૨૪) અમીશી બંગાળી (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વિણા સંપટ (૨૭) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૮) અંજુ ટોલિયા (૨૯) ડાયના સંતોકે (૩૦) અલકા વાણી (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વિજય આસર (૩૩) અરવિંદ કામદાર (૩૪) પ્રિતીબેન ઉદય શેઠ (૩૫) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૩૬) સુભાષ મોમાયા (૩૭) નીતા દેસાઈ (૩૮) પુષ્પા પટેલ (૩૯) લજિતા ખોના (૪૦) તાહેર ઔરંગાબાદવાલા (૪૧) શીરીન ઔરંગાબાદવાલા (૪૨) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૩) રમેશભાઈ દલાલ (૪૪) હિનાબેન દલાલ (૪૫) ઈનાક્ષીબેન દલાલ (૪૬) જ્યોત્સના ગાંધી (૪૭) મહેશ દોશી (૪૮) પ્રવીણ વોરા (૪૯) ભાવિબેન અંતિમભાઈ શેઠ (૫૦) વિજય આસર

# નસરાપુર બળાત્કાર-હત્યા કેસમાં ત્વરિત સજા, ઝડપી ન્યાયની ખાતરીઃ ફડણવીસ

પુણેઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે નસરાપુર બળાત્કાર અને હત્યા કેસમાં આરોપીઓને જે ત્વરાથી દોષિત ઠેરવવામાં આવ્યા એ ઝડપી ન્યાય માટેની ખાતરી હોવાનું જણાવી વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે મૃત્યુદંડની સજા માટે ફરિયાદ પક્ષની અરજી અદાલત સ્વીકારશે. પુણેની વિશેષ અદાલતે ગુરુવારે ૬૫ વર્ષીય આરોપી ભીમરાવ કાંબળેને ગયા મહિને પુણે જિલ્લાના નસરાપુર ગામમાં ત્રણ વર્ષની બાળકીના અપહરણ, બળાત્કાર અને હત્યાના કેસમાં દોષિત ઠેરવ્યા હતા. ગુનાના ૬૦ દિવસની અંદર ત્વરિત સજા ફટકારવામાં આવ્યા બાદ અદાલત ૨૯ જૂને સજાનું પરિમાણ જાહેર કરશે. ફરિયાદ પક્ષે કાંબળે માટે મૃત્યુદંડની માગણી કરી દલીલ કરી છે એનામાં સુધારાને કોઈ અવકાશ નથી. સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં ફડણવીસે કાર્યવાહી ઝડપથી પૂર્ણ કરવા બદલ ટ્રાયલ કોર્ટની પ્રશંસા કરી જણાવ્યું હતું કે 'આરોપનામું દાખલ થયા પછી ખટલાની ગતિ અદાલત પર નિર્ભર રહે છે. આ કિસ્સામાં અદાલતે ગુનાની ગંભીરતાને ઓળખીને વેકેશન દરમિયાન પણ કેસની સુનાવણી ચાલુ રાખી. કદાચ આ રેકોર્ડ પરના સૌથી ઝડપી ટ્રાયલ પૈકીનો એક છે. (પીટીઆઈ)

# પશ્ચિમ રેલવેમાં એક નહીં બે ટેક્નિકલ ખામીને કારણે ટ્રેનોના ધાંધિયા

## પીકઅવર્સમાં લોકલ ટ્રેનમાં ટ્રાવેલ કરવામાં પ્રવાસીઓને હાલાકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ પશ્ચિમ રેલવેમાં શુક્રવારની વહેલી સવારે ટ્રેનને પાવર સપ્લાય કરતા ઓવરહેડ ઇક્વિપમેન્ટ (ઓએચઈ)માં ટેકનિકલ ખામી સર્જાવવાને કારણે ટ્રેન વ્યવહાર ખોરવાયો હતો. ધસારાના સમયે જ ચર્ચગેટથી વિરાર અપ-ડાઉન લોકલ ટ્રેનો નિર્ધારિત સમય કરતાં અડધોથી પોણો કલાક મોડી પડતાં પ્રવાસીઓને હાલાકી ભોગવવી પડી હતી.

શુક્રવારે વહેલી સવારે પહેલી ટેક્નિકલ ખામી દાદર અને ચર્ચગેટ સ્ટેશન વચ્ચે ઓવરહેડ વાયરમાં આવી હતી. રેલવેની ટેકનિકલ ટીમ હજુ આ ખામીને સુધારીને ટ્રેન વ્યવહાર પૂર્વવત્ કરવાનો પ્રયાસ કરી રહી હતી, ત્યાં જ બીજી આંચકાજનક ઘટના જાણવા મળી હતી. ચર્ચગેટ અને મુંબઈ સેન્ટ્રલ સ્ટેશનોની વચ્ચે પણ ઓવરહેડ ઇક્વિપમેન્ટ ફેઈલ થતાં ટ્રેન વ્યવહાર પાછો ખોરવાયો હતો. એક જ દિવસમાં સવારે ધસારાના સમયે ઉપરાઉપરી થયેલાં આ બે ટેકનિકલ ફેઈલ્યોરને કારણે પશ્ચિમ રેલવેના પ્રવાસીઓ ભારે મુશ્કેલીમાં મુકાયા હતા.

શુક્રવારનો દિવસ હોવાથી સવારના સમયે લાખો મુંબઈગરાંઓ ઓફિસ અને ધંધાર્થે જવા માટે ઘરોમાંથી બહાર નીકળ્યા હતા. પરંતુ ટ્રેનો અડધોથી પોણો કલાક મોડી હોવાના કારણે બોરીવલી, અંધેરી, દાદર અને ચર્ચગેટ જેવા મુખ્ય સ્ટેશનો પર પ્રવાસીઓની ભારે ભીડ જોવા

(જુઓ પાનું ૪) ▸▸

# વરસાદે ચિંતા વધારી

## ધોધમાર વરસાદ માટે ક્યાં સુધી જોવી પડશે રાહ?

મુંબઈઃ સમગ્ર રાજ્યમાં ચોમાસું બેસી ગયું હોવા છતાં, ૨ જુલાઈ સુધી વરસાદની તીવ્રતા વધુ રહેશે નહીં, એવું વેધર મોડલ દર્શાવે છે. હવામાન વિભાગના અંદાજ મુજબ, રાજ્યમાં સાર્વત્રિક ભારે વરસાદ માટે ૨ જુલાઈ સુધી રાહ જોવી પડશે. જોકે, ૯ થી ૧૬ જુલાઈ દરમિયાન ઉત્તર કોંકણમાં ભારે વરસાદની શક્યતા છે.

ચોમાસું ફરી સક્રિય થયું છે, પરંતુ ૨ જુલાઈ સુધી માત્ર દક્ષિણ કોંકણ અને દક્ષિણ મધ્ય મહારાષ્ટ્રમાં જ ભારે વરસાદની શક્યતા છે. બાકીના મહારાષ્ટ્રમાં સાર્વત્રિક વરસાદ માટે ૨ જુલાઈ સુધી રાહ જોવી પડશે.

હવામાન વિભાગના અંદાજ મુજબ, ૨ થી ૯ જુલાઈ દરમિયાન કોંકણ, ઘાટ વિસ્તારો, વિદર્ભ અને મરાઠવાડામાં સરેરાશથી વધુ વરસાદ થશે. જ્યારે ૯ થી ૧૬ જુલાઈ દરમિયાન ઉત્તર કોંકણ અને ઉત્તર મધ્ય મહારાષ્ટ્રમાં વરસાદ વધશે, જેનો ચોક્કસ અંદાજ ૨ જુલાઈએ સ્પષ્ટ થશે.

પ્રાદેશિક હવામાન વિભાગની આગાહી મુજબ, ગુરુવારે મહામુંબઈમાં ગાજવીજ સાથે

(જુઓ પાનું ૪) ▸▸

# થાણેના યુવાને ચિપલૂણમાં બ્રિજ પરથી વાશિષ્ઠી નદીમાં ઝંપલાવ્યું

## છેલ્લે પત્ની અને માતાને આત્મહત્યા કરતો હોવાનું ફોન પર કહ્યુંઃ બેકારી અને માંદગીથી કંટાળીને જીવન ટૂંકાવ્યાની શંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કચ્છના વતની અને હાલમાં થાણે જિલ્લાના દીવા નજીક રહેતા ગુજરાતી યુવાને રત્નાગિરિના ચિપલૂણમાં બ્રિજ પરથી વાશિષ્ઠી નદીમાં ઝંપલાવ્યું હોવાની ઘટના સામે આવી હતી. બેકારી અને માંદગીથી કંટાળીને યુવાને જીવન ટૂંકાવ્યું હોવાનું પ્રથમદર્શી પોલીસને જણાઈ રહ્યું છે. સસરાને લેવા ચિપલૂણ ગયેલા યુવાને છેલ્લે પત્ની અને પછી માતાને આત્મહત્યા કરતો હોવાની ફોન પર જાણ કરી હતી.

ચિપલૂણ પોલીસ સ્ટેશનના તપાસ અધિકારી સંતોષ શિંદેએ 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે મૃતકની ઓળખ મિથિલ અશોક શાહ (૩૦) તરીકે થઈ હતી. શાહનો પરિવાર મૂળ કચ્છનો વતની હતો, પરંતુ વર્ષોથી મુંબઈમાં સ્થાયી થયો

(જુઓ પાનું ૪) ▸▸

# આદિત્યમાં નેતૃત્વ કરવાની ક્ષમતા છેઃ સંજય રાઉત

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના સંસદ સભ્ય સંજય રાઉતે શુક્રવારે કહ્યું હતું કે કેટલાક સંસદ સભ્યો પક્ષ છોડી જતા રહ્યા હોવા છતાં શિવસેના મજબૂત છે અને આદિત્ય ઠાકરેમાં પક્ષનું નેતૃત્વ કરવાની ક્ષમતા છે. તાજેતરમાં એકનાથ શિંદેની આગેવાની હેઠળની સેનામાં જોડાયેલા પક્ષના છ સંસદ સભ્યોના પ્રતિનિધિત્વ કરતા મતવિસ્તારોના પક્ષ પ્રમુખ ઉદ્ધવ ઠાકરેના આયોજિત પ્રવાસ પહેલા પીટીઆઈ વીડિયો સાથે વાત કરતા એ લોકોએ ફક્ત પૈસા, સત્તા અને રક્ષણ માટે વફાદારી બદલી હોવાનો આરોપ રાઉતે કર્યો હતો.

શિવસેના (યુબીટી)ના વિધાન સભ્ય આદિત્ય ઠાકરેની પક્ષમાં ભૂમિકા વિશે પૂછવામાં આવતા રાઉતે કહ્યું હતું કે 'વી પેઢીએ ધીમે ધીમે મહત્ત્વની જવાબદારી ઉપાડી લેવી જોઈએ. અમે કેટલાં

(જુઓ પાનું ૪) ▸▸

# બાંદ્રા-વરલી સી લિંક પરથી ઝંપલાવીને થાણેના ગુજરાતી વેપારીની આત્મહત્યા

## પ્રભાદેવીથી પકડેલી ટૅક્સી ઊબકા આવતા હોવાનું કહીને સી લિંક રોકીઃ આર્થિક નુકસાનને કારણે અંતિમ પગલું ભર્યાની શંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ થાણેના ૫૧ વર્ષના ગુજરાતી વેપારીએ બાંદ્રા-વરલી સી લિંક પરથી ઝંપલાવીને જીવનનો અંત આણ્યો હોવાની ઘટના શુક્રવારે સવારે ૧૧ વાગ્યાની આસપાસ બની હતી. થાણેથી ઘાટકોપર થઇને પ્રભાદેવી પહોંચ્યા બાદ ટેક્સીમાં સી લિંક આવેલા વેપારીએ ટેક્સી થોભાવીને દરિયામાં ઝંપલાવી દીધું હતું. વરલી પોલીસે આ પ્રકરણે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હોઇ આર્થિક નુકસાનને કારણે વેપારીએ અંતિમ પગલું ભર્યું હોવાની પોલીસને શંકા છે. જોકે વેપારીએ કરેલી આત્મહત્યા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું.

વેપારીની ઓળખ ભાવેશ નવીનચંદ્ર મજેઠિયા તરીકે થઇ હતી, જે થાણેના શ્રીનગરમાં પરિવાર

(જુઓ પાનું ૪) ▸▸

# થોડી રાહ જુઓ, ઠાકરેના ૧૪ ધારાસભ્ય અમારી સાથે આવશેઃ ગુલાબરાવ પાટીલના નિવેદનથી રાજકારણ ગરમાયું

મુંબઈઃ મહારાષ્ટ્રના રાજકીય વર્તુળોમાં 'ઓપરેશન ટાઈગર ૩.૦' ની જોરદાર ચર્ચા ચાલી રહી છે. ઠાકરે જૂથના ૬ સાંસદો અલગ થયા બાદ, હવે અંદાજે ૧૪ ધારાસભ્યો ઉપમુખ્યપ્રધાન એકનાથ શિંદેના સંપર્કમાં હોવાના અહેવાલોથી ભારે ખળભળાટ મચી ગયો હતો. આ તમામ રાજકીય ગતિવિધિઓ પર પ્રધાન ગુલાબરાવ પાટીલે અત્યંત સૂચક પ્રતિક્રિયા આપી. તેમણે "૧૪ કરતાં વધુ ધારાસભ્યો આવશે, થોડી રાહ જુઓ," એવો સીધો ઈશારો આપીને ઠાકરે જૂથની ચિંતામાં વધુ વધારો કર્યો હતો.

'ઓપરેશન ૩.૦' ના સંદર્ભમાં પુછાયેલા પ્રશ્ન પર પ્રધાન ગુલાબરાવ પાટીલે જણાવ્યું

(જુઓ પાનું ૪) ▸▸

### ઉદ્ધવ ઠાકરેના પ્રવાસ પર કટાક્ષ

૬ બળવાખોર સાંસદો સામે ઉદ્ધવ ઠાકરેએ રણશિંગું ફૂંક્યું છે અને તેઓ શનિવારથી આગામી ત્રણ દિવસ સુધી સંબંધિત મતવિસ્તારોમાં પ્રવાસ અને સંમેલનો યોજવાના છે. આ પ્રવાસ અંગે પૂછવામાં આવતા ગુલાબરાવ પાટીલે આકરો કટાક્ષ કર્યો હતો. ગુલાબરાવ પાટીલે કહ્યું કે, "ઉદ્ધવ ઠાકરેએ ફરવું જ જોઈએ, દીકરાએ ન કર્યું તો બાપે તે કરવું જ પડશે."

### સાંસદ સંજય દિના પાટીલને સલાહ

થોડા દિવસો પહેલા જ ઠાકરે જૂથમાંથી શિંદે જૂથમાં આવેલા સાંસદ સંજય દિના પાટીલે પત્રકારોને અભદ્ર ભાષામાં ગાળો આપી હોવાનો વીડિયો વાયરલ થયો હતો. આ વિવાદ પર ગુલાબરાવ પાટીલે સંજય દિના પાટીલને આકરા શબ્દોમાં સંભળાવ્યું હતું. ગુલાબરાવ પાટીલે કહ્યું કે, "આવું ન થવું જોઈએ, પત્રકાર એ દેશનો ચોથો સ્તંભ છે. તે આપણો અરીસો છે, અરીસા પર પથ્થર ન મારવો જોઈએ. વાદ-વિવાદ થતા રહે છે, અમારે પણ થાય છે. પણ એનો અર્થ એ નથી કે મારામારી કરવી કે ગાળાગાળી કરવી. ભવિષ્યમાં આવું કંઈ ન થાય એવી હું તેમને સલાહ આપીશ. 'ક્ષમા વીરસ્ય ભૂષણમ્' કહીને તેમને સોરી કહેવામાં શું વાંધો છે?' એવું તેમણે જણાવ્યું હતું.

# મહારાષ્ટ્ર સરકાર સમાજના દરેક વર્ગ માટે કામ કરશેઃ ફડણવીસ

પુણેઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે જણાવ્યું હતું કે રાજ્ય સરકાર સમાજના દરેક વર્ગ સાથે મળીને પ્રગતિ કરે એ માટે પ્રતિબદ્ધ છે અને ભારપૂર્વક જણાવ્યું હતું કે અન્ય સમુદાયના ભોગે કલ્યાણકારી પગલાં નહીં લેવામાં આવે. યુનિયન પબ્લિક સર્વિસ કમિશન, મહારાષ્ટ્ર પબ્લિક સર્વિસ કમિશન અને અન્ય સ્પર્ધાત્મક પરીક્ષા પાસ કરનારા ઉમેદવારોના સન્માન માટે આયોજિત એક કાર્યક્રમમાં બોલી રહ્યા હતા. આ કાર્યક્રમનું આયોજન છત્રપતિ શાહુ મહારાજ સંશોધન, તાલીમ અને માનવ વિકાસ સંસ્થા (સારથી) દ્વારા કરવામાં આવ્યું હતું. આ એક સ્વાયત્ત સંસ્થા છે. સરકારે ખાતરી કરી છે કે મરાઠા સમુદાયના કલ્યાણ માટે કામ કરતી સારથી સંસ્થા અથવા અન્નાસાહેબ પાટિલ આર્થિક વિકાસ નિગમ માટે ભંડોળની કોઈ અછત ન રહે એની તકેદારી સરકારે રાખી હોવાનું જણાવી ફડણવીસે ઉમેર્યું હતું કે સરકારે તાજેતરમાં સરકારી ઠરાવ દ્વારા મરાઠા સમુદાયને કેટલાક લાભ આપ્યા છે જે

(જુઓ પાનું ૪) ▸▸

## પુણે લોહગડ મર્ડર કેસ

# કેતન અગરવાલની હત્યા કરવા વાગ્દત્તા સિયાને તેના પ્રેમીએ ઉશ્કેરી હતી

પુણેઃ પુણેમાં રિયલ એસ્ટેટ કંપનીના ડિરેક્ટર તેમ જ ટ્રેકર કેતન અગરવાલની હત્યાના કેસની તપાસમાં ચોંકાવનારા ખુલાસા સામે આવી રહ્યા છે. કેતનની વાગ્દત્તા સિયા ગોયલના પ્રેમી ચેતન ચૌધરીએ સિયાને કેતનની હત્યા કરવા માટે ઉશ્કેરી હતી, એવો દાવો પોલીસે કર્યો છે. બંને આરોપીની પૂછપરછમાં એવું સામે આવ્યું હતું કે લોહગડ કિલ્લા પર કેતનની હત્યા કરવા માટે સિયાને ચેતન ચૌધરીએ ઉશ્કેરી હતી.

નોંધનીય છે કે સિયા અને ચેતન વચ્ચે પ્રેમસંબંધ હતો અને તેમણે ૧૮ જૂને લોહગડ કિલ્લા પરથી કેતનને ધક્કો માર્યો હતો. કેતન ૪૦૦ ફીટ ઊંડી ખીણમાં પડતાં તેનું મૃત્યુ થયું હતું. પુણે ગ્રામીણ પોલીસના અધિકારીએ જણાવ્યું હતું કે કિલ્લા પર પહોંચ્યા બાદ સિયાએ ચેતનને સંકેત આપતાં જ તેણે અસાવધ કેતનને ધક્કો માર્યો હતો.

સિયાએ પોલીસને શરૂઆતમાં કહ્યું હતું કે કિલ્લા પર ફોટા પાડતી વખતે પગ લપસવાથી કેતન ખીણમાં પડી ગયો હતો. આથી પોલીસે એડીઆર દાખલ કરીને તપાસ આદરી હતી. જોકે તપાસમાં કેતનની હત્યા થયાનો ચોંકાવનારી વાત સામે આવી હતી. સિયાની માતાએ દાવો કર્યો હતો કે તેની પુત્રી ૧૮ જૂને લોહગડ કિલ્લા પર જવા માટે ખચકાટ અનુભવતી હતી, પરંતુ કેતન અને તેની માતાએ આગ્રહ કર્યો હતો. ૧૭ જૂને સાંજે સિયા અને કેતનની વીડિયો કૉલ પર વાતચીત થઇ હતી, જેમાં કેતને આગ્રહ કર્યો હતો. કેતનની માતાએ પણ સિયા સાથે વાત કરીને આગ્રહ કર્યો હતો. સિયા ટ્રેકિંગ પર જવા માગતી નહોતી, કારણ કે બીજા દિવસે ઘરમાં કાર્યક્રમ હોવાથી તે આરામ કરવા માગતી હતી. ■

### ઉદયપુરમાં પેલેસ બૂક કરાવ્યો નહોતો?

સિયાના લગ્ન માટે ઉદયપુરમાં પેલેસ બૂક કરાવ્યો હતો અને ચાર્ટર્ડ એરક્રાફ્ટની વ્યવસ્થા કરી હતી, એ વાતનો સિયાના પિતાએ ઇનકાર કરી દીધો હતો. લગ્ન ઉદયપુરમાં જ થવાનાં હતાં. હોટેલ દ્વારા યુગલ દીઠ દિવસના ૮૧ હજાર રૂપિયાનો ખર્ચ કહેવામાં આવ્યો હતો અને ૭૦ રૂમ બૂક કરાવવામાં આવી હતી. લગ્નનો ખર્ચ ત્રણ કરોડ રૂપિયાથી વધુ નહોતો. દરમિયાન રાજ્યના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ શુક્રવારે પુણેમાં કેતનના પિતાને મળ્યા હતા અને આરોપીઓને કઠોર સજા થશે એવી ખાતરી આપી હતી. ■

### 'મારી દીકરી દોષી હોય તો તેને પણ કિલ્લા પરથી ફેંકો': સિયાના પિતા

પુણેઃ કેતન અગરવાલ હત્યાકાંડની આરોપી મંગેતર સિયા ગોયલના માતા-પિતાનું નિવેદન બહાર આવ્યું છે. સિયાના માતાપિતાએ પોતાની દીકરીનો પક્ષ લેવાના બદલે કાયદા અને ન્યાયને સહકાર આપ્યો છે. તેમણે ભાવુક થઈને કડક શબ્દોમાં કહ્યું હતું કે જો તેમની દીકરી આ જઘન્ય અપરાધમાં દોષી સાબિત થાય તો તેને કડક સજા મળવી જોઈએ.

આરોપી સિયાના પિતા પ્રવીણ ગોયલે કહ્યું હતું કે, 'જેણે પણ આ કૃત્ય કર્યું છે, તેને સૌથી સખતમાં સખત દંડ મળવો જોઈએ, જે કિલ્લા પરથી અમારા કેતનને ફેંકવામાં આવ્યો હતો, ત્યાંથી જ જે પણ દોષી સાબિત થશે, ભલે તે મારી દીકરી જ કેમ ના હોય, તેને પણ તેવી જ રીતે નીચે ધક્કો મારી દેવો જોઈએ.

આગળ તેમણે કહ્યું કે 'અમે સિયાના પ્રેમ સબંધોથી અજાણ હતા. સિયા એક સીધી-સાદી સામાન્ય છોકરી છે. તે ૧૯ વર્ષની છે. શું ૧૯ વર્ષની કોઈ છોકરી આવું કઈ કરી શકે છે? ■

### ન્યાય અપાવવાની ફડણવીસની બાંયધરી, ફાસ્ટ ટ્રેક ટ્રાયલ માટે સંમતિ



મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે કેતન અગ્રવાલના પરિવારને સરકાર જવાબદાર લોકોને કડક સજા ફરમાવવામાં આવશે એવી બાંયધરી આપી ન્યાય મેળવવામાં કોઈ કસર નહીં છોડવામાં આવે એની ખાતરી આપી હતી. અગ્રવાલ પરિવારની ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં કેસ ચલાવવાની માગ પણ તેમણે સ્વીકારી હતી. કેતનને કથિત રીતે લોહગડ કિલ્લા પરથી તેની મંગેતર અને તેના પ્રેમીએ ધક્કો મારી મોતને ઘાટ ઉતારી દીધો હતો.

મુખ્ય પ્રધાન કાર્યાલય તરફથી એક સત્તાવાર નિવેદનમાં જણાવાયું છે કે કેતનના પિતા સાથેની મુલાકાત દરમિયાન, ફડણવીસે તેમને ખાતરી આપી હતી કે સરકાર આ કેસના આરોપીઓને કડક સજા મળે અને ન્યાય મેળવવા માટે તમામ પ્રયાસો કરવામાં આવશે. (પીટીઆઈ)■

### 'સિયા બીજી સોનમ રઘુવંશી'

મેઘાલય હત્યાકાંડમાં મૃત્યુ પામેલા ઇન્દોરના વેપારી રાજા રઘુવંશીની માતાએ ગુરુવારે પુણેના કેતન અગરવાલ હત્યાકેસની આરોપી સિયા ગોયલની તુલના તેની પુત્રવધૂ સોનમ રઘુવંશી સાથે કરી. ૨૦ વર્ષની સિયાના ચહેરા પર કોઇ પશ્ચાતાપ દેખાતો નથી, તે 'બીજી સોનમ' હોવાનું રઘુવંશીની માતાએ જણાવ્યું હતું. ગયા વર્ષે મે મહિનામાં રાજા રઘુવંશીની હત્યાએ દેશભરમાં ચકચાર જગાવી હતી. રાજા રઘુવંશીની મેઘાલયમાં હનીમૂન દરમિયાન હત્યા કરવામાં આવી હતી. પત્ની સોનમે જ પ્રેમી તથા અન્યોની મદદથી હત્યાનું કાવતરું ઘડ્યાનો આરોપ છે. ■







# વર્લ્ડ કપમાં મોટો અપસેટ: જર્મનીને હરાવી ઈક્વેડોર પહોંચ્યું નૉકઆઉટમાં

ન્યૂ યૉર્ક: અહીં ગુરુવારે મધરાત બાદ ફિફા વર્લ્ડ કપમાં રમાયેલી પાંચ મૅચમાં જર્મની અને ઈક્વેડૉર વચ્ચેની મૅચ સૌથી રોમાંચક હતી અને એમાં અપસેટ સર્જાયો હતો. ફિફા રેન્કિંગમાં ૧૦મો ક્રમ ધરાવતું જર્મની ૨૩મા નંબરના ઈક્વેડૉર સામે ૧-૨થી હારી ગયું હતું. ૨૦૨૬ના વર્લ્ડ કપના સૌથી મોટા અપસેટમાં આ મુકાબલો અચૂક ગણાશે, કારણકે ઉતરતા ક્રમના ઈક્વેડૉરે ૮૦,૬૬૩ પ્રેક્ષકોની હાજરીમાં આ મૅચમાં જોરદાર કમબૅક કરીને જર્મનીને માત આપી હતી.



ભૂતપૂર્વ ચેમ્પિયન જર્મની થોડા દિવસ પહેલાં જ ગ્રૂપ-ઈના ટેબલ-ટૉપર તરીકે નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચી ગયું હતું, પરંતુ ગુરૂવાર રાતની હાર એને શરમજનક સ્થિતિમાં મૂકી દેનારી હતી. ઇક્વેડૉરે આ મૅચ જીતીને નૉકઆઉટમાં પ્રવેશ મેળવી લીધો હતો. આ ગ્રૂપમાંથી આઇવરી કોસ્ટ પણ ૩૨ ટીમવાળા નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચી ગઈ છે.

### ઈક્વેડૉર કેવી રીતે નૉકઆઉટમાં?

કુલ ૪૮ ટીમ માટેના તમામ ૧૨ ગ્રૂપમાંથી ટોચની બે-બે ટીમ નૉકઆઉટમાં પ્રવેશ મેળવે છે, જ્યારે દરેક ગ્રૂપની ત્રીજા નંબરની ટીમોમાંથી શ્રેષ્ઠ આઠ ટીમને નૉકઆઉટમાં જવા મળે છે અને ઈક્વેડૉર એમાંની એક ટીમ બની છે. આ ગ્રૂપમાં ચોથા નંબરની ક્યૂરસો નામની નવી ટીમ કરતાં પણ ઈક્વેડૉરનો પર્ફોર્મન્સ નબળો મનાતો હતો. પહેલી બે લીગ મૅચમાં ઈક્વેડૉરની ટીમ એક પણ ગોલ નહોતી કરી શકી, જ્યારે શુક્રવારે એણે જર્મની જેવી ધરખમ ટીમ સામે બે ગોલ કરીને વિજય મેળવ્યો હતો.

લરૉય ઝાનેએ મૅચ શરૂ થયા બાદ બીજી જ મિનિટમાં ગોલ કરીને જર્મનીને ૧-૦થી સરસાઈ અપાવી હતી. જોકે જર્મન ખેલાડીઓને બરાબર ટક્કર આપવાની દ્રઢતા સાથે આવેલી ઈક્વેડૉરની ટીમે નવમી મિનિટમાં ગોલ કરીને સ્કોર ૧-૧ની બરાબરીમાં લાવી દીધો હતો. આ ગોલ નિલ્સન એન્ગુલોએ કર્યો હતો. આ વખતના વર્લ્ડ કપમાં ઈક્વેડૉરનો આ પહેલો જ ગોલ હતો.

સ્ટેડિયમમાં સર્વત્ર યલો જર્સીનાં દ્રશ્યો

૧-૧ની બરાબરી બાદ બંને ટીમે એકબીજાને જોરદાર ટક્કર આપી હતી. ૭૭મી મિનિટમાં ગોન્ઝાલો પ્લાટાએ જર્મનીની ડિફેન્સ ભેદીને ગોલ કર્યો હતો. ઈક્વેડૉરે ૨-૧થી સરસાઈ લીધી ત્યાર બાદ જર્મનીના અટૅકર્સે જોરદાર હુમલા પર હુમલા કર્યા હતા, પરંતુ ઈક્વેડૉરના ડિફેન્ડર્સ અને ગોલકીપરે તેમને વધુ એક પણ ગોલ નહોતો કરવા દીધો. ફાઇનલ વ્હીસલ વાગતાં જ ઈક્વેડૉરના વધારાના તમામ ખેલાડીઓ કોચ સાથે મેદાન પર દોડી આવ્યા હતા અને પ્લેઈંગ ઇલેવનના દરેક મેમ્બરને ભેટીને યાદગાર વિજય સેલિબ્રેટ કર્યો હતો. ઈક્વેડૉરનો ખેલાડીઓ જેવા યેલો જર્સીમાં હજારો પ્રેક્ષકો આવ્યા હતા અને તેમણે આ જીત ખૂબ માણી હતી.

### અન્ય ચાર મૅચમાં શું બન્યું?

(૧) આઇવરી કોસ્ટે ક્યૂરસોને ૨-૦થી હરાવ્યું.

(૨) નેધરલૅન્ડ્સનો ટ્યૂનિશિયા સામે ૩-૧થી વિજય થયો.

(૩) જાપાન-સ્વિડન વચ્ચેની મૅચ ૧-૧થી ડ્રોમાં ગઈ.

(૪) તૂર્કીએ અમેરિકાને ૩-૨થી હરાવ્યું.

# ફૂટબૉલપ્રેમીની માગણી, 'જર્મન ખેલાડીએ ઇક્વેડૉરના પ્લેયરના મોં પર સીધી લાત મારી, મહિલા રેફરીએ કેમ રેડ કાર્ડ ન બતાવ્યું?'

## ઇક્વેડૉર જીત્યું, પણ જર્મની સામેની મૅચની બે ઘટના પર વિવાદ થયો

ન્યૂ યૉર્ક: ચાર વખત વર્લ્ડ ચૅમ્પિયન બનેલા જર્મનીને ૨-૧થી હરાવીને ઇક્વેડૉર વર્ષો પછી ફિફા વર્લ્ડ કપના નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચ્યું એ બદલ દક્ષિણ અમેરિકાના ઇક્વેડૉરમાં સર્વત્ર આનંદનું વાતાવરણ છે, પરંતુ શુક્રવારની આ મૅચની શરૂઆતમાં જ મહિલા રેફરીએ ઇક્વેડૉરની ટીમને જે અન્યાય કર્યો એ બદલ વિજેતા ટીમ અને તેમના દેશવાસીઓ બેહદ નારાજ છે અને તપાસની માગણી કરી રહ્યા છે. મૅચના આરંભ બાદ બીજી જ મિનિટમાં લરૉય ઝાનેએ ગોલ કરીને જર્મનીને ૧-૦થી સરસાઈ અપાવી હતી. જોકે આ ગોલ થતાં પહેલાંની કેટલીક ક્ષણો ચર્ચાસ્પદ થઈ છે. થ્રો-ઇન થયા પછી બૉલ ઝાને તરફ આવ્યો અને તેણે બૉલ નેટમાં મોકલી દીધો હતો. જોકે એ થ્રો-ઇન બાદ



જર્મન મિડફીલ્ડર ઍલેક્ઝાંડર પાવલોવિચે બૉલને પોતાના કબજામાં લેવાના પ્રયાસમાં જમણો પગ ઊંચો કરીને બૉલને બદલે ઇક્વેડૉરના પેડ્રો વિટેના માથાને નિશાન બનાવ્યું હતું. વિટેને લાત લાગતાં જ નીચે પડ્યો હતો અને તેને ગંભીર ઈજા થઈ હતી. જોકે અમેરિકાની મહિલા રેફરી ટૉરી પેન્સૉએ પાવલોવિચની આ હરકતને ફાઉલ ગણવાને બદલે અને તેને રેડ કાર્ડ બતાવવાને બદલે રમત ચાલુ રાખવાનો આદેશ આપ્યો હતો અને પળવારમાં ઝાનેએ જર્મનીને ગોલ અપાવી દીધો હતો.

ઇક્વેડૉરની ટીમે આ ફાઉલ સામે વિરોધ નોંધાવ્યો હતો, પરંતુ વીએઆર (વીડિયો આસિસ્ટન્ટ રેફરી) જો ડિકરસનને આમાં રેફરી પેન્સૉની ભૂલ નહોતી દેખાઈ. સાત જ મિનિટ બાદ ઇક્વેડૉરે ગોલ કરીને ૧-૧ની સરસાઈ સાથે જર્મનીની ટીમને પોતાની ક્ષમતા બતાવી દીધી હતી.

સેકન્ડ હાફમાં રેફરી પેન્સૉએ વધુ એક બ્લન્ડર કર્યું હતું. આ વખતે એક ફાઉલ વખતે ઇક્વેડૉરની તરફેણ થઈ હતી. પેન્સૉએ પહેલાં તો જર્મનીને એક પેનલ્ટી કિક આપી હતી, પણ વીએઆર (રિવ્યૂ) બાદ ઇક્વેડૉરને ફ્રી કિક આપી હતી. છેવટે ૭૭મી મિનિટમાં ઇક્વેડૉરના ગૉન્ઝેલો પ્લાટાએ જે ગોલ કરીને ટીમને ૨-૧ની સરસાઈ અપાવી એ જ સ્કોર સાથે ઇક્વેડૉર જીતીને નૉકઆઉટ રાઉન્ડમાં પહોંચી ગયું હતું.

# ઈકવેડૉરના પ્રમુખે રાષ્ટ્રીય રજા જાહેર કરી

*ક્વીટો:* દક્ષિણ અમેરિકામાં કોલંબિયાની પાડોશમાં આવેલા ઈક્વેડૉર નામના દેશમાં ફૂટબૉલની રમત સૌથી લોકપ્રિય છે અને આ દેશની ટીમે શુક્રવારે ફિફા વર્લ્ડ કપમાં જર્મની જેવા ચાર વખત વર્લ્ડ ચેમ્પિયન બનેલા દેશની ટીમને હરાવીને ૨૦૦૬ની સાલ પછી પ્રથમ વખત નૉકઆઉટ રાઉન્ડમાં પ્રવેશ મેળવ્યો એટલે દેશમાં સર્વત્ર ખુશાલી છે. આ અવસરે દેશના પ્રમુખ ડેનિયલ નૉબોઆએ શુક્રવારે નેશનલ હૉલિડે જાહેર કર્યો હતો.

ઈક્વેડૉરે શુક્રવારની મૅચમાં ૦-૧થી પાછળ રહ્યા બાદ જબરદસ્ત કમબૅક કરીને આ મૅચ ૨-૧થી જીતી લીધી હતી.

યાદગાર વિજય બાદ પ્રમુખ નૉબોઆએ ટીકાઓ અને કઠિન પરિસ્થિતિનો સફળતાથી સામનો કરીને દેશને ગૌરવ અપાવવા બદલ તેમ જ દેશભરની પ્રજાને ખુશ અને રોમાંચિત કરી દેવા બદલ ઈક્વેડૉરની ટીમના ખેલાડીઓ તેમ જ કોચ સેબાસ્ટિયન બેકાચેસનો ખૂબ ખૂબ આભાર માન્યો હતો.

ઈક્વેડૉર વિકાસશીલ રાષ્ટ્ર છે. આ દેશ આર્થિક રીતે ખનિજ તેલ અને કૃષિ પેદાશોની નિકાસ પર જ નભે છે. આ દેશની ૮૯% જનતા ખ્રિસ્તી છે. ૯ ટકા લોકોનો કોઈ જ ધર્મ નથી. ૧૮૨૨માં (૨૦૪ વર્ષ પહેલાં) આ દેશ સ્પેનથી આઝાદ થયો હતો. ઈક્વેડૉરમાં સ્પેનિશ ભાષા સૌથી વધુ બોલાય છે.

# આઇપીએલના કરોડપતિઓનો આયરલૅન્ડ સામે કચરો થઈ ગયો

## ટીમ ઈન્ડિયાનું નાક કપાયું: વર્લ્ડ ચૅમ્પિયન ભારત પહેલી વખત આયરલૅન્ડ સામે હાર્યું

બેલફાસ્ટ: શ્રેયસ ઐયરની નવી કૅપ્ટન્સીમાં ભારતીય ટી-૨૦ ટીમની આયરલૅન્ડની ધરતી પર આબરૂ ગઈ છે. શુક્રવારે સિરીઝની પહેલી જ મૅચમાં ટીમ ઇન્ડિયાનો ૩૪ રનથી પરાજય થયો હતો. આયરલૅન્ડની ટીમે પહેલી જ વખત ભારત સામે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિજય મેળવ્યો છે અને એ પણ પોતાની જ ધરતી પર આ ઐતિહાસિક સફળતા મેળવી. ૧૮૩ રનના સાધારણ લક્ષ્યાંક સામે આઇપીએલના શહેનશાહો માત્ર ૧૪૮ રનમાં ઑલઆઉટ થઈ ગયા હતા. એકેય ભારતીય બૅટ્સમૅન હાફ સેન્ચુરી પણ નહોતો કરી શક્યો, તે પહેલા આયરલેન્ડના દાવમાં હર્ષિત રાણાએ સૌથી વધુ ત્રણ વિકેટ લીધી હતી.



### ભારત નંબર-વન, આયરલૅન્ડ ૧૨મું

વર્લ્ડ નંબર-વન ભારતે ૧૨મા ક્રમના આયરલૅન્ડ સામે ઘૂંટણિયા ટેકવ્યા. થોડા દિવસ પહેલાં જ પૂરી થયેલી આઇપીએલમાં સેન્ચુરીઓ અને હાફ સેન્ચુરીઓથી ધમાલ મચાવનાર ભારતીય ખેલાડીઓ આઇરિશ બોલર્સને લડત ન આપી શક્યા અને ૧૯મી ઓવરમાં હારી ગયા હતા. આઇરિશો અત્યાર સુધીમાં ભારત સામે આઠેય ટી-૨૦ મૅચ હારી ગયા હતા. લૉર્કેન ટકરની કૅપ્ટન્સીમાં આ પહેલી જ મેચ હતી અને એમાં તે સફળ થયો.

ભારત ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન બન્યું ત્યાર પછી ભારતની આ પહેલી જ ટી-૨૦ મૅચ હતી જેમાં આઇરિશ ટીમ સામે પરાજિત થઈ. આઇપીએલમાં ૨૦૦-પ્લસ સ્કોર્સ અને ક્યારેક ૨૫૦-પ્લસ રન બનાવનાર ભારતીય બૅટ્સમેનો ૧૫૦ રન પણ ન બનાવી શક્યા.

### વૈભવની બાદબાકી, મીડિયામાં ટીમ ઈન્ડિયાની ટીકા

આઇપીએલની પહેલાં ત્રીજી વખત ટી-૨૦ વર્લ્ડ ચૅમ્પિયન બનેલા ભારતે ચૅમ્પિયન ટીમ જાળવી રાખવાનો આગ્રહ રાખીને વૈભવ સૂર્યવંશીને ડેબ્યૂ કરવાનો મોકો ન આપ્યો અને એનું પરિણામ ટીમે ભોગવવું પડ્યું, કારણકે ટૉપ-ઑર્ડરના છમાંથી એકમાત્ર અભિષેક શર્મા (૪૯ રન, ૨૦ બૉલ, બે સિક્સર, સાત ફોર) સારું રમી શક્યો હતો. તેને બાદ કરતા વિકેટકીપર સંજુ સૅમસન (પાંચ રન), ઇશાન કિશન (એક રન), કૅપ્ટન શ્રેયસ ઐયર (ત્રણ રન), તિલક વર્મા (૧૯ રન) અને વૉશિંગ્ટન સુંદર (નવ રન)માંથી એકેય પ્લેયર લાંબી ઇનિંગ્સ નહોતો રમી શક્યો. બર્થ-ડે બૉય શિવમ દુબે (પચીસ રન) પણ નહોતો કરી શક્યો. અક્ષર પટેલ પણ માત્ર ૧૫ રનની ટૂંકી ઇનિંગ્સ રમી શક્યો હતો. આઇપીએલના સૌથી સફળ બૅટ્સમૅન વૈભવને શુક્રવારે બહુચર્ચિત ડેબ્યૂ ન કરવા દીધું એનું પરિણામ ટીમ ઇન્ડિયાએ ભોગવવું પડ્યું એવી ટિપ્પણીઓ સોશ્યલ મીડિયામાં શરૂ થઈ ગઈ હતી.

સ્પિનર મૅથ્યૂ હમ્ફ્રેઝ અને મૅન ઑફ ધ મૅચ મૅટ હૉલાર્ડે ત્રણ-ત્રણ વિકેટ લીધી હતી. ભારતીય મૂળનો પેસ બોલર લેફ્ટ-આર્મ ફાસ્ટ બોલર જય મુંદરા પણ ભારતીય ટીમને ભારે પડ્યો હતો. તેણે સંજુ સૅમસન અને શિવમ દુબેની વિકેટ લીધી હતી. લિઆમ મૅકાર્થી અને ગરેશ ડેલનીએ એક-એક ભારતીય બૅટ્સમૅનને આઉટ કર્યો હતો.

શ્રેણીની બીજી અને અંતિમ ટી-૨૦ મૅચ રવિવારે (સાંજે ૬.૦૦ વાગ્યાથી) બેલફાસ્ટમાં જ રમાશે.

# ટિકિટો ગણતરીની મિનિટોમાં વેચાઈ અને પ્રેક્ષકો માટે સીટ વધારાઇ, પણ વૈભવને જ ન રમાડ્યો

## ટીનેજ સુપરસ્ટારના ડાઇ-હાર્ડ ફૅન્સે મૅચનો જ બહિષ્કાર કર્યો: રવિવારે આ જ મેદાન પર રમાશે બીજી ટી-૨૦

બેલફાસ્ટ: ૧૫ વર્ષીય ઓપનિંગ બૅટ્સમૅન વૈભવ સૂર્યવંશીને કારણે આયરલૅન્ડમાં ભારત સામેની શુક્રવારની પ્રથમ ટી-૨૦ મૅચનું મહત્ત્વ એટલું બધુ વધી ગયું હતું કે આ મુકાબલાની ટિકિટો ગણતરીની મિનિટોમાં વેચાઈ ગઈ હતી અને અહીં સિવિલ સર્વિસ ક્રિકેટ ક્લબના સ્ટેડિયમમાં માત્ર ૭૦૦૦ પ્રેક્ષકો બેસી શકે એટલી જ સીટ હોવાથી એક ખાસ સ્ટૅન્ડ ઊભું કરાયું હતું, પરંતુ સાંજે ટૉસ થયો ત્યારે બધાને જાણ થઈ કે વૈભવ પ્લેઇંગ-ઇલેવનમાં છે જ નહીં.



ખરેખર તો બે અઠવાડિયાં પહેલાં વૈભવને ભારતની સ્ક્વૉડમાં સમાવવામાં આવ્યો ત્યારથી જ બેલફાસ્ટના સ્ટેડિયમમાં મૅચ જોવા માટેની ટિકિટો ખરીદવા પડાપડી થઈ હતી. જોકે વૈભવને સિરીઝની પ્રથમ મૅચમાં ભારત વતી ડેબ્યૂ કરવા ન મળ્યું, પણ હવે રવિવાર, ૨૮મી જૂને કદાચ કરવા મળશે. એ દિવસે બીજી અને છેલ્લી ટી-૨૦ આ જ મેદાન પર રમાવાની છે. ટૉસ વખતે શ્રેયસ ઐયરે ટીમમાં કમનસીબે વૈભવ નથી એવી જાહેરાત કરી ત્યારે જ સૌ કોઈ નિરાશ થઈ ગયા હતા. મોટા ભાગના પ્રેક્ષકોએ વૈભવની બૅટિંગ જોવા માટે જ ટિકિટ ખરીદી હતી. તાજેતરની આઇપીએલમાં વૈભવના ૭૭૬ રન તમામ બૅટ્સમેનોમાં સૌથી વધુ હતા અને એમાં તેના ૭૨ છગ્ગા અને ૬૩ ચોગ્ગા સામેલ હતા.

ટીમ-મૅનેજમેન્ટ આઇપીએલ પહેલાંના ટી-૨૦ વર્લ્ડ કપનું ટીમ કૉમ્બિનેશન તોડવા નહોતું માગતું અને એટલે જ વૈભવને બદલે અભિષેક શર્માને ટીમમાં જાળવી રાખ્યો હતો. જોકે સોશ્યલ મીડિયામાં વૈભવના એક ચાહકે લખ્યું, 'તિલક વર્માના સ્થાને વૈભવને લઈ શકાયો હોત. લોકોએ આટલી બધી રાહ જોઈ અને છેવટે વૈભવને ઇલેવનમાં સમાવ્યો જ નહીં.'

### બન્ને દેશની પ્લેઇંગ-ઈલેવન કઈ હતી

**ભારત:** શ્રેયસ ઐયર (કૅપ્ટન), અભિષેક શર્મા, સંજુ સૅમસન (વિકેટકીપર), ઇશાન કિશન, તિલક વર્મા, શિવમ દુબે, અક્ષર પટેલ, વૉશિંગ્ટન સુંદર, હર્ષિત રાણા, અર્શદીપ સિંહ અને પ્રસિદ્ધ ક્રિષ્ના.

**આયરલૅન્ડ:** લૉર્કેન ટકર (કૅપ્ટન, વિકેટકીપર), ટિમ ટેક્ટર, રૉસ ઍડેર, હૅરી ટેક્ટર, બેન કૅલિટ્ઝ, ગરેથ ડેલની, જ્યોર્જ ડૉકરેલ, લિઆમ મૅકાર્થી, મૅથ્યૂ હમ્ફ્રેઝ, જય મુંદરા અને મૅટ હૉલાર્ડ.

# મેસીના રેકૉર્ડ-ગોલને તેના પરિવારે જુઓ કેવી રીતે માણ્યો!

ડલાસ (અમેરિકા): ટેક્સસ સ્ટેટના ડલાસ શહેરમાં સોમવારે આર્જેન્ટિનાના સુપરસ્ટાર ફૂટબોલર લિયોનેલ મેસીએ ઑસ્ટ્રિયા સામેની મૅચમાં બે ગોલ કરીને પોતાની ટીમને જિતાડી હતી એ આપણે સૌ કોઈ જાણીએ છીએ, પરંતુ એ બેમાંથી જે પ્રથમ ગોલ રેકૉર્ડ-બ્રેક ગોલ હતો અને રસપ્રદ બાબત એ છે કે એ ગોલ મેસીના પરિવારે ડલાસના સ્ટેડિયમના વીઆઇપી સ્ટૅન્ડમાંથી ભરપૂર માણ્યો હતો. એ મૅચમાં બન્ને ગોલ મેસીએ કર્યા હતા અને આર્જેન્ટિનાએ ઑસ્ટ્રિયાને ૨-૦થી હરાવ્યું હતું. મેસીના નામે હાલમાં વિક્રમજનક ૧૮ ગોલ છે.

આર્જેન્ટિનાએ ઑસ્ટ્રિયાને ૨-૦થી હરાવીને નૉકઆઉટમાં સ્થાન પાક્કું કરી લીધું હતું. ગયા અઠવાડિયે પ્રથમ મૅચમાં અલ્જિરિયા સામે ત્રણ ગોલ કરીને ૩-૦થી જિતાડનાર મેસીએ સોમવારે ઑસ્ટ્રિયા વિરુદ્ધ જે પ્રથમ ગોલ કર્યો એ ગોલને કારણે તે રેકૉર્ડ-બુકમાં આવી ગયો હતો. વર્લ્ડ કપના ઇતિહાસમાં ત્યારે તેનો એ ૧૭મો ગોલ હતો અને તેણે એ સાથે જર્મનીના મિરોસ્લાવ ક્લૉઝનો ૧૬ ગોલનો વિશ્વવિક્રમ તોડી નાખ્યો હતો.



ફિફા વર્લ્ડ કપના ૯૬ વર્ષના ઇતિહાસમાં મેસી સૌથી વધુ ગોલ કરનાર ખેલાડી છે. બુધવારે ૩૯મા જન્મદિનના બે દિવસ પહેલાં મેસીએ મેળવેલી આ અપ્રતિમ સિદ્ધિ જોઈને તેની પત્ની ઍન્ટોનેલા અને ત્રણેય પુત્રોમાં આનંદ સમાતો નહોતો. લિયોનેલ-ઍન્ટોનેલાના ત્રણ પુત્રના નામ ટિઍગો, સિરો અને મૅટીયો છે.

ડલાસના સ્ટેડિયમમાં મેસીના ફૅમિલી સાથે બીજા નજીકના સંબંધીઓ પણ હાજર હતા અને તેઓ મૅચ પછી મેસીને મળીને એ યાદગાર અવસર માણ્યો હતો.

### આજે/આવતી કાલે કઈ મૅચ રમાશે?

**કેબો વર્ડે વિ. સઉદી અરેબિયા**
**પરોઢિયે સવારે ૫.૩૦**

**સ્પેન વિ. ઉરુગ્વે**
**પરોઢિયે સવારે ૫.૩૦**

**ઇજિપ્ત વિ. ઇરાન**
**સવારે ૮.૩૦**

**બેલ્જિયમ વિ. ન્યૂ ઝીલૅન્ડ**
**સવારે ૮.૩૦**

**ઇંગ્લૅન્ડ વિ. પનામા**
**મધરાત બાદ ૨.૩૦**

**ક્રોએશિયા વિ. ઘાના**
**મધરાત બાદ ૨.૩૦**

# દબાણ હેઠળ રમવાનું મને ગમે છે: દીપ્તિ શર્મા

બર્મિંગહામ: તાજેતરમાં મહિલા ટી-૨૦ વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે ભારતની ભવ્ય જીતમાં મુખ્ય ભૂમિકા ભજવ્યા બાદ અનુભવી ઓલરાઉન્ડર દીપ્તિ શર્માએ કહ્યું કે તેને આઈસીસી ટૂર્નામેન્ટ અને દબાણ હેઠળ રમવામાં આનંદ આવે છે. ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા અને ઈંગ્લેન્ડ સામે અપેક્ષા મુજબ પ્રદર્શન કરવામાં નિષ્ફળ રહેલી દીપ્તિએ પાકિસ્તાન સામે ૧૦ રન આપીને પાંચ વિકેટ ઝડપી હતી જેના કારણે ભારતે ૬૪ રનથી જીત મેળવી હતી. મહિલા ટી-૨૦ વર્લ્ડ કપમાં દીપ્તિનું પ્રદર્શન કોઈ ભારતીય ખેલાડીનું શ્રેષ્ઠ પ્રદર્શન છે. વધુમાં આ ટૂર્નામેન્ટમાં કુલ મળીને ત્રીજું સર્વશ્રેષ્ઠ શ્રેષ્ઠ બોલિંગ પ્રદર્શન છે. ગયા વર્ષે વન-ડે વર્લ્ડ કપમાં ભારતની ટાઇટલ જીતમાં પણ દીપ્તિએ મુખ્ય ભૂમિકા ભજવી હતી.

મેચ બાદ દીપ્તિએ પત્રકારોને કહ્યું હતું કે ''મને દબાણ હેઠળની પરિસ્થિતિઓ અને આઈસીસી ટૂર્નામેન્ટમાં રમવાનો આનંદ આવે છે. મને લાગે છે કે મેં ત્યાંથી ફરી શરૂઆત કરી છે જ્યાંથી મેં સમાપ્ત કરી હતી એટલા માટે મને સારું લાગી રહ્યું છે. હું મારી પ્રક્રિયા પર ધ્યાન કેન્દ્રિત કરી રહી છું અને મારી રણનીતિનો અમલ કરવાનો પ્રયાસ કરું છું. તે મને ઘણી મદદ કરી રહ્યું છે. મારે ફક્ત આગળ વધતા રહેવું પડશે, અટકવાનું નથી અને દિવસેને દિવસે મારી રમતમાં સુધારો કરતા રહેવું પડશે.''

દીપ્તિએ કહ્યું હતું કે, હું ભૂતકાળની મેચો, ખાસ કરીને ૨૦૧૭ના વર્લ્ડ કપમાં ઘણું શીખી છું. હું દરેક મેચમાંથી શીખું છું. હું હંમેશાં મારી ભૂલોનું મૂલ્યાંકન કરું છું અને હું ક્યાં સુધારો કરી શકું તેના પર ધ્યાન કેન્દ્રિત કરું છું. હું નિયમિતપણે આવિષ્કર (સાલ્વી) સર સાથે આ વિશે વાત કરું છું, જેઓ મને ઘણી મદદ કરે છે.

# સુદર્શન પછી ધ્રુવ જુરેલની પણ સદી



ગૉલમાં શ્રીલંકા-એ સામે ઇન્ડિયા-એ ટીમે ચાર દિવસીય બિનસત્તાવાર ટેસ્ટમાં શુક્રવારના બીજા દિવસે ૬/૪૫૨ના સ્કોર પર દાવ ડિક્લેર કર્યો હતો અને ત્યાર બાદ યજમાન ટીમે ૧૧૩ રનમાં બે વિકેટ ગુમાવી દીધી હતી. અંશુલ કંબોજ અને યશ ઠાકુરે એક-એક વિકેટ લીધી હતી. એ પહેલાં, ઇન્ડિયા-એ વતી સાઇ સુદર્શન (૧૩૨ રન) પછી કૅપ્ટન ધ્રુવ જુરેલે (૧૪૧ અણનમ) પણ સેન્ચુરી ફટકારી હતી. શેખ રાશીદ ૬૩ રન બનાવીને આઉટ થયો હતો. તેની અને જુરેલ વચ્ચે ૧૩૬ રનની ભાગીદારી થઈ હતી.

# એઆઇ પ્રેરિત તેજી બાદ પ્રોફિટ બુકિંગ વચ્ચે ગ્લોબલ સ્ટોક માર્કેટ ગબડ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

બેંગકોક/મુંબઇઃ આર્ટિ ફિશિઅલ ઇન્ટેલજિન્સની તેજીનો નફો ગાંઠે બાંધવા સટોડિયાઓએ કરેલીજોરદાર વેચવાલીને કારણે જાપાન અને દક્ષિણ કોરિયામાં શુક્રવારે ભારે નુકસાનને કારણે ગ્લોબલ માર્કેટમાં નરમાઇ જોવા મળી હતી. યુરોપિયન બજારોમાં ટ્રેડિંગની શરૂઆતમાં, જર્મનીનો ડેક્સ ૦.૮ ટકા ઘટીને ૨૪,૭૯૩.૫૮ પર, જ્યારે પેરિસમાં સીએસી-૪૦ ઇન્ડેક્સ ૦.૪૦ ટકા ઘટીને ૮,૩૯૮.૧૪ પર અને બ્રિટનનો ફૂટસી ૧૦૦ ૦.૪૦ ટકા ઘટીને ૧૦,૪૯૦.૬૨ પર ટ્રેડ થઇ રહ્યો હતો. એસએન્ડપી-૫૦૦ ફ્યુચર્સ ૦.૨ ટકા નરમ પડ્યો જ્યારે ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ માટે તે ૦.૨ ટકા વધ્યો હતો.

એશિયામાં, ટોક્યોનો નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ ૪.૨ ટકા ઘટીને ૬૯,૩૬૦.૮૮ પર અને સિઓલમાં કોસ્પી ૫.૮ ટકા ઘટીને ૮,૪૧૧.૨૧ પર પહોંચ્યો. હોંગકોંગનો હેંગસેંગ ૧.૮ ટકા ઘટીને ૨૨,૬૬૭.૧૩ પર બંધ થયો, જ્યારે શાંઘાઈ કમ્પોઝિટ ઇન્ડેક્સ ૨.૩ ટકા ઘટીને ૪,૦૨૭.૨૬ પર બંધ થયો હતો. જોકે, ઓસ્ટ્રેલિયામાં, એસએન્ડપી/એએસએક્સ - ૨૦૦ ઇન્ડેક્સ ૦.૨ ટકા વધીને ૮,૭૬૪.૨૦ પર બંધ થયો હતો. તાઇવાનના તાઇએક્સમાં ૩.૬ ટકાનો કડાકો હતો.

ટોક્યો અને સિઓલમાં વ્યાપક ઉછાળો બજારોમાં તાજેતરની અસ્થિરતાનું લક્ષણ છે કારણ કે તે રોકાણકારો એઆઇ ડેટા સેન્ટરો અને અન્ય રોકાણોમાં ડોલરના પ્રવાહ પર પ્રતિક્રિયા આપે છે. જાપાન અને દક્ષિણ કોરિયાના શેરબજારે આ અઠવાડિયે રેકોર્ડ બનાવ્યા અને ચિપમેકર્સ ક્વોલકોમ અને માઇક્રોન ટેક્નોલોજીએ અપેક્ષા કરતાં વધુ સારી કમાણી નોંધાવ્યા પછી ગુરુવારે મજબૂત વધારો નોંધાવ્યો.

દક્ષિણ કોરિયામાં, દેશની સૌથી મોટી કંપની સેમસંગ ઇલેક્ટ્રોનિક્સ અને સેમસંગની જેમ એઆઇ માટે એમવિડિયા સાથે સહયોગ ધરાવતી ચિપમેકર એસકે હાઇનિક્સના સ્ટોકમાં હિલચાલ જોવા મળી હતી. શુક્રવારે સેમસંગના શેરમાં ૫.૩ ટકાનો, જ્યારે એસકે હાઇનિક્સના શેરમાં ૮.૪ ટકાનો કડાકો બોલાયો હતો. ટોક્યો ટ્રેડિંગમાં, ટેકનોલોજી જાયન્ટ સોફ્ટબેંક ગ્રુપ કોર્પ. ૧૨.૫૦ ટકાનો તોતિંગ કડાકો નોંધાયો અને કમ્પ્યુટર ચિપ પરીક્ષણ સાધનો બનાવતી કંપની એડવાન્ટેસ્ટ ૩.૨ ટકાનો કડાકો બોલાયો હતો. ગુરુવારે, ઘણા એઆઇ શેર રોલર કોસ્ટર પર પાછા ફર્યા પછી યુ.એસ. શેરબજારમાં મિશ્ર ઘટાડો થયો, જ્યારે કંપનીએ તેના ઘણા ઉત્પાદનો પર ભાવ વધાર્યા પછી એપલના શેરમાં ૬.૧ ટકાનો ઘટાડો થયો.

સ્થાનિક બજારમાં ટાટા મોટર્સ અને ટાટા પેસેન્જરે ડિલર્સ ફાઇનાન્સિંગ માટે યુકો બેન્ક સાથે કરાર કર્યા છે. યુએસએફડીએ પાસેથી એલેમ્બિક ફાર્માને ઇન્ફ્લુએન્ઝા ડ્રગ માટે અને લ્યુપીનને પ્રોસ્ટેટ કેન્સર ડ્રગ માટે મંજૂરી મળી છે. શિપ મેનેજમેન્ટ, વેસલ ઓનરશીપ, મરીન અને પોર્ટ સર્વિસ પ્રોવાઇડર મેરીટાઇમ કંપની, એબીએસ મરીન સર્વિસીસ લિમિટેડે હાર્ડી એક્સપ્લોરેશન એન્ડ પ્રોડક્શન (ઇન્ડિયા) ઇન્ક. સાથે ચાર્ટર પાર્ટી કરાર પર હસ્તાક્ષર કર્યા છે, જે તેના અને તેના સંયુક્ત સાહસ ભાગીદારો, ઓએનજીસી અને ઇન્વેનાયર પેટ્રોડાઇન લિમિટેડ વતી કાર્ય કરે છે. આ કરારનું મૂલ્ય જીએસટી સહિત આશરે રૂ. ૧૨૬.૧૨ કરોડ છે.

દરમિયાન ક્રૂડ ઓઇલના ભાવ પ્રતિ બેરલ ૭૩ ડોલરથી નીચે સરકવા સાથે સાનુકૂળ વૈશ્વિક સંકેતોએ બજારમાં સેન્ટિમેન્ટ સર્જાતા ગુરુવારે ભારતીય શેરબજારોમાં તેજીનો માહોલ રચાયો હતો અને સેન્સેક્સ અને નિફ્ટી ૦.૯ ટકા સુધી આગળ વધ્યા હતા. સેન્સેક્સ ૧૦૯.૨૫ પોઇન્ટ અથવા ૦.૧૪ ટકા વધીને ૭૭,૧૦૦.૪૭ પર બંધ થયો હતો અને નિફ્ટી ૩૪.૩૫ પોઇન્ટ અથવા ૦.૧૪ ટકા વધીને ૨૪,૦૫૬ પોઇન્ટ પર બંધ થયો હતો.

મોટાભાગના ક્ષેત્રોમાં તેજી જોવા મળી હોવાથી રોકાણકારોનો સેન્ટિમેન્ટ ઉત્સાહિત રહ્યો, જે વ્યાપક બજાર ભાગીદારીનો સંકેત આપે છે. રિયલ્ટી, ઓટો, નાણાકીય સેવાઓ અને સિમેન્ટ શેરોએ સારો દેખાવ કર્યો, જે આર્થિક રીતે સંવેદનશીલ સેગમેન્ટમાં સતત રસ દર્શાવે છે. બેંકિંગ શેરોએ પણ તેજીમાં ફાળો આપ્યો, જેને સકારાત્મક રોકાણકારોના દૃષ્ટિકોણથી ટેકો મળ્યો. તેનાથી વિપરીત, પસંદગીનાપ્રોફિટ બુકિંગ વચ્ચે મેટલ અને મીડિયા પાછળ રહ્યા, જ્યારે એકંદર બજારનો મૂડ મજબૂત રીતે હકારાત્મક રહ્યો હતો.

આંતરરાષ્ટ્રીય બજારોમાં ક્રૂડના ભાવ ઘટવાથી રોકાણકારોના સેન્ટિમેન્ટને વેગ મળ્યો હતો. એક અઠવાડિયામાં વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઇલના ભાવ આઠ ટકાથી વધુ ઘટ્યા છે, જે સત્ર દરમિયાન યુદ્ધ પહેલાના સ્તર ૭૨ ડોલરની નજીક પહોંચી ગયા છે, કારણ કે રોકાણકારોએ યુએસ-ઈરાન સંઘર્ષના નજીકના અંતના આશાવાદ અને હોર્મુઝ સ્ટ્રેટ દ્વારા દરિયાઈ વેપારમાં વધારો થવાના અહેવાલો પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. જોકે, નિષ્ણાતો અનુસાર ક્રૂડ ઓઇલના ભાવમાં તીવ્ર ઘટાડાએ રૂપિયાને ટેકો આપ્યો હતો અને થોડી રાહત આપી હતી, પરંતુ તે ઉપરની ગતિ જાળવી રાખવા માટે અપર્યાપ્ત છે.■

# વૈશ્વિક સોનામાં ઘટ્યા મથાળેથી સુધારો, ચાંદીમાં નરમાઈ

મુંબઈ/લંડનઃ અમેરિકાના ગઈકાલે જાહેર થયેલા ફુગાવાના ડેટા બજારની અપેક્ષા કરતાં સારા આવ્યા હોવાથી અમેરિકી ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં ઝડપભેર વધારો કરે તેવી શક્યતા નબળી પડતાં આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈનું વલણ રહેતાં લંડન ખાતે સત્રના આરંભે સોનાના ભાવમાં સાધારણ સુધારો જોવા મળ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલો છતાં સ્થાનિક ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશન આજે મોહર્રમની જાહેર રજાને કારણે બંધ રહ્યું હોવાથી ભાવની સત્તાવાર જાહેરાત કરવામાં નહોતી આવી.

ગઈકાલે વિશ્વ બજારમાં એક તબક્કે હાજરમાં સોનાના ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલરની સપાટીની અંદર ઊતરી ગયા બાદ અમેરિકાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચર અથવા તો ફુગાવામાં અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ થઈ હોવાથી ડૉલર ઈન્ડેક્સની પીછેહઠ સાથે સોનામાં પણ ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો. તેમ જ આજે પણ લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૪૦૩૮.૪૮ ડૉલર અને ઑગસ્ટ ડિલિવરી વાયદામાં ભાવ ૦.૨ ટકા વધીને ૪૦૫૩.૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૦૧ ટકા ઘટીને ઔંસદીઠ ૫૭.૮૬ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, સાપ્તાહિક ધોરણે અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ગત નવેમ્બર, ૨૦૨૫ પછીનો સૌથી મોટો ૨.૫૦ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

એકંદરે ફેડરલ રિઝર્વના તંગ નાણાનીતિના સંકેત અને ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં સતત ત્રીજા સત્રમાં સોનાના વૈશ્વિક ભાવ ઔંસદીઠ ૪૦૦૦ ડૉલર આસપાસની સપાટીએ પ્રવર્તી રહ્યા છે, એમ સાક્સો બૅન્કના વિશ્લેષક ઑલે હાસને જણાવતાં ઉમેર્યું હતું કે ગઈકાલે અમેરિકાના ફુગાવાની જાહેરાત પશ્ચાત્ ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરવામાં ઉતાવળ નહીં કરે તેવી શક્યતાએ ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી સાધારણ ઘટાડો જોવા મળ્યો છે. અર્થાત્ હજુ ડૉલર ઊંચી સપાટી આસપાસ જ છે.

જોકે, તાજેતરમાં ક્રૂડતેલના ભાવમાં ઘટાડાતરફી વલણ રહેતું હોવાથી ફુગાવા વૃદ્ધિલક્ષી ચિંતા હળવી થવાની સાથે ફેડરલ રિઝર્વ આગામી સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા નબળી પડવાથી અમુક અંશે સોનાને ટેકો મળી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ગઈકાલે ફુગાવાની જાહેરાત પૂર્વે સપ્ટેમ્બરમાં વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી ૬૯ ટકા શક્યતા બજાર વર્તુળો મૂકી રહ્યા હતા, જ્યારે ફુગાવાની જાહેરાત પશ્ચાત્ ૬૧ ટકા શક્યતા બજાર વર્તુળો જોઈ રહ્યા હતા.

દરમિયાન આજે વિશ્વ બજારમાં ખાસ કરીને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ દરિયાઈ માર્ગમાં શિપમેન્ટની સમસ્યા હળવી થતાં ક્રૂડતેલના ભાવમાં વધુ બે ટકા જેટલો ઘટાડો આવ્યો હતો. વધુમાં બાયબીટના ચીફ માર્કેટ એનાલિસ્ટ હૅન તાનના મતાનુસાર વૈશ્વિક સોનામાં આગામી ટૂંકા સમયગાળા માટે ઔંસદીઠ ૩૮૮૬ ડૉલરની સપાટી મહત્ત્વની ટેકાની સપાટી છે અને જો આ સપાટી તૂટે તો ભાવ ઔંસદીઠ ૩૬૦૦થી ૩૭૦૦ ડૉલર આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી નશકાય, એમ તેમણે ઉમેર્યું હતું. ■

# હોર્મુઝ ખાડીમાં શાંતિ છતાં શેરબજારમાં વિભાજિત રોકાણ લાભદાયી

મુંબઇઃ હોર્મુઝ સ્ટ્રેઇટમાં શાંતિને કારણે શેરબજારમાં તેજી આવી દોવા છતાં શેરબજારમાં વિભાજિત રોકાણ લાભદાયી હોવાનું નિષ્ણાતો જણાવે છે. ઇક્વિટી બજારો ખૂબ જ અસ્થિર હોય છે, અને કોઈપણ ચોક્કસ સમયે, લાર્જ કેપ્સ, મિડ-કેપ્સ અને સ્મોલ કેપ્સની કામગીરી બદલાઈ શકે છે. બિઝનેસ સાઇકલના સતત પરિવર્તનને કારણે રોકાણકારો માટે નફાકારક રોકાણ તકો શોધવાનું પડકારજનક બની જાય છે. આ સંદર્ભમાં મલ્ટિકેપ ઇન્વેસ્ટમેન્ટ ઉપયોગી બની શકે છે.

મલ્ટિકેપ અભિગમમાં વૈવિધ્યસભર પોર્ટફોલિયો રાખવાનો સમાવેશ થાય છે જેમાં લાર્જ, મિડ અને સ્મોલ કેપ કદની કંપનીઓના ઇક્વિટી માટે ઓછામાં ઓછા ૨૫ ટકા ફાળવણીનો સમાવેશ થાય છે. લાર્જ કેપમાં સામાન્ય રીતે એવી કંપનીઓનો સમાવેશ થાય છે જેનો, વ્યવસાય રેકોર્ડ સ્થિર હોય, નાણાકીય રીતે મજબૂત હોય અને અનિશ્ચિત સમયમાં સ્થિતિસ્થાપક હોય. બીજી બાજુ, મિડ-કેપ્સ સામાન્ય રીતે સ્થિરતા અને વૃદ્ધિની સંભાવનાને જોડે છે. તેમાં એવા વ્યવસાયોનો સમાવેશ થાય છે જે પોતાની વિશિષ્ટતા સાબિત કરવામાં સફળ રહ્યા છે, હવે ઘણા મિડકેપ્સમાં વિશાળ વૃદ્ધિની સંભાવના હોય છે.

મલ્ટિકેપ રોકાણ વ્યૂહરચનાનો મુખ્ય ફાયદો એ છે કે વિવિધ બજાર વિભાગોમાં રોકાણનું વૈવિધ્યીકરણ કરી શકાય છે, એમ જણાવતાં એસએલ વેલ્થના સ્થાપક સુરેશ લોહાર કહે છે કે બધા પૈસા એક જ પ્રકારના સ્ટોકમાં રોકવાને બદલે, મલ્ટિકેપમાં સંભવિત વળતરને આગળ ધપાવતા પરિબળોનો વૈવિધ્યસભર સમૂહ હોય છે. લાંબા ગાળાના પરિપ્રેક્ષ્યમાં રોકાણકારો ભારતીય બજારોનો લાભ લેવા અને સ્વસ્થ પોર્ટફોલિયો બનાવવા માટે મલ્ટિકેપ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરી શકે છે.

સ્મોલ કેપ કંપનીઓના સમાવેશથી રોકાણ પોર્ટફોલિયોમાં એક સંપૂર્ણપણે નવી ગતિશીલતા ઉમેરાશે. સ્મોલ કેપ કંપનીઓ ઘણીવાર વિશિષ્ટ ક્ષેત્રોમાં અથવા વિકાસશીલ ઉદ્યોગોમાં કાર્યરત હોય છે અને લાંબા ગાળે ખૂબ નફાકારક બનવાની ક્ષમતા ધરાવે છે. જોકે તે ખૂબ જ અસ્થિર હોય છે, જોખમ પણ હોય છે અને સાથે ઝડપી સુધારાની શક્યતા પણ હોય છે. ■

# ગુજરાતનાં મથકો પાછળ સિંગતેલમાં ₹ ૨૦ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૩૫ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ પ્રોત્સાહક અહેવાલને ધ્યાનમાં લેતા આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સોયા રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો સુધારો આવ્યો હતો. તેમ જ આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં સાધારણ નવ રિંગિટનો સુધારો આવ્યો હતો. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં મોહર્રમની જાહેર રજાને કારણે બૅન્કો બંધ હોવાથી કામકાજો પાંખાં રહેતાં આયાતી તેલમાં આરબીડી પામોલિનના ભાવ ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ ઘટી આવ્યા હતા અને સન રિફાઈન્ડમાં ટકેલું વલણ રહ્યું હતું.

વધુમાં આજે ગુજરાતમાં રાજકોટ મથકે સિંગતલેમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને દેશાવરોની માગ નિરસ રહેતાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૦ના ઘટાડા સાથે રૂ. ૨૪૬૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૧૫૪૦માં થયાના અહેવાલને ધ્યાનમાં લેતા સ્થાનિકમાં પણ દેશી તેલમાં સિંગતેલ અને કપાસિયા રિફાઈન્ડના ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ૨૦ અને રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૪૦, ગોકુલ એગ્રોના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૪૦થી ૧૬૪૫, રિલાયન્સ કન્ઝ્યુમર પ્રા.લિ.નાં સોયા રિફાઈન્ડના જુલાઈ અને ઑગસ્ટ ડિલિવરી શરતે રૂ. ૧૪૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦ અને જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૬૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૧ ક્વૉટ થઈ રહ્યા હતા, પરંતુ વેપાર નહોતા. વધુમાં આજે ગોકુલ એગ્રોની સોયા રિફાઈન્ડમાં બાયબૅકમાં જૂન, જુલાઈ અને ઑગસ્ટ ડિલિવરીના કોન્ટ્રાક્ટમાં અનુક્રમે રૂ. ૧૪૦૭, રૂ. ૧૪૧૨ અને રૂ. ૧૪૧૭માં લેવાલી નીકળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

ગુજરાતમાં ગોંડલ મથકે સિંગતેલના વેપાર ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૨૫થી ૧૫૫૦માં, વૉશ્ડ કૉટનના રૂ. ૧૪૬૦માં અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૦૫થી ૧૫૧૦માં થયા હતા, જ્યારે રાજકોટનાં મથકો પર આજે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૮૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૫૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. વધુમાં આજે રાજકોટ મથકે ૨૬૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૦૦થી ૧૫૫૦માં થયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

હાજર બજારમાં આજે ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનના ભાવ રૂ. ૧૪૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૬૦, સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, સિંગતેલના રૂ. ૧૫૮૦ કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૩૦ અને સરસવના રૂ. ૧૬૩૦ના મથાળે રહ્યા હતા. ■

# કોપર, નિકલ, બ્રાસ અને એલ્યુમિનિયમની અમુક વરાઈટીઓમાં ઘટ્યા મથાળેથી સુધારો

## ટીનમાં સતત ચોથા સત્રમાં વેચવાલીના દબાણે વધુ ₹ ૪૧ તૂટ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારના નિરુત્સાહી અહેવાલો છતાં ગઈકાલે કોપર સહિતની ધાતુઓમાં કિલોદીઠ રૂ. બેથી ૬૪ સુધીના કડાકા બોલાઈ ગયા બાદ આજે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં કોપર અને બ્રાસની અમુક વેરાઈટીઓ અને નિકલમાં ઘટ્યા મથાળેથી સ્ટોકિસ્ટો અને વપરાશકારોની લેવાલીને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૦નો સુધારો આવ્યો હતો અને ટીનમાં સતત ચોથા સત્રમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. ૪૧નો ઘટાડો આવ્યો હતો, જ્યારે કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટાછવાયા કામકાજે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે મોહર્રમની જાહેર રજા હોવાથી બૅન્કો બંધ રહેતાં સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં એકંદરે કામકાજો પાંખાં રહ્યાં હતાં. જોકે, આજે ગઈકાલના ઘટાડા પશ્ચાત્ આજે નીચા મથાળેથી સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે જે ચોક્કસ ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું. જેમાં કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૧૧૬૦, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૮૧૫ અને રૂ. ૧૩૧૮, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૨૪૧, નિકલના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૬૪૦ અને કોપર સ્ક્રેપ હેવી તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૧૨૪૫ અને રૂ. ૩૪૦ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે ટીનમાં સતત ચોથા સત્રમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણ ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ વધુ કિલોદીઠ રૂ. ૪૧ ઘટીને રૂ. ૪૯૩૩ના મથાળે રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે આ ચાર સત્રમાં ટીનના ભાવમાં કિલોદીઠ રૂ. ૩૦૫નો ઘટાડો આવ્યો છે.

જોકે, આજે કોપર કેબલ સ્ક્રેપ, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટાછવાયા કામકાજને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૨૫૦, રૂ. ૮૭૫, રૂ. ૩૦૫, રૂ. ૩૬૦ અને રૂ. ૨૦૬ના મથાળે ટકેલા રહ્યા હતા. ■

# ભારતે સિંગાપોર ખાતે બેંગનાપલ્લી કેરીની દરિયાઈ માર્ગે નિકાસ કરી

નવી દિલ્હીઃ ભારતે સિંગાપોર ખાતે ઓછા પરિવહન ખર્ચે દરિયાઈ માર્ગે ૪.૩ લાખ ટન બેંગનાપલ્લી કેરીની નિકાસ કરી હોવાનું સરકારે જણાવ્યું છે.

તાજેતરમાં કૃષિ મંત્રાલયે એક અધિકૃત યાદીમાં જણાવ્યું હતું કે હવાઈ શિપમેન્ટની સરખામણીમાં નોંધપાત્ર માત્રામાં ઓછા પરિવહન ખર્ચ ધરાવતા દરિયાઈ માર્ગથી આ શિપમેન્ટ કરવામાં આવ્યું છે.

તાજા ફળોની નિકાસનાં ક્ષેત્રમાં મોટી સફળતા હાંસલ કરતા ભારતીય કેરીઓ દરિયાઈ શિપમેન્ટ મારફતે સિંગાપોર પહોંચી છે, જે આંતરરાષ્ટ્રીય બજારોમાં પોસાણક્ષમ અને મોટા પાયે કેરીની નિકાસ એક સિમાચિહ્નરૂપ છે.

કેરીની નિકાસ માટે આઈસીએઆર સેન્ટ્રલ ઈન્ટિટ્યૂટ ફોર સબટ્રોપિકલ હોર્ટિકલ્ચર (આઈસીએઆર-સીઆઈએસએચ) લખનઉએ અપેડાના સહયોગમાં આ શિપમેન્ટ પ્રોટોકોલ વિકસાવ્યો છે. તેમ જ આ પ્રોટોકોલ હેઠળ આંધ્ર પ્રદેશથી ૪.૩ ટન બેંગનાપલ્લી કેરીની સિંગાપુર ખાતે રીફર કન્ટેનર મારફતે નિકાસ કરવામાં આવી હોવાનું મંત્રાલયે ઉમેર્યું હતું. નોંધનીય બાબત એ છે કે દરિયાઈ માર્ગથી થતાં શિપમેન્ટનો પરિવહન ખર્ચ જે હવાઈ માર્ગે કિલોદીઠ રૂ. ૧૫૦થી ૨૦૦ થાય છે તેની સરખામણીમાં રૂ. ૧૩થી ૨૦ થતો હોવાથી ઉત્પાદક અને નિકાસકાર બન્ને માટે પોસાણક્ષમ છે.

આઈસીએઆર-સીઆઈએસએચ દ્વારા વિકસાવામાં આવેલા આ પ્રોટોકોલમાં વૈજ્ઞાનિક ઢબે લણણી, ગ્રેડિંગ, પેકિંગ અને લણણી પછીના સંચાલનને આવરી લેતી અંતિમ તબક્કા સુધીની ગુણવત્તા જાળવી રાખવાની પ્રણાલીની ખાતરી આપે છે, એમ યાદીમાં જણાવતા ઉમેર્યું હતું કે નિકાસ કરવામાં આવેલા ફળોને આઈસીએઆર-સીઆઈએસએચ દ્વારા તૈયાર કરવામાં આવેલી ટેકનોલૉજી હોટ વૉટર ટ્રિટમેન્ટ અને સીઆઈએસએચ મેટ વૉશમાંથી પસાર કરવામાં આવે છે, જે ફળોને બગડતા અટકાવે છે અર્થાત્ બગડવાની સમયમર્યાદા વધારે છે, રોગના બનાવો ઘટાડે છે અને લાંબા અંતરના પરિવહન દરમિયાન ફળની ગુણવત્તા જાળવી રાખે છે. આમ દરિયાઈ શિપમેન્ટની સ્થિતિમાં કેરીની ગુણવત્તા જળવાઈ રહેવાની મર્યાદા ૩૦ દિવસ સુધી લંબાવી છે.

આ શિપમેન્ટની સફળતાથી સિંગાપોર, મલયેશિયા, હોંગકોંગ અને અન્ય બજારોમાં ભારતીય કેરીની નિકાસનું વિસ્તરણ થવાની અપેક્ષા સેવાઈ રહી છે. તેમ જ યુએઈ જેવી મોટી બજારોમાં પણ તકો ઉભી થવાની શક્યતા જોવાઈ રહી હોવાનું યાદીમાં ઉમેર્યું હતું. ■

# એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલોને નિકાસ વૃદ્ધિ માટે માળખાગત યોજના ઘડવા વાણિજ્ય મંત્રાલયનો નિર્દેશ

નવી દિલ્હીઃ તાજેતરમાં વાણિજ્ય મંત્રાલયે નિકાસ પ્રમોશન કાઉન્સિલોને દેશનાં આઉટબાઉન્ડ શિપમેન્ટો વધારવા અને નવી બજારો સુધી પહોંચવા માટે એક સંકલિત અને માળખાગત યોજના ઘડવા પર ધ્યાન કેન્દ્રિત કરવા અનુરોધ કર્યો છે.

મંત્રાલયે કાઉન્સિલોને સરકાર સાથે સક્રિયપણે કામ કરીને ભારતના મુક્ત વેપાર કરારોથી ઉદ્ભવતા બજારનાં એક્સેસની તકોનો સંપૂર્ણપણે લાભ લેવા માટે દેશની નિકાસમાં નોંધપાત્ર વધારો કરવાના ઉદ્દેશને પ્રાપ્ત કરવા સહયોગી થવા ગત ૨૪મી જૂનના રોજ વાણિજ્ય અને ઉદ્યોગ ખાતાના પ્રધાન પીયૂષ ગોયલની અધ્યક્ષતા હેઠળ આ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલના પ્રતિનિધિઓ અને ઉદ્યોગના પ્રતિનિધિમંડળો ઉપસ્થિત રહ્યા હતા.

મંત્રાલયે વધુમાં જણાવ્યું હતું કે એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ સાથે અગાઉ થયેલી વાતચીત દરમિયાન થયેલી સર્વસંમતિ અનુસાર આ બેઠકનો મુખ્ય આધાર સંગઠનોની વ્યક્તિગત ચિંતાનો ઉકેલ લાવવાની સાથે નિકાસ વિસ્તરણ, નવાં બજારોમાં પહોંચ વધારવી, નવાં ઉત્પાદનોને પ્રોત્સાહન આપવા અને દેશના એકંદર નિકાસ પ્રદર્શનમાં પ્રત્યેક કાઉન્સિલનું યોગદાન વધારવા એક માળખાગત અને સંકલિત યોજના વિકસાવવા પર ધ્યાન કેન્દ્રિત કરવાનું હતું.

વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે નવી બજારો ઓળખવા પર ભાર મૂકવાની આવશ્યકતા પર ભાર મૂકવાની સાથે ભારતનાં મુક્ત વેપાર કરાર મારફતે નિકાસ તકો વધારવી અને આંતરરાષ્ટ્રીય સ્તરે યોજાતા વેપાર અંગેના પ્રસંગો અને તેમાં પણ ખાસ કરીને નિકાસની નોંધપાત્ર શક્યતા હોય ત્યાં હાજરી આપવી જોઈએ, એમ તેમણે ઉમેર્યું હતું.

એક્સપોર્ટ પ્રમોશન મિશન ઈન્ટરવેન્શનનાં સ્ટેટસ અથવા તો દરજ્જા અંગે એતિરિક્ત ડિરેક્ટર જનરલ ઑફ ફોરેન ટ્રેડ લોકેશ એચડીએ જણાવ્યું હતું કે ઈન્ટરવેન્શનનો અમલ થઈ ગયો છે, જ્યારે બ્રાન્ડિંગ અંગે વિવિધ હિસ્સે ધારકો સાથે સલાહમસલત ચાલી રહી છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે ઉદ્યોગના હિસ્સેધારકો અને અમલકર્તા એજન્સીઓ સાથે ગત બીજી જૂનના રોજ એક કાર્યશાળાનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઓપરેશનને લગતી સમયસ્યાઓનો ઉકેલ લાવવા અને નિકાસકારો વધુ સારી રીતે કેવી રીતે નિકાસ સ્કીમોનો ઉપયોગ કરી શકે તે અંગે સમજ આપવામાં આવી હતી. ■

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો



નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ તથા મિડિયમ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૭૦થી ૩૯૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં મોહર્રમની જાહેર રજાને કારણે એકંદરે રિટેલ સ્તરની માગ મર્યાદિત રહી હોવા છતાં સ્મોલ ગ્રેડની ખાંડમાં માગ તથા અમુક માલની ગુણવત્તા સારી આવી હોવાથી હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં ક્વિન્ટલે રૂ. ચારથી ૧૦નો ધીમો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું.

તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે પણ ઔદ્યોગિક વપરાશકારોની માગ જળવાઈ રહેતાં ભાવ ટકેલા રહ્યા હતાં. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદોજ ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો નવી લેવાલીથી દૂર રહ્યા હતા. તેમ જ રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં ઉપાડ લગભગ ૨૬થી ૨૭ ટ્રકનો રહ્યો હતો. આજે હાજરમાં મુખ્યત્વે સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવવાની સાથે માગ પણ જળવાઈ રહેતાં તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચાર અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૦૧૬થી ૪૦૭૨માં થયા હતા. જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૧૨૬થી ૪૨૧૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની ખપપૂરતી માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૦થી ૩૯૯૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૧૦થી ૪૧૩૦માં ટકેલા ધોરણે થયા હતા. ■

# કાંદાનો બફર સ્ટોકઃ ત્રણ વખત ભાવમાં વધારો છતાં માત્ર ૨૦૦૦ ટનની પ્રાપ્તિ

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૬ માટે કાંદાના બફર સ્ટોક માટેની સરકારી પ્રાપ્તિ અત્યંત ધીમી ગતિએ થઈ રહી છે. અત્યાર સુધીમાં સરકારે ત્રણ વખત પ્રાપ્તિના ભાવમાં વધારો કર્યો હોવા છતાં માત્ર ૨૦૦૦ ટનની જ પ્રાપ્તિ થઈ છે.

પ્રાઈસ સ્ટેબિલાઈઝેશન ફંડ હેઠળ આ વર્ષ માટે બે લાખ ટન કાંદાની પ્રાપ્તિનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, પરંતુ કાંદાની પ્રાપ્તિ સાથે સંકળાયેલ નાફેડ અને એનસીસીએફ (નેશનલ કૉઓપરેટિવ કન્ઝ્યુમર્સ ફેડરેશન ઑફ ઈન્ડિયા)એ લક્ષ્યાંકના માત્ર એક ટકા જેટલી જ પ્રાપ્તિ કરી છે. જોકે, અત્યાર સુધીમાં સતત ત્રણ વખત પ્રાપ્તિ ભાવમાં વધારો કરવામાં આવ્યો છે.

મોસમના આરંભમાં ભાવ કિલોદીઠ રૂ. ૧૨.૭૦ હતા. ત્યાર બાદ ૨૨મી મેના રોજ ભાવ વધારીને રૂ. ૧૫.૮૦ કરવામાં આવ્યા હતા, ત્યાર બાદ ૧૩મી જૂને ભાવ વધારીને રૂ. ૧૬.૫૦ અને ગત ૨૦મી જૂનના રોજ ભાવ કિલોદીઠ રૂ. ૧૭.૩૦ કરવામાં આવ્યા હતા. તેમ છતાં ગત પહેલી જૂન સુધીમાં અંદાજે ૨૦૦૦ ટન કાંદાની પ્રાપ્તિ થઈ હોવાનું ગ્રાહક બાબતોના મંત્રાલયના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું. જોકે, પ્રાપ્તિમાં સમસ્યા ગુણવત્તા ફરકના સંદર્ભની છે, એવું બજાર વર્તુળોએ પીટીઆઈને જણાવ્યું હતું.

હાલ મથકો પર ગ્રેડ એ ક્વૉલિટીના કાંદાના પ્રીમિયમ ભાવ કિલોદીઠ રૂ. ૧૭.૩૦ આસપાસ છે અને તેની મુખ્યત્વે નિકાસ થઈ રહી હોવાથી સરકારી એજન્સીઓની ખરીદી મૂળભૂત રીતે યુઆરએસ (એન્ડ રિલેક્સ્ડ સ્પેસિફિકેશન) કાંદા સુધી મર્યાદિત હોવાનું દેશની કાંદાની સૌથી મોટી જથ્થાબંધ બજાર લાસલગાંઉની મંડીના ટ્રેડર રમેશ પાટીલે જણાવ્યું હતું.

વધુમાં લાસલગાંઉના અન્ય એક ટ્રેડર નીતિન સેઠે જણાવ્યું હતું કે પ્રાપ્તિમાં ખેડૂતોના વલણની ભૂમિકા મહત્ત્વની હોય છે. ■



ભીમ અગિયારસ નિમિત્તે સોમનાથ મહાદેવને અર્પણ કરાયેલી ૨૫૦૦ કિલો કેસર કેરીનું આંગણવાડીઓમાં વિતરણ કરવામાં આવ્યું હતું... (હરેશ સોની, જૂનાગઢ)

# સોમનાથ મંદિર નજીકથી વનવિભાગે દીપડીને પાંજરે પૂરી, બચ્ચાંનું પણ રેસ્ક્યૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સોમનાથ મંદિર નજીકના પાર્કિંગ વિસ્તારમાંથી એક દીપડીને વનવિભાગે પાંજરે પૂરી હતી. વનવિભાગને માહિતી મળી હતી કે, સોમનાથ મંદિરના પાર્કિંગ વિસ્તારમાં દીપડી અને તેના બચ્ચાઓના વસવાટ કરી રહ્યાં છે. આ વિસ્તારમાં લોકોની અવરજવર વધારે હોવાથી વન વિભાગ સતર્ક થઈ ગયું હતું. જેથી પહેલા વન વિભાગ દ્વારા એસટીપી પ્લાન્ટના ભૂગર્ભ ટેન્કરમાંથી એક બચ્ચનું રેસ્ક્યૂ કરવામાં આવ્યું હતું. જેથી વનવિભાગ દ્વારા દીપડીને પાંજરે પૂરવા માટે કામગીરી શરૂ કરીને પાંજરું મૂક્યું હતું.

વન વિભાગે દીપડી અને તેના બચ્ચાને કોઈ ઈજા પહોંચાડ્યા વિના પકડી લેવામાં આવી હતી. પ્રાથમિક તબીબી તપાસ બાદ દીપડીને અમરાપુર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું હતું. આ વિસ્તારમાં દીપડીનું વધુ એક બચ્ચું હોવાનું વન વિભાગે જણાવ્યું હતું. જેથી તેની પણ શોધ શરૂ કરી દેવામાં આવી હતી. પાર્કિંગ વિસ્તાર, આસપાસના ઝાડી-ઝાંખરા અને ખુલ્લા વિસ્તારોમાં સતત તપાસ કરીને શોધખોળ શરૂ કરી દેવામાં આવી હતી. ■

# હાઈવે પર 'યમરાજ' બનેલા ૧૯ ડમ્પરો ડિટેન, લીંબડી પોલીસે અકસ્માતો અટકાવવા હાથ ધર્યું ઓપરેશન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: સુરેન્દ્રનગર જિલ્લાનો લીંબડી-અમદાવાદ હાઈવે છેલ્લા કેટલાક સમયથી જીવલેણ અકસ્માતોનો ગઢ બની રહ્યો છે, જેમાં મોટો હિસ્સો જાહેર માર્ગો પર નિયમોને નેવે મૂકીને દોડતા ડમ્પરોનો છે.

માર્ગ અકસ્માતોમાં નિર્દોષ નાગરિકોના જીવ બચાવવા અને આવા વાહનોની દાદાગીરી ડામવા માટે લીંબડી પોલીસે એક મોટું અને પ્રશંસનીય ઓપરેશન હાથ ધર્યું હતું. લીંબડી સર્કલ પાસે ગોઠવાયેલા પોલીસના સઘન ચેકિંગમાં હાઈવે પર ભયજનક રીતે દોડતા ૧૯ જેટલા ડમ્પરોને ઝડપી પાડવામાં આવ્યાં હતાં.

પોલીસ તપાસમાં જે વાસ્તવિકતા સામે આવી તે ધ્રૂજાવી દે તેવી હતી. પકડાયેલા ડમ્પરો માત્ર ઓવરલોડ જ નહોતા, પણ ક્ષમતા કરતાં વધુ માલ ભરીને રોડ પર અન્ય વાહનચાલકોના જીવ જોખમમાં મૂકી રહ્યા હતા. એટલું જ નહીં, રસ્તા પર બેફામ દોડતા આ ભારે વાહનો પાસે રોડ પર ચાલવા માટેના જરૂરી પાસ-પરમીટ કે કાયદેસરના દસ્તાવેજો પણ નહોતા.

ટૂંકમાં, નિયમોનો સરેઆમ ભંગ કરીને આ વાહનો હાઈવે પર ગમે ત્યારે મોટી હોનારત સર્જી શક્યા હોત. કોઈ અકસ્માત થાય તે પહેલા જ કાર્યવાહી કરી દેવામાં આવી હતી.

આ ગંભીર બેદરકારી સામે લીંબડી પોલીસે રક્ષક તરીકેની ભૂમિકા ભજવીને તમામ ૧૯ ડમ્પરોને ઘટનાસ્થળે જ ડિટેન કરી પોલીસ સ્ટેશનના હવાલે કરી દીધા છે. આ સાથે આર.ટી.ઓ. અને ટ્રાફિકના કાયદા હેઠળ વાહનચાલકો તેમજ તેના માલિકો સામે ગુનો નોંધી આકરી કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. ■

# ભાવનગરમાં કુમુદવાડી પાસે જુગાર રમતા આઠ શખ્સો ઝડપાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે શહેરના કુમુદવાડી વિસ્તારમાં દરોડો પાડીને જાહેરમાં જુગાર રમતા આઠ ઇસમોને રોકડ રકમ અને જુગારનું સાહિત્ય મળી કુલ રૂ. ૨૯,૭૯૦/- નો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર ભાવનગર એલ.સી.બી.ના પોલીસ ઇન્સ્પેક્ટર મયુરધ્વજસિંહ એમ. સરવૈયા તથા પોલીસ સબ ઇન્સ્પેક્ટર આર.એ. વાઢેરના માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટાફ સિટી વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતો. તે દરમિયાન પોલીસને ચોક્કસ બાતમી મળી હતી કે, ભાવનગરના કુમુદવાડી, ભાવના સોસાયટીના નાકે, ડિવાઇન સ્ટાર બિલ્ડિંગની સામે આવેલી ન્યુ ખોડિયાર પાનની દુકાનની બાજુમાં કેટલાક ઇસમો જાહેરમાં ગંજીપત્તાના પાના વડે પૈસાની હાર-જીતનો હાથકાંપનો જુગાર રમી રહ્યા છે. આ બાતમીના આધારે પોલીસે ત્વરિત એક્શન લઈને ઉક્ત સ્થળે દરોડો પાડ્યો હતો. રેઇડ દરમિયાન જુગાર રમતા આઠ શખ્સો પોલીસના સકંજામાં આવી ગયા હતા. જેમાં અનિલ માવજીભાઇ રાઠોડ , ચિરાગ પ્રવિણભાઇ પરમાર, આકાશ રમેશભાઇ જાંબુચા, ધર્મેશ રમેશભાઇ સોલંકી, સંજય ઉર્ફે ભોલુ મનસુખભાઇ બારૈયા, વિશાલ ઉર્ફે દાઢી છનાભાઇ સોલંકી, હિતેશ ધરમશીભાઇ સોલંકી, રાજુગીરી હિંમતગીરી ગૌસ્વામીનો સમાવેશ થાય છે.

પોલીસે પકડાયેલા આરોપીઓ પાસેથી ગંજીપત્તાના પાના અને રોકડા રૂ. ૨૯,૭૯૦/- મળી કુલ રૂ. ૨૯,૭૯૦/- નો મુદ્દામાલ કબજે કર્યો હતો. ■

# જૂનાગઢ પોલીસે ગાંજા સાથે એકની ધરપકડ કરી, ૧.૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: જૂનાગઢમાં એસઓજી પોલીસ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. શહેરના કડિયાવાડ વિસ્તારમાં નશીલા પદાર્થોનું વેચાણ થઈ રહ્યું હતું. અહીં આવા પદાર્થનું વેચાણ કરી રહેલા રીઢા ગુનેગારને એસઓજી પોલીસે રૂપિયા ૯૪,૧૦૦ કિંમતના ગાંજા સાથે ઝડપી લેવામાં આવ્યો હતો. કુલ મળીને પોલીસ દ્વારા ગાંજો અને વજન કાંટા સહિત રૂપિયા ૧.૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. વિગતે વાત કરવામાં આવે તો, એસઓજી પોલીસને બાતમી મળી હતી કે, આ વિસ્તારમાં વિજય ઉર્ફે ભૂરો પરસોત્તમ ચુડાસમા ચામુંડા શેરીમાં આવેલા પોતાના રહેણાંક ઘરમાં ગાંજો રાખી વેચાણ પણ કરી રહ્યો છે. જેથી ચોક્કસ બાતમીના આધારે પોલીસ દ્વારા તેના ઘરે રેડ પાડવામાં આવી હતી. આ રેડ દરમિયાન બેડના ખાનામાં બાબુ પાર્સલ લખેલ થેલીમાંથી ૧.૮૬૨ કિલો ગ્રામ વનસ્પતિજન્ય નશીલો પદાર્થ ગાંજો મળી આવ્યો હતો. એસઓજી પોલીસ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહી દરમિયાન ૯૩,૧૦૦ની કિંમતનો ગાંજો, નાની મોટી ૨૭૭ ઝીપ બેગ, ૫૦,૦૦૦ રૂપિયાનો મોબાઇલ ફોન, વજન કાંટો એમ કુલ મળીને ૧.૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો. આ કેસમાં આરોપી સામે એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ મુજબ ગુનો નોંધવામાં આવ્યો હતો. ■

# અમરેલીમાં દલખાણિયા રેન્જમાં વધુ એક સિંહનું મોત

## શંકાસ્પદ હાલતમાં મૃતદેહ મળી આવ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગીર વિસ્તારમાં સિંહના મોતનો સિલસિલો યથાવત છે. ફરી એક વખત અમરેલી જિલ્લામાં આવેલ દલખાણિયા રેન્જમાંથી એક સિંહનો મૃતદેહ મળી આવ્યો હતો. શંકાસ્પદ હાલતમાં સિંહનો મૃતદેહ મળી આવતા વન વિભાગ દોડતું થઈ ગયું હતું. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે સિંહના મૃતદેહનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવ્યો હતો. પીએમ રિપોર્ટ બાદ સિંહના મોતનું ચોક્કસ કારણ જાણવા મળશે તેવું વન વિભાગે જણાવ્યું હતું. ધારી ગીર પૂર્વ ડિવિઝનના ડીસીએફ વિકાસ યાદવ દ્વારા સિંહના મોતની પુષ્ટિ કરવામાં આવી હતી. પરંતુ સિંહના શંકાસ્પદ મોત મામલે વન વિભાગ દ્વારા તપાસ શરૂ કરી દેવામાં આવી હતી. સૂત્રો દ્વારા એવી પણ વિગતો મળી કે, વન વિભાગની ટીમ ઘટનાસ્થળે મોંડે મોંડે પહોંચી હતી. દલખાણિયા રેન્જના આઈએફઓ કલાકો પછી પહોંચતા સિનિયર અધિકારીઓમાં પણ નારાજગી જોવા મળી હતી. દલખાણિયા રેન્જમાં વન વિભાગ દ્વારા ઓછું પેટ્રોલિંગ કરવામાં આવે છે તેવો પણ કકળાટ શરૂ થયો છે. આ પહેલા પણ સિંહોના શંકાસ્પદ મોત મામલે જે સેમ્પલ લેવામાં આવ્યાં હતા તેનો રિપોર્ટ રાજ્ય સરકાર દ્વારા હજી સુધી જાહેર કરવામાં આવ્યો નથી. ■

# ભાવનગરમાં વરતેજમાં મોહરમ નિમિત્તે તાજીયાના ભવ્ય જુલૂસ સાથે કોમી એકતા અને માનવસેવાનો અનોખો સંદેશ

## અંદાજિત ૧૦૦ બોટલ રક્તદાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના વરતેજ ખાતે ઘાંચી જમાતના આયોજન હેઠળ મોહરમ નિમિત્તે તાજીયાના ભવ્ય જુલૂસનું શ્રદ્ધા, શાંતિ અને ધાર્મિક ભાવના સાથે આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમમાં સમસ્ત મુસ્લિમ કસ્બા જમાતના આગેવાનો, વિવિધ સમાજોના પ્રતિનિધિઓ તેમજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ અને નાગરિકોએ ઉત્સાહભેર હાજરી આપી હતી.

મોહરમના પવિત્ર અવસરને માત્ર ધાર્મિક કાર્યક્રમ પૂરતો મર્યાદિત ન રાખતા આયોજકોએ માનવસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. ભાવનગર સર ટી હૉસ્પિટલ માટે યોજાયેલા વિશાળ બ્લડ ડોનેશન કેમ્પમાં યુવાનો અને સમાજજનો દ્વારા ઉત્સાહપૂર્વક રક્તદાન કરવામાં આવ્યું હતું, જેમાં અંદાજિત ૧૦૦ બોટલ રક્ત એકત્રિત થયું હોવાનું આયોજકો દ્વારા જણાવાયું હતું. આ રક્તદાન અનેક જરૂરિયાતમંદ દર્દીઓ માટે જીવનદાયી બનશે.

જુલૂસના સમગ્ર રૂટ પર વિવિધ કમિટીઓ અને સેવાભાવી કાર્યકરો દ્વારા ઠંડા પીણા, પાણી, શરબત તથા અન્ય ખાણી-પીણીના સ્ટોલ ઉભા કરી શ્રદ્ધાળુઓ અને મહેમાનોની સેવા કરવામાં આવી હતી. સમગ્ર આયોજનમાં સેવાભાવ, શિસ્ત અને સુચારુ વ્યવસ્થાનું સુંદર દશ્ય જોવા મળ્યું હતું. ■

# ભાવનગરના તળાજાના જુનારાજપરા ગામે માતાનું ચાર માસની દીકરી સાથે અગ્નિસ્નાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના તળાજા તાલુકાના રાજપરા(જુના) ગામે આજે સવારે એકમાતા એ પોતાની ચારમાસની દીકરી સાથે અગ્નિસ્નાન કરી લીધું હતું. ભાવનગર સારવાર દરમિયાન બંનેએ અંતિમ શ્વાસ ગણી લીધા હતા. લગ્નના પાંચ વર્ષમા સંતાનમાં બે દીકરીઓ અવતરી હતી. પરિણીતાનું પિયર નજીકનું ગોપનાથ છે. જોકે પરણીતાનો પરિવાર ઘણા સમયથી જ રાજપરા ગામમાં જ રહેતો હોય ગામમાં સાસરિયું અને પિયુરિયું હતું.

અરેરાટી ઉપજાવતા બનવાની દાઠા પોલીસ પાસેથી મળતી વિગતો મુજબ રાજપરા ગામના શ્રમિક પરિવારના અરવિંદ નાથાભાઇ ભાલીયાના પત્ની દક્ષાબેન (ઉ.વ.૨૬) એ સવારે અંદાજે ૮.૩૦ ના સુમારે પોતાની બે દીકરી પૈકીની નાની ૪ માસની ત્રીશા ને સાથે રાખી અગ્નિસ્નાન કરી લીધું હતું. જે સમયે દક્ષાબેનએ દીકરી ને સાથે રાખી અગ્નિસ્નાન કરી લીધું ત્યારે પતિ બહાર શેરીમાં બેઠા હતા અને સાસુ નજીકમાં મરણોતરની પાણીઢોળની વિધિ હતી ત્યાં ગયા હતા.

માતા-પુત્રીને ભાવનગર સારવાર અર્થે લઈ જવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન બંનેએ મોતની ચાદર ઓઢી લીધી હતી.પોલીસ ની પ્રાથમિક પૂછપર માં આત્મહત્યા નું સચોટ કારણ જાણમાં આવ્યું નથી. હાલ પૂરતું મહિલાના મોસાળ પક્ષના લોકોએ પણ કોઈ આરોપ લગાવ્યો નથી.પોલીસની તપાસમાં ગઈકાલે રાત્રે જ મહેમાનો આવ્યા હતા ને સવારે અંતિમ પગલું ભરી લેનાર પરણીતાએ બધા માટે ભોજન બનાવ્યું ત્યારે પણ કોઈ અણસાર આવ્યો ન હતો.છતાંય આજે અચાનક જ મહિલાએ પાચ જ વર્ષના લગ્ન જીવનના ફળસ્વરૂપે અવતરેલી બે દીકરીઓ માંથી નાનીદીકરી સાથે જાત શા કારણે જલાવી દીધી તે દાઠા પોલીસ માટે તપાસનો વિષય છે.

પોલીસે એફએસએલ સહિતની મદદ લીધી છે. સ્થળ પરની જે સ્થિતિ છે તે જ્યાં સુધી તપાસ પૂર્ણ ન થાય ત્યા સુધી જેમની તેમજ રહેવા દેવાની સૂચના આપી છે. ■

# ભાવનગરમાં સગીરા પર બળાત્કાર ગુજારનાર ૫૦ વર્ષીય નરાધમને ૨૦ વર્ષની સખત કેદ

## ₹ ૬ લાખનું વળતર ચૂકવવાનો કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના દરેડ ગામે સગીરા પર બળાત્કાર અને પોક્સો એક્ટના ગુનામાં સંડોવાયેલા આરોપીને કોર્ટે ૨૦ વર્ષની સખત કેદની સજા અને પીડિતાને આર્થિક વળતર આપવાનો મહત્ત્વનો ચુકાદો સંભળાવ્યો હતો. આ કેસની વિગતો મુજબ ભાવનગર જિલ્લાના વલ્લભીપુર તાલુકાના દરેડ ગામે ફરિયાદ નોંધાયાના આશરે છ મહિના પહેલા એક શરમજનક ઘટના બની હતી. જેમાં ફરિયાદીની ૧૪ વર્ષ, ૮ મહિના અને ૮ દિવસની સગીર વયની દીકરીને ફોસલાવી, એકલતાનો લાભ લઈ આરોપીએ તેની મરજી વિરુદ્ધ શારીરિક સંબંધ બાંધી જાતીય હુમલો કર્યો હતો. આ સાથે જ નરાધમે એવી ધમકી પણ આપી હતી કે જો આ બાબતે કોઈને પણ વાત કરવામાં આવશે તો સગીરાને તેમજ તેના ભાઈને જાનથી મારી નાખવામાં આવશે. આ ચકચારી ઘટના અંગે વલ્લભીપુર પોલીસ સ્ટેશન ખાતે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ગુનો જાહેર થયા બાદ તપાસ અધિકારીએ ત્વરિત કાર્યવાહી કરી આરોપીની ધરપકડ કરી હતી અને તપાસ દરમિયાન સજ્જડ અને સચોટ પુરાવાઓ એકત્રિત કરીને નામદાર કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસ કોર્ટમાં ચાલવા ઉપર આવતા સરકારી વકીલ ગીતાબા પી. જાડેજા તથા મૂળ ફરિયાદી પક્ષના વકીલ નીતિનભાઈ જી. નાગર દ્વારા ધારદાર દલીલો કરવામાં આવી હતી. કોર્ટે સરકારી પક્ષની અસરકારક દલીલો, આધાર-પુરાવા અને સાક્ષીઓની જુબાનીને ધ્યાને રાખીને આરોપી દેવાયતભાઇ ભોળાભાઇ ખટાણા (ઉં.વ. ૫૦, રહે. દરેડગામ, તા. વલ્લભીપુર, જી. ભાવનગર) ૨૦ વર્ષની સખત કેદ અને રૂ. ૪૨,૦૦૦/- નો રોકડ દંડ ફટકારવામાં આવ્યો છે.ભોગ બનનાર સગીરાને માનસિક અને શારીરિક આઘાત બદલ રૂ. ૬,૦૦,૦૦૦/- નું વળતર ચૂકવવાનો કોર્ટે આદેશ કર્યો છે.આ ગુનાની તટસ્થ અને ઝીણવટભરી તપાસ પાલિતાણાના તત્કાલીન સર્કલ પોલીસ ઇન્સ્પેક્ટર જે.આર. ભાચકન તેમજ વલ્લભીપુર પોલીસ સ્ટેશનના તત્કાલીન પોલીસ સબ-ઇન્સ્પેક્ટર પી.ડી. ઝાલા અને તેમની સાથેના પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી. પોલીસ વિભાગની સચોટ તપાસ અને કાનૂની ન્યાયપ્રક્રિયાના કારણે પીડિતાને યોગ્ય ન્યાય મળ્યો છે. ■

# ભાવનગરના તળાજાના કઠવા ગામે ફળિયામાં સૂતી બાળકીને દીપડો ઉપાડી ગયો

## સદનસીબે બાળકીને સમાન્ય ઈજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: જિલ્લાના તળાજા પંથકમાં દીપડાઓનો વસવાટ વધતો જાય છે, ત્યારે અલંગ નજીકના કઠવા ગામવાડી વિસ્તારમા શ્રમજીવી પરિવારની બાળકી ફળિયામાં સૂતી હતી ને દીપડો તેને આવીને ઉપાડી ગયો હતો. પરિવારના સભ્યોને જાણ થતાં જ પળવારનો વિલંબ કર્યા વગર પાછળ દોડી હાંકલા પડકારા કરતા દીપડો બાળકીને મૂકી ભાગી ગયો હતો.

ઇજાગ્રસ્ત બાળકીને તળાજા સરકારી હોસ્પિટલ અને ત્યાંથી ભાવનગર સારવાર માટે લઈ જવામાં આવી હતી.

બનાવ અંગે તળાજાની સરકારી હોસ્પિટલ પરથી મળતી વિગતો મુજબ તળાજાના મૂળ માખણીયા ગામના વતની અને હાલ કઠવાના વાડી વિસ્તારમાં રહેતા શ્રમજીવી પરિવારની દીકરી ખુશી ગૌતમભાઈ પરમાર ઉ.વ.૫ ફળિયામાં સૂતી હતી. આ સમયે દીપડો આવી ને સૂતેલી ખુશીને ઉઠાવીને ભાગ્યો હતો. તેને પગલે ખુશી સાથે રહેલા અન્ય બાળકો દેકારો કરવા લાગતા પરિવારજનો દોડીને બહાર આવ્યા ને પાછળ દોડી હાંકલા પડકારા કરવા લાગતા દીપડો બાળકીને મૂકીને ભાગી ગયો હતો.

બાળકીને સામાન્ય ઇજાઓ થઈ હોય ૧૦૮ દ્વારા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવેલ હતી. અહીંથી બાળકોના ડોકટર ની સારવાર અને સલાહની જરૂર હોય ભાવનગર રીફર કરવામાં આવી હતી.

બનાવના પગલે તળાજા આરએફઓ સહિત ફોરેસ્ટ કર્મીઓ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. ફોરેસ્ટે જણાવ્યું હતુ કે આ વિસ્તારમાં દીપડાને પાંજરે પૂરવા માટે બે દિવસથી કવાયત હાથ ધરવામાં આવી છે.

દીપડો બાળકીને ઉપાડી જવાની ઘટનાએ આ વિસ્તારના શ્રમજીવી પરિવારમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. ■

# ભીમ અગિયારસ કોરી જતાં ભાવનગર જિલ્લાના ખેડૂતોમાં ચિંતાની લાગણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર: સામાન્ય રીતે ભીમ અગિયારસના પવિત્ર તહેવારને વાવણીના શુકનવંતા પ્રારંભ તરીકે જોવામાં આવે છે. આ દિવસોમાં ખેતરોમાં હળ ચાલવા માંડે છે અને ધરતીપુત્રો ઉત્સાહભેર વાવણીની કામગીરીમાં પરોવાઈ જતા હોય છે. પરંતુ આ વર્ષે ભાવનગર જિલ્લામાં ભીમ અગિયારસ સાવ કોરી જતાં અને મેઘરાજાએ હજુ સુધી સત્તાવાર પધરામણી ન કરતાં સમગ્ર જિલ્લાના ખેડૂતોમાં ભારે નિરાશા અને ચિંતાનું મોજું ફરી વળ્યું છે. પૂરતા વરસાદના અભાવે ખરીફ પાકની મોસમ લંબાઈ રહી છે, જેના કારણે જગતનો તાત આશાભરી નજરે આકાશ તરફ મીટ માંડીને બેઠો છે.

મળતી માહિતી મુજબ ભાવનગર જિલ્લમાં દર વર્ષની સરખામણીએ આ વર્ષે વાવણીની કામગીરી નહિવત જેવી જોવા મળી રહી છે. જિલ્લાના મોટાભાગના વિસ્તારોમાં હજુ સુધી વાવણીલાયક વરસાદ થયો નથી. માત્ર એવા જ ગણતરીના ખેડૂતો કે જેમની પાસે પોતાના કૂવા, બોરવેલ અથવા અન્ય કોઈ ચોક્કસ સિંચાઈની સગવડ ઉપલબ્ધ છે, તેઓએ પોતાના જોખમે છૂટક વાવણીનો પ્રારંભ કર્યો છે. જ્યારે વરસાદ આધારિત ખેતી કરતા મોટાભાગના સીમાંત ખેડૂતો હજુ પણ સાર્વત્રિક અને સારા વરસાદની પ્રતીક્ષા કરી રહ્યા છે. દિવસો વીતવા છતાં વાદળો માત્ર આકાશમાં બંધાઈને વિખરાઈ જતા હોવાથી ખેડૂતોના જીવ અદ્ધર થઈ ગયા છે.

બીજી તરફ, પીવાના પાણીની સ્થિતિ અંગે રાહતના સમાચાર એ છે કે ભાવનગર શહેર અને જિલ્લમાં હાલ તુરંત કોઈ મોટો જળસંકટ ઊભો થાય તેવી ગંભીર પરિસ્થિતિ નથી. જિલ્લાના મુખ્ય જળાશયો, મોટા ડેમો તેમજ ગ્રામ્ય વિસ્તારોના ચેકડેમોમાં આગામી સમય ચાલી શકે તેટલો પાણીનો જથ્થો ઉપલબ્ધ છે. વહીવટી તંત્રના મતે તાત્કાલિક ધોરણે પાણીની કોઈ અછત વર્તાય તેવી શક્યતા દેખાતી નથી.

જો કે, જળાશયોમાં પાણીનો પૂરતો જથ્થો હોવા છતાં વહીવટી ક્ષતિઓને કારણે ભાવનગર શહેરમાં નાગરિકોને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. શહેરના અનેક વિસ્તારોમાં પાણી કાપ, અનિયમિત વિતરણ અને ઓછા ફોર્સથી પાણી મળવાની વ્યાપક ફરિયાદો ઊઠી રહી છે. મનપાના વિતરણ તંત્રની ઢીલી નીતિને કારણે અનેક વોર્ડના રહીશો પીવાના પાણી માટે વલખાં મારી રહ્યા છે. સ્થાનિક સ્તરે એવી લોકચર્ચા પણ જોર પકડી રહી છે કે, તાજેતરમાં જ ચૂંટાઈને આવેલા નવા નગરસેવકો હજુ જનતાની આ પાયાની સમસ્યાઓ ઉકેલવામાં પૂરતા સક્રિય સાબિત થયા નથી. ■

# મુંદરાના નાના કપાયાની લેબર કોલોનીમાંથી ૧.૪૦ લાખના ગાંજા સાથે બિહારી યુવકની ધરપકડ

ભુજ: સીમાવર્તી કચ્છ જિલ્લમાં વ્યાપક બનેલા નશીલા પદાર્થોના દૂષણને ડામવા માટે પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહેલા 'નો ડ્રગ્સ ઇન કચ્છ કેમ્પેઇન' અંતર્ગત પશ્ચિમ કચ્છ સ્પેશિયલ ઓપરેશન ગ્રૂપની ટુકડીએ બંદરીય મુંદરા પંથકના નાના કપાયા વિસ્તારમાં આવેલી શ્રમિક વસાહતમાંથી ૨.૮૧૭ કિલોગ્રામ માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે મૂળ બિહારના એક શખ્સની રંગેહાથ ધરપકડ કરવામાં આવી હતી.

ભુજ સરહદી રેન્જના આઈજી ચિરાગ કોરડિયા અને પશ્ચિમ કચ્છ પોલીસ અધિક્ષક વિકાસ સુંડાની સૂચનાથી એસઓજીની ટુકડી મુંદરા વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન એસઓજીના પીઆઈ એ. ડી. પરમાર અને તેમની સાથેના જવાનોને નાના કપાયા ગામની લેબર કોલોનીમાં આવેલી 'ફ્રેશ વેજિટેબલ એન્ડ ફ્રૂટ' નામની દુકાનની પાછળ ઓરડીમાં એક પરપ્રાંતીય શખસ ગાંજાનો જથ્થો છુપાવીને તેનું વેચાણ કરી રહ્યો હોવા અંગેની પૂર્વ બાતમી મળી હતી. બાતમીના આધારે પોલીસે દરોડો પાડીને ત્યાં રહેતા સોનુકુમાર પ્રમોદ મંડલ નામના યુવકની અટકાયત કરવામાં આવી હતી. તપાસ કરતા આરોપી પાસેથી રૂપિયા ૦૧,૪૦,૮૫૦ની કિંમતનો ૦૨.૮૧૭ કિલોગ્રામ ગાંજો અને રૂપિયા ૨૦,૦૦૦ની કિંમતનો એક સ્માર્ટફોન મળી આવ્યો હતો. પોલીસે ડિજિટલ પુરાવા જપ્ત કરી આરોપીની ધરપકડ કરી લીધી હતી. પોલીસની પ્રાથમિક પૂછપરછમાં આરોપી સોનુકુમારે કબૂલાત કરી હતી કે, આ ગાંજાનો જથ્થો તેને ગત શનિવારે બિહારમાં તેના જ ગામનો મિત્ર પંકજકુમાર બિચ્છો મંડલ મુંદરા આવીને સપ્લાય કર્યો હતો. ■